

ઓ ઊંચા, ઊંચા, આકાશ ! તું કાં મ્હને
ઊંચકી લઈને નવ રાખે નિજ અંગમાં ?
( વિધવાનો વિલાપ. પૃ. ૪૧ )

# કુસુમમાળા.

## સંગીતકાવ્યોનો સમુદાય.

'પ્રેમ-ભક્તિ'

રચનાર

### નરસિંહરાવ ભોળાનાથ, બી. એ.

પ્રકાશક

જીવનલાલ અમરશી મહેતા

મેનેજર—પ્રિન્ટિંગવર્ક્સ એન્ડ બુક્સ એજન્સી,

અમદાવાદ.

આવૃત્તિ ચોથી. નકલ ૧૫૦૦.

સંવત્ ૧૯૬૮. ઈ. સ. ૧૯૧૨.

કિમ્મત [illegible] ૩.૩૧।-

આ પુસ્તકની માલિકી સન ૧૮૬૭ ના ૨૫ મા ઍક્ટ પ્રમાણે નોંધેલી છે.

૩૨,૦૩૯

અમદાવાદ

ટંકશાળમાં ધિ અમદાવાદ યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં

મોતીલાલ શામળદાસે છાપ્યું.

32039

# પ્હેલી આવૃત્તિની અર્પણપત્રિકા.

## સાધુચરિત નારાયણ હેમચન્દ્ર !—

શિખરિણી.

ઊઠી જે સ્વચ્છન્દા હૃદયગિરિથી કાવ્યસરિતા,
વહી ચાલી મન્દા કદી, કદી કુદી તેહ ત્વરિતા,
પછી શુષ્કારણ્યે પડી જ સહસા સૅર વિરમી,
કીધા યત્નો કોટિ તદપિ લહરી પાછી ન રમી.

ભમંતો દેશોમાં અજબ કદી જાદૂગર તહિં
ચઢ્યો આવી સાધુ દીઠી સરિત ડૂબી રણ મહિં,
ભણી મન્ત્રો મોઘા કઠણ પથરે દંડ પ્રહર્યો,—
અને જો ! ચાલ્યો ત્યહાં ઊછળી બળવેગે જળઝરો; ૨

ફરી ચાલી પેલી કવિતસરિતા સત્વર રણે,
હજી ના સૂકાઈ;—વદું વદું હું તો ધન્ય તુજને;
તુને સાધુ શો હું ઉપકૃતિ તણો આપું બદલો ?
સમર્પું લે આ એ સરિતલહરી-અર્ઘ સઘળો. ૩

સ્નેહાઙ્કિત નરસિંહરાવ ભોળાનાથ.

# ચોથી આવૃત્તિની પ્રસ્તાવના.

આ કાવ્યોનો સમુદાય પ્રથમ ઇ.સ.૧૮૮૭ માં પ્રગટ થયો હતો; તે પછી ૧૫ વર્ષે બીજી આવૃત્તિ અને ત્હેનાથી પાંચ વર્ષે ત્રીજી આવૃત્તિપ્રગટ થઈ; અને હવેપાંચ વર્ષને અંતરે ચોથી આવૃત્તિ રસિક વર્ગ આગળ મૂકવાનો પ્રસંગઆવ્યોછે. આમ પચીસ વર્ષમાં ત્રણ આવૃત્તિયો થઈ તે ઉપરથી કવિત્વસાહિત્યની અભિરૂચિનો પ્રજામાં વેગ માપવો એ, અન્ય સાધનોના દર્શનથી, અનુચિત ગણાશે. પરંતુ આ કાવ્યસમુદાયને રસિક વર્ગ તરફથી સત્કાર મળેછે તે માટે તો આનન્દપૂર્વક આભાર જ માનવો એ કર્તવ્ય છે.

પરંતુ આમ કરવાની સાથે બે એક વ્યક્તિયોની ક્ષમા માગવાની જરૂર છે. આજથી અઢી ત્રણ વર્ષ ઉપર વર્તમાનપત્રોમાં રાજકોટની સાહિત્યપરિષદ્‌ના પ્રમુખપદ બાબત ઉકળાટભરી ચર્ચા ચાલી રહી હતી તે પ્રસંગે એક પારસી ગૃહસ્થે એમ સ્થિતિદર્શન કર્યું હતું કે—“ રા. નરસિંહરાવની કવિતા હવે લોકોમાં રુચિ ઉત્પન્ન કરતી નથી; હેમની કવિતાનો કાળ હવે ઊતરી ગયોછે.”—કાંઈક આ તાત્પર્યનાં વચનો એ ગૃહસ્થના ચર્ચાપત્રમાં હતાં. એ ગૃહસ્થની આજ મ્હારે પ્રથમ ક્ષમા માગવી જોઈશે. કેમકે

હેમને મન "ફેશન"માંથી ઊતરી ગયેલો પદાર્થ ફરીથી રજૂ કરવાની ધૃષ્ટતા આજ હું કરુંછું. બાકી ગુજરાતની સાહિત્ય-રસિક પ્રજાને કવિતાના વિષયમાં પણ "ફેશન"ની પૂજનારી ચંચલ વૃત્તિની નારીની કક્ષામાં મૂકવાનું અપમાન હું તો નહિં કરું. તેમ જ કવિત્વનાં સનાતન સ્વરૂપો અને આત્મતત્ત્વો કાળના ફેરફારોને વશ હોય એ પણ માનતે સંકોચ લાગેછે. પછી આ કાવ્યસંગ્રહમાં સ્થાયી કવિત્વના અંશો નહિં હોય તો ભલે તે યોગ્ય વિસ્મરણના અન્ધકાર-માં ડૂબી જાઓ. તે માટે ખેદ વ્યર્થ જ થશે; અને તે ખેદ કરવાનો સમય હજી નથી આવ્યો એટલું આશ્વાસન છે.

ઉપરના પ્રસંગના કેટલાક માસની પૂર્વે એક મ્હારા તરુણ મિત્રે એક માસિકમાં અમુક વર્ષના ગુજરાતી સાહિત્યનું સિંહાવલોકન કરતાં મ્હારી એકંદર કવિતા ઉપર દોષૈકદર્શી અને વૃથા આરોપો ખડક્યા હતા, અને ભવિષ્યમાં એ વિશે સવિસ્તર ચર્ચા કરી "રા. રમણભાઈ તથા નરસિંહરાવે" કવિતા સંબન્ધી ભૂલ્યભરેલા સિદ્ધાન્તો ફેલાવ્યાછે ત્હેનું ખંડન કરવાનું વચન પણ આપ્યું હતું. એ મિત્રે હજી સૂધી એ વચન પાળ્યું નથી, તેમ જ મ્હારી કવિતા ઉપર મૂકેલા આક્ષેપોનું સમર્થન કર્યું નથી, તેથી મ્હારે સુધરવાનો માર્ગ

હાલ તો નથી; એટલે એ યુવકની પણ ક્ષમા માગીને જ હાલ સંતોષ માનુંછું.

બાકી એટલું તો જમાનાનાં ચિહ્નોમાંથી દર્શન થાય છે ખરું કે (pseudo-Sufism) કૃત્રિમ સૂફીવાદનો લેબાશ પ્હેરનારી કવિતા હમણાં હમણાં સાહિત્યના બજારમાં સ્હેલી હોવાની સાથે સસ્તી થઈ છે; તેમ જ દેશાભિમાન વગેરે સંકુચિત ભાવોનાં ગાનો લોકોનાં અન્તઃકરણને, ખુશામદની મારફતે, આકર્ષણ કરતાં થયાંછે. દેશાભિમાનનો વિષય કવિત્વના વ્યાપારમાં પ્રવિષ્ટ ના થાય એમ ક્હેવાનો હેતુ નથી. પરંતુ પરમ પિતાની વિસ્તીર્ણ માનવ પ્રજાનાં જીવનતત્ત્વોની આગળ એ વિષય નિર્વિવાદ રીતે સંકુચિત જ ગણાશે; તેમ કવિતા એ વિષયને સમર્થ રીતે છેડી સકે તે પ્રસંગો અને પ્રકારો વિરલ જ છે; કવિતાના ચિરસ્થાયી વિષયો–માનવહૃદયનાં અને સૃષ્ટિનાં ઊંડાણો અને સંચલનો—તે તો કવિત્વનાં સનાતન તત્ત્વો જોડે નિરંતર જોડાયલાં હોઈ એ વિષયની કવિતા સર્વકાલીન થવાને પાત્ર ગણાશે. રસિક વર્ગ આગળ આ ચોથી વાર રજૂ કરવામાં આવતાં કાવ્યોમાં એ યોગ્યતા અલ્પાંશે પણ હશે તો હું સુભાગ્ય ગણીશ; નહિં હોય તો, ઉપર કહ્યું તેમ ભલે એ વિસ્મરણના અન્ધકારમાં વિલીન થાઓ!

એક ન્હાની વાતનો ખુલાસો આજ ઉમેરવો ઇષ્ટ લાગે છે. આ કાવ્યસંગ્રહ પ્રથમ પ્રગટ થયો તે વખતે પ્રસ્તાવનામાં તેમ જ મુખપૃષ્ઠ ઉપર 'સંગીત કાવ્યો' એ શબ્દ મ્હેં યોજ્યો હતો. તે શબ્દની યોગ્યાયોગ્યતાની પરીક્ષા કરી એ શબ્દ તરફ રા. રમણભાઈ મહીપતરામે અરુચિ દર્શાવી હતી.* આ વિશે વિસ્તારથી ચર્ચા સ્વતન્ત્ર લઘુ લેખમાં કરવાની હું ઇચ્છા રાખું છું;§ આહિં લંબાણ અને અપ્રાસંગિકતા અનિષ્ટ છે. આ સ્થળે માત્ર એટલું જ કહુંછું કે 'સુબોધચિન્તામણિ'ના વિવેચનમાં† તેમજ 'કાન્તા' નાટકના વિવેચનમાં‡ સ્વ. નવલરામભાઇયે 'સંગીત કવિતા' શબ્દ lyric ના અર્થમાં વાપર્યો જણાયછે, તે તરફ મ્હારું લક્ષ એ એક માસ ઉપર ગયું. મ્હેં શબ્દ યોજ્યો તે વખતે નવલરામભાઇયે યોજેલા શબ્દના સંસ્કાર મ્હારા મગજમાં હશે કે કેમ તે પૃથક્કરણ કરવું અશક્ય છે. ગમે તેમ હો, પરંતુ એ શબ્દયોજનાને નવલરામભાઇ તરફથી સ્વતન્ત્ર રીતે પુષ્ટિ મળેછે.

સતારા જિલ્લો
તા. ૨૨-૧-૧૨. } **નરસિંહરાવ ભોળાનાથ.**

---

* "કવિતા અને સાહિત્ય" પૃ. ૨૧ જુવો.

§ સંગીત કાવ્ય અને સંગીતને સંબન્ધે 'સંગીતમંજરી' ના સંગ્રાહક રા. હિ. ગ. અંજારિયાએ પોતાના ઉપોદ્‌ઘાતમાં કેટલીક અવ્યવસ્થા ઉપજાવનારી શબ્દયોજના તથા ચર્ચા કરેલી છે. તે પણ ઉપર કહેલા લઘુ લેખમાં તપાસવાની ઉમેદ રાખું છું.

† નવલગ્રન્થાવલિ ભાગ ૨ જો પૃ. ૨૨૫મું જુવો.

‡ નવલ ગ્રન્થાવલિ ભાગ ૨ જો પૃ. ૧૮૮મું જુવો.

## ત્રીજી આવૃત્તિની પ્રસ્તાવના.

આ આવૃત્તિનો પ્રસંગ કાંઈક વ્હેલો આવ્યો તેથી ગુર્જર પ્રજાનો આભાર માનવો જોઈશે.

બીજી આવૃત્તિમાં અને આ આવૃત્તિમાં મહત્ત્વના ફેરફાર કશા નથી. માત્ર એક બે કાવ્યોનાં નામ ફેરવ્યાંછે. 'માનવબુદ્બુદ' (પૃ. ૨૨), અને 'પ્રેમીજનનો મંડપ' (પૃ. ૫૫), એ બે નામો અસલનાં દીર્ઘસૂત્રી નામને બદલે મૂક્યાંછે તેથી સુગમતા થશે.

લેખનપદ્ધતિમાં આ કાળના મ્હારા કાયમ જેવા થયેલા વિચાર પ્રમાણે કવચિત્ ફેરફાર કર્યોછે, તે તરત જણાઈ આવશે.

ઈ. સ. ૧૯૦૭. નરસિંહરાવ ભોળાનાથ.

---

## બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

કુસુમમાળાની પ્રથમ આવૃત્તિ છપાયા પછી ચોદે વર્ષે બીજી આવૃત્તિ કાઢવાનો પ્રસંગ આવ્યોછે. કેટલીક મુદતથી એ પુસ્તક માટે માગણી ઘણે સ્થળેથી થવાને લીધે બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરવાનો નિશ્ચય કરતાં ત્હેમાં જરૂર જેટલા ફેરફાર કરવા આવશ્યક લાગ્યા. મહત્ત્વના ફેરફાર કશા નથી. જોડણી સુવ્યવસ્થિત કરીછે, તથા કેટલાક શબ્દોના ફેરફાર કર્યાછે.

મુખપૃષ્ઠ સ્હામે એક ચિત્ર ઈંગ્લાંડમાં કરાવીને મૂક્યુંછે તે પુસ્તકના બાહ્યસ્વરૂપમાં આકર્ષણ ઉમેરશે એમ આશા છે. કીમતમાં ફેરફાર આ ઉમેરો છતાં પણ કર્યો નથી.

ઇ. સ. ૧૯૦૨.　　　　નરસિંહરાવ ભોળાનાથ.

---

## પ્હેલી આવૃત્તિની પ્રસ્તાવના.

આ ન્હાના પુસ્તકને મ્હોટી પ્રસ્તાવના કરી "માથા કરતાં મ્હોટી પાઘડી" પ્હેરાવવાની જરૂર નથી તેમ ઇચ્છા પણ નથી. તેથી ફક્ત હામાં આવેલી કવિતાનો ઉદ્દેશ, સ્વરૂપ, ગોઠવણ, વગેરેને સંબન્ધે અવશ્યના બે બોલ બોલી બંધ રહીશ.

કવિતાનું ખરું સ્વરૂપ શું, આપણા આ દેશની કવિતાની પદ્ધતિથી કાંઈક જુદી પદ્ધતિની પાશ્ચાત્ય દેશની કવિતા કે'વી લખાયછે, હેનો પરિચય શુષ્ક વિવેચનની ચર્ચાથી નહિ પણ ઉદાહરણથી જ ગુર્જર પ્રજાના સુજ્ઞ વાચકવર્ગને કરાવવો, તથા ત્હેવી કવિતા તરફ ત્હેમની રુચિનો પ્રવાહ ચલાવવો, એ ઉચ્ચગ્રાહી ઉદ્દેશથી આ ન્હાનાં સંગીતકાવ્યનો સમુદાય પ્રગટ કર્યોછે. તે ઉદ્દેશ સફળ થવો ન થવો અદૃષ્ટાધીન છે.

મ્હોટે અંશે આ બધાં *સંગીતકાવ્યો છે. ગોઠવણનો ક્રમ,—†ધ્યાનાત્મક સંગીત, ‡રસાત્મક સંગીત, §વર્ણનાત્મક કાવ્ય,—એમ કાંઇક છે. પછી માંહિ પેટાભેદના ક્રમ ઝીણા છે તે ચતુર વાંચનારને જણાઈ આવશે જ.

કાવ્યોમાં શબ્દોની લેખનપદ્ધતિ ચાલૂ શાળાની અવ્યવસ્થિત પદ્ધતિથી કાંઇક ભિન્ન માર્ગે જતી છે. પરંતુ તે વ્યુત્પત્તિ તથા ઉચ્ચારને અનુસરીને અમુક નિયમાનુસાર છે એટલું જ આ સ્થળે કૂહેવું બસ છે. કાવ્યોમાં વિરામાદિકનાં ચિહ્ન, ચરણના માપને અર્થે ન મૂકતાં, વાક્યાર્થના સંબન્ધને અનુલક્ષીને મૂક્યાંછે, તેથી અર્થ કાંઇક સુગમ થશે હેવી આશા છે.

અન્તે કાવ્યો ઉપર થોડી ટીકા આપીછે, તે ઉપરથી અર્થ કોઇ કોઇ ઠેકાણે સંશયગ્રસ્ત હશે ત્હાં સ્પષ્ટ થશે હેવી આશા છે.

૧૮૮૭. નરસિંહરાવ ભોળાનાથ.

---

* સંગીતકાવ્ય=Lyric.

† ધ્યાનાત્મક સંગીત=Meditative Lyric.

‡ રસાત્મક સંગીત=Pathetic Lyric

§ વર્ણનાત્મક કાવ્ય=Descriptive Poem.

# અનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| મંગલાચરણ. ... ... ... ... ... ... | ૧ |
| અવતરણ. ... ... ... ... ... ... | ,, |
| સહસ્રલિંગ તળાવના કોઠા ઉપરથી પાટણ... ... ... | ૩ |
| કાળચક્ર. ... ... ... ... ... ... | ૪ |
| અમૃતત્વસિન્ધુ.... ... ... ... ... ... | ૫ |
| ગિરિશૃઙ્ગ ... ... ... ... ... ... | ૬ |
| દિવ્યમન્દિર તથા લેખ. ... ... ... ... ... | ૭ |
| વિનીતતા. ... ... ... ... ... ... | ૯ |
| નદીકિનારે. ... ... ... ... ... ... | ,, |
| સરોવરમાં ઊભેલો બગ.... ... ... ... ... | ૧૨ |
| દિવ્ય ટહુકો. ... ... ... ... ... ... | ૧૨ |
| ગર્જના. ... ... ... ... ... ... | ,, |
| સરિત્સંગમ. ... ... ... ... ... ... | ૧૩ |
| મેઘવૃષ્ટિવાળી એક સાંઝ.... ... ... ... ... | ૧૫ |
| લાગટ વૃષ્ટિ પછી એક સ્હવારનો સમય. ... ... ... | ૧૭ |
| એક અદ્ભુત દેખાવ. ... ... ... ... ... | ૧૮ |
| દિવ્ય કાવ્ય. ... ... ... ... ... ... | ૧૯ |
| અનુત્તર પ્રશ્ન. ... ... ... ... ... ... | ૨૧ |
| માનવબુદ્બુદ. ... ... ... ... ... | ૨૨ |
| અસ્થિર અને સ્થિર પ્રેમ ... ... ... ... | ૨૩ |

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| પ્રેમસિન્ધુ ... ... ... | ૨૭ |
| પ્રેમનાં સ્વરૂપ. ... ... ... | ૨૮ |
| પ્રેમ. ... ... ... ... | ૨૯ |
| 'બહુરૂપ અનુપમ પ્રેમ ધરે.' ... ... | ૩૦ |
| આનન્દઓવારા. ... ... ... | ૩૧ |
| કવિનું સુખ. ... ... ... | ૩૨ |
| ફૂલની સાથે રમત... ... ... ... | ૩૩ |
| કરેણા. ... ... ... | ૩૪ |
| આશાપંખીડું. ... ... ... | ૩૫ |
| વિધવાનો વિલાપ. ... ... ... | ૩૮ |
| નદનદીસંગમ. ... ... ... | ૪૩ |
| કર્તવ્ય અને વિલાસ. ... ... ... | ૪૫ |
| વિપદમાં ધારણ કરનાર બળ. ... ... | ૪૭ |
| મિશ્ર થયેલી બે છાયા. ... ... ... | ૪૮ |
| સુસ્કારોદ્બોધન. ... ... ... | ,, |
| લગ્નસમયે એક કુસુમપાત્રની ભેટ મોકલતાં.... ... | ૫૧ |
| અભિનન્દનાષ્ટક. ... ... ... | ૫૩ |
| ત્હારી કાન્તિ પ્રેમ અને આત્મા. ... ... | ૫૪ |
| પ્રેમીજનનો મંડપ... ... ... ... | ૫૫ |
| વસન્તની એક સાંઝ. ... ... ... | ૫૭ |
| ગાનસરિત. ... ... ... ... | ૫૮ |
| મ્હારી છબી નથી ... ... ... ... | ૬૦ |
| ઉનાળાના એક બપોરનું સ્મરણ... ... ... | ૬૨ |
| શિયાળાનું એક સ્હવાર ... ... ... | ૬૩ |

| વિષય. | પૃષ્ઠ. |
| --- | --- |
| કોયલનો ટહુકો ... ... ... ... | ૬૫ |
| મધ્યરાત્રિયે કોયલ ... ... ... ... | ૬૬ |
| રાત્રિયે કોયલ ... ... ... ... | ૬૭ |
| વસન્તમાં એક સ્હવારનો સમય ... ... ... | ૬૮ |
| હૃદયપ્રતિબિમ્બ... ... ... ... ... | ૬૯ |
| એક નદી ઉપરે અજવાળી મધ્યરાત્રિ. ... ... | ૭૧ |
| ટેકરિયોમાં એક સાંઝનો સમય ... ... ... | ૭૨ |
| કોયલ ... ... ... ... | ૭૪ |
| રાત્રિ ... ... ... ... | ૭૫ |
| સૂર્યોદય ... ... ... ... | ૭૭ |
| સન્ધ્યા ... ... ... ... | ૭૮ |
| મેઘાડમ્બર ... ... ... ... | ૮૦ |
| લાગટ હેલી ઊઘડતી વખતની રચના. ... ... | ૮૨ |
| મેઘગર્જના ... ... ... ... | ૮૫ |
| પ્રભાત ... ... ... ... | ૮૬ |
| મેઘ ... ... ... ... ... | ૮૭ |
| ચંદા ... ... ... ... | ૯૧ |
| અવસાન... ... ... ... ... | ૯૭ |
| ટીકા ... ... ... ... ... | ૯૯ |

# નરસિંહરાવ ભોળાનાથનાં પુસ્તકો.

( દરેકનું પોસ્ટેજ જુદું. )

| નામ. | કિમ્મત. | મળવાનું ઠેકાણું. |
| --- | --- | --- |
| કુસુમમાળા. (સચિત્ર આવૃત્તિ ચોથી) | ૦—૮—૦ | પ્રાન્ટંગવર્કઍન્ડબુક્સએજન્સી, સિવલઇરિપતાળપાસે, અમદાવાદ. |
| હૃદયવીણા— (આવૃત્તિ બીજી) | ૧—૦—૦ | એન. એમ. ત્રિપાઠીની કંપની પ્રિન્સેસસ્ટ્રીટ; કાલબાદેવીરોડ મુંબાઇ. |
| અબલાશ્રુ. (કાવ્ય) | ૦—૧—૦ | |
| પ્રેમાનન્દનાં નાટકો— (નિબન્ધ) | ૦—૬—૦ | નરસિંહરાવ ભોળાનાથ બ્લ્યૂ બંગલો; વાદરા. |
| નવલરામ. | ૦—૨—૦ | "વસન્ત" ઑફિસ, અમદાવાદ. |
| દયા, ક્ષમા અને શાન્તિ | ૦—૨—૦ | પ્રાર્થના મન્દિર, અમદાવાદ. |
| ભક્તિ અને નીતિ. | ૦—૦—૬ | |
| બ્રાહ્મધર્મ. ( અંગ્રેજી) | ૦—૪—૦ | |

છપાવાને તૈયાર છે-થોડા વખતમાં પ્રેસમાં અપાશે.

## નૂપુર ઝંકાર

( નવાં કાવ્યોનો સંગ્રહ. )

હૃદયવીણા—નરસિંહરાવ ભોળાનાથ કનેથી પણ મળશે.

પૃષ્ઠ ૧૨૫ મે **મેઘગર્જન** કાવ્યની ટીકાને છેડે નીચે પ્રમાણે ઉમેરવું:—

પૃષ્ઠ ૧૨ મે 'ગર્જના' નામનું કાવ્ય છે તે અને આ કાવ્ય એક જ સમયે થયેલા સૃષ્ટિદર્શન ઉપરથી પ્રેરાયાં છે; પાયારૂપ વર્ણનના અંશો પણ લગભગ એક જાત્યના છે. પરંતુ આ કાવ્યમાં માત્ર ગર્જનાદિકથી હૃદયમાં થયેલા ઉલ્લાસનું દર્શન છે; તો પેલા 'ગર્જના' કાવ્યમાં સૃષ્ટિદર્શનના ઉપરથી ઉપજાવેલો તત્ત્વચિન્તનનો ભાવ અન્તે આવી બે કાવ્યમાં સ્વરૂપભેદ પાડે છે.

# શુદ્ધિપત્ર.

( માત્ર મહત્ત્વની ભૂલ્યોનું. )

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ. |
|---|---|---|---|
| ૩૬ | ૮ | મૂરખું, | મૂરખું. |
| ૩૯ | ૨ | તરુ પાંદડાં; | તરુપાંદડાં, |
| ૪૮ | ૭ | કૂહેવી | કે'વી |
| ૪૯ | ૨ | ,, | ,, |
| ૫૦ | ૯ | કૂહેવો | કે'વો |
| ૫૩ | ૧૩ | નિત્ય | નિત્ય |
| ,, | ૧૬ | સરિદ્યુગ | નદીયુગ |
| ૫૪ | ૧૬ | કૂહેવી | કે'વી |
| ૫૭ | ૧૦ | જ્યહાં | જ્યહાં |
| ૫૮ | ૭ | વ્હાલી | વ્હાલી |
| ૫૯ | ૧૪ | કડીનો આંકડો નથી ત્યહાં | ૪ એ અંક મૂકવો. |
| ૬૦ | ૧૩ | જ્યહાં | જ્યહાં |
| ,, | ૧૬ | કૂહોને | કો'ને |
| ૬૨ | ૪ | કૂહેવું | કે'વું |
| ,, | ૫ | ઉષા | ઉષા |
| ,, | ,, | હુતી | હૂતી |
| ,, | ,, | જ્યહાં; | જ્યહાં ! |
| ,, | ૬ | રુડી | રૂડી |
| ,, | ૧૨ | ઉષાએ | ઉષાએ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૩ | ૧ | ત્ય્હાં | ત્યહાં |
| ૭૦ | ૧૧ | સમે | રમે |
| ૭૧ | ૬ | ચોકોં | ચૉકોં |
| ૭૨ | ૧૦ | ઊભાં | ઊૅભાં |
| ,, | ૧૪ | શન્યતા | શૂન્યતા |
| ૭૫ | ૭ | સાળુ | સાળૂ |
| ,, | ૧૧ | મ્હોંડયો | મ્હોડયો |
| ,, | ,, | મ્હોડયો | મ્હોડયો |
| ૭૬ | ૧૭ | ઉપા | ઉપા |
| ૭૮ | ૪ | પ્રગટ | પ્રગટી |
| ૭૯ | ૧૦ | ભૂલ્યો | ભૂલ્યો |
| ૮૦ | ૧૪ | રુડીં | રૂડીં |
| ૮૧ | ૧૦ | સેર | સૅર |
| ,, | છેલ્લેથી બીજી | સુમ્ખતા | સુમ્ખતી |

૮૨ તથા ૮૩ માં જ્યહાં જ્યહાં ધો—છે—ત્યહાં ધૌ વાંચવું.

| | | | |
|---|---|---|---|
| ૮૩ | ૨ | ઝૂકી | ઝૂૅકી |

,, કડી ૧૦નો અંક પ્રથમ પંક્તિમાં છે તે બીજીની સ્હામે મૂકવો.

| | | | |
|---|---|---|---|
| ,, | ૧૪ | રે. | રે |
| ૮૪ | ૩ | વિરાજો | વિરાજે |
| ,, | ૧૧ | રે; | રે, |
| ૮૫ | ૨ | પે'લીં | પેલીં |
| ૮૬ | ૨ | ઊંઠે | ઊંઠે |
| ૮૭ | ૪ | પ્હોહતાં | પ્હોડતાં |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ,, | કડી ૨ નો આંકડો ત્રીજી પંક્તિ સ્હામે છે તે ચોથી સ્હામે મૂકવો. | | |
| ૮૭ | કડી ૩ નો આંકડો ત્રીજી પંક્તિ સ્હામે છે તે ચોથી સ્હામે મૂકવો. | | |
| ,, | ૧૨ | ઓગાળતો | ઑગાળતો |
| ,, | ૧૭ | ઊજળું, | ઊજળું. |
| ,, | ફુટનોટ | શેલી | શૅલી |
| ,, | ,, | ન્હાના—એ શબ્દ કાઢી નાંખવો. | |
| ૮૮ | ૧૬ | મહિં | મહિં |
| ,, | ૧૭ | ફેલવે | ફેલવે |
| ,, | ૧૮ | ઉગતો | ઊગતો |
| ૮૯ | ૭ | ઊંચે | ઊંચે |
| ,, | ૧૧ | હું, | હું! |
| ,, | ,, | કોઈ | કોઇ |
| ,, | ૧૨ | મારી | માહરી |
| ,, | છેલ્લી | તહિં તહિં | તહિં તહિં |
| ૯૧ | ૬ | ઘો | ઘા |
| ,, | ૧૬ | ઊઠું | ઊઠું, |
| ૯૨ | ઠેકઠેકાણે 'કરૂં', 'મ્હારૂં', ઇત્યાદિ-છે ત્હાં 'રૂં' ને બદલે 'રું' કરવું. | | |
| ,, | ૧૦ | કરું | ફરું |
| ,, | છેલ્લી | પીંધી ? | પીંધી ?— |
| ૯૩ | ૧૫ | સેજ | સૅજ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૫ | ૧ | ખાખીં | ખાતીં |
| ,, | ૧૭ | ગૂંથી | ગૂંથી |
| ૯૬ | ૪ | રોજે | સેજે |
| ,, | ૯ | કોઈ કોઈ | કોઇ કોઇ |
| ૯૭ | ૧૨ | જઈ !— | જઈ ! |
| ૧૦૮ | ૧૬ | કડી. | કડી ૧. |
| ૧૦૯ | ૪ | સુગન્ઘ | સુગન્ધ |
| ૧૧૦ | ૧૫ | પ્રલ | પ્રલય |
| ૧૧૨ | ૨ | ચન્દ્ર— | ચન્દ્ર. |
| ,, | ૫ | તરુવૃન્દમાં | તરુવૃન્દ-તરુવૃન્દમાં. |
| ૧૧૪ | ૧૩ | કવિપણું" | કવિપણું". |
| ૧૨૧ | ૧૧ | જીવાતુ | જીવાતુ |
| ,, | ૧૯ | અધ્યાહુત | અધ્યાહૃત |
| ૧૨૨ | ૧ | ઈતિર | ઇતર |
| ૧૨૪ | ૨૧ | अर्कान्नुवासो। | अर्कान्नुवासां |
| ,, | ૨૨ | वृयुनांनि | वयुनांनि |
| ૧૨૫ | ૩ | र्व्येश्वंत् | र्व्यश्वेत्. |

આ શિવાય—નેન, કોણ, કોયલ, પ્હેલો (-લી-લું) ઘેલો (-લી-લું) વ્હેલો (-લી-લું) એ શબ્દો જ્યહાં જ્યહાં હોય ત્ય્હાં ત્ય્હાં પ્રથમ અક્ષરમાં અવળી માત્રા ના હોય તો કરી લેવી. 'રુડું' હોય ત્ય્હાં 'રૂડું' વાંચવું અને પદાર્થ લઘુતાનું ચિહ્ન મૂકવું.

## મંગલાચરણ.

શાર્દૂલ વિક્રીડિત

નાચે ગાન કરી અમીનું ઝરણું, જ્હાં પાન પ્રેમે કરે
કોડીલા કવિયો, અને અમૃત તે સત્કાવ્યમૂર્તિ ધરે,
જેને દિવ્યવને રમે ઝરણું એ, તે શારદા મુજને,
આપો એકજ બિન્દુ એ ઝરણનું, એ માગું ત્હેની કને.

---

## અવતરણ.

તોટક.

રમતાં ભમતાં કદી દિવ્યવને,
ફુલડાં જડિયાં રુડલાં મુજને,
બહુ વેળ રહ્યાં પડી મુજ કને,
ગૂંથી આજ દઉં રસિકો! ત્હમને. ૧

બહુ વેળ રહ્યાં પણ દિવ્ય બધાં
ન ગયાં કરમાઈ, ખીલ્યાં બમણાં,
સહુ તેતણી આજ વિવેકગુણે
ગૂંથી માળ દઉં રસિકો! ત્હમને. ૨

મૃદુ ગન્ધ મનોહર કોઇ વિશે,
વળી ઉત્કટ ગન્ધ બીજે વિલસે,
વળી કોમહિં ગન્ધ ગભીર સુવે,
ગણિયા નહિં જાય અહિં સહુ એ. ૩

વળી રંગ અનેક, ઝીણા, કુમળા,
વળી દીસ, ગભીર, અને વિમળા,
રમતા વિવિધે ફુલડે સઘળા,
મળી નેન હિયે સુખ તે રસીલા. ૪

ઋતુ સર્વતણાં ફુલડાં ખીલિયાં,
તહિં એક સમે સઘળાં મળિયાં,
સહુ તેહની માળ વિવેકગુણે,
રસિકો ! ગૂંથી આજ દઉં ત્હમને. ૫

સહુ રંગ ભળે અનુકૂળ રીતે,
વળી ગન્ધવિરોધ કહિં ન પીડે,
ત્યમ એ કુસુમોતણી આજ દિને
ગૂંથી માળ દઉં રસિકો ! ત્હમને. ૬

# કુસુમમાળા.

## સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ.

રોળાવૃત્ત. અહિંયાં સહસ્રલિંગ તળાવ વિશાળું હૂતું,
અહિંયાં પાટણ જૂનું આહિં આ લાંબું સૂતું,
અહિંયાં રાણીવાવ્યતણાં આ હાડ પડેલાં,
મ્હોટા આ અહિં બુરજ મળ્યા માટીના ભેળા. ૧

એમ દઈ દઈ નામ કરવીં રહીં વાતો હાવાં,
પાટણપુરી પુરાણ ! હાલ તુજ હાલ જ હાવા !
ગુજરાતનો પૂત રહી ઊભો આ સ્થળમાં
કોણ એહવો જેહ નયન ભીંજ્યાં નહિં જળમાં ? ૨

જળ નિર્મળ લઈ વહે કુમારી સરિતા પેલી,
ન્હાસે, પાસે ધસે, લાડતી લાજે ઘેલી,
ઈશ્વરકરુણા ખરે, વહી આ નદીસ્વરૂપે,
સ્મિત કરીં પ્રીતિભરે, ભરે આલિઙ્ગન તુંપેં; ૩

તુંપેં, પાટણ ! દયા ધરંતી એ સૂચવતી,–
ભલે કાળની ગતિ મનુજકૃતિને બૂઝવતી,

મુજ પ્રેમસરિતપૂર વહ્યું જાશે અણખૂટયું,
છો ધનવિભવ લૂંટાય, ઝરણ મુજ જાય ન લૂંટયું. ૪

તોડી પર્વતશૃઙ્ગ મનુજ મદભરિયો મ્હાલે,
જાણે નિજ કૃતિ અમર, ગળે કાળ જ તે કાલ્યે,
ને મુજ તનડું ઘડયું કોમળું પાણીપોચું,
તે તો તેમનું તેમ રહે યુગ અનન્ત મ્હોચ્યું. ૫

---

## કાળચક્ર.

રોળાવૃત્ત. મહાનદીનો ઓઘ ઘુઘવતો ચાલ્યો જાએ,
કાળચક્રનો ત્યહાં પડે ચીલો ન જરા એ;
ગગનચુમ્બી ગિરિરાજ ઘડયો કઠણ પથરાએ,
કાળતણું ત્ય્હાં ચક્ર ઘસાઈ ખાંડું થાએ. ૧

શ્યામ ધરંતો ઊંડું પડયો નભ ભણી નિહાળે
સિન્ધુરાજ ગમ્ભીર ઘોષ કરતો કંઇ મ્હાલે,
કાળચક્ર જે ઘૂમે ન્હાનુંશું ત્હેની નજરે
હુશી મન્દ તે ભણી લગીરે મન તે ન ધરે. ૨

ને છેદી ગિરિશીશ ચણે મન્દિર મ્હોટાં જે,
નિજ આજ્ઞા-અનુસાર ખેંચી નદિયોને ગાજે,

નાચે સાગરપીઠે, ન જાણી મહિમા ત્હેનો,
એશી કાચલા માંહિં, જગતધણી માનવ તે તો,—૩

તે તો માનવરાજ, ઘૂમે જે ગર્વે ભરિયો,
લઈ મન્દિર નિજ સાથ સાથ લઈ નાવનગરિયો,
ચક્ર અડતાં વાંત કાળતણું, થાએ ચૂરો,
ને જાણ્યું નવ જાય જાય ક્ય્હાં ઊડી શૂરો. ૪

---

## અમૃતત્વસિન્ધુ.

રોળાવૃત્ત. અસ્થિર મુજ સુખરંગ, ભૂરો ચિર વ્યોમ પ્રકાસે;
મનુજ ક્ષણિક, ને સિન્ધુ અનન્ત રહેતો ભાસે.
એક સિન્ધુ પણ બીજો, જ્યહાં નહિં તરંગ ચંચળ,
શાન્ત સદા જ્ય્હાં નીર, નહિં જ્ય્હાં વાદળ ધાંધળ; ૧

હેચો ને વળી અમર, સદા આનન્દ-સ્વરૂપે,
જે'માં આ સિન્ધુડું કદી લય પામી ડૂબે;
જ્ય્હારે જાશે ડૂબી ભૂમિ, પર્વત, ને નદિયો;
જ્ય્હારે ગ્રહ, ગ્રહરાજ, તારલા, ને ચાંદલિયો, ૨

જાશે સહુ બૂઝાઈ, મળી જઈ જ્યોત બીજીમાં;
ત્ય્હારે અહિંનો સિન્ધુ જશે ભળી તે જલધિમાં.
તે જલધિમાં બીજી લહરિ કદી કદી સકલાએ,

ચળકે શીળું નૂર તેહનું તે વેળાએ; ૩
તે વેળાએ ત્યહાં થતો રવ કાંઈ ગભીરો,
કો વેળા તે અહિં ભૂમિ લગી આવે ધીરો;
અહિંનો જે ઘોંઘાટ વીંટાઈ ચોગમ વળિયો,
ત્હેમાંથી તે ધીર નાદ કદી મ્હેં સાંભળિયો. ૪

---

## ગિરિશૃઙ્ગ.

રોળાવૃત્ત. ઘોર ઝાડીયે ભર્યું, ઘેરિયું ઘન અંધારે,
ભવવન આ. તે મહિં પથિક બહુ ફાંફાં મારે,
કરે અફળ કંઇ યત્ન અણદીઠું ભાવિ નિરખવા,
રાગ, મોહ, ભ્રમ તણા લઈ કરદીપ નવનવા. ૧

મન્દતેજ એ બધા દીપ માયાવી ચીતરતા
છળદાયી છબિ અનેક, રંગ નશ્વર મહિં ભરતા.
હેવી કપટમય છબિ પૂઠે ધાતા જ ઉમંગે
અથડાતા કહિં પથિક કઠણ તરુથડની સંગે. ૨

ભાગ્યશાળી કો વિરલ ભુલભુલામણી–એ–માંથી
છૂટી ચઢે ગિરિશૃઙ્ગ ઊંચે ને તે પછી ત્યહાંથી
નિરખે લાંબી નજર દૂર પડિયો સાગર જે
અનન્ત ગતિ ગમ્ભીર, ગંભીરું જે વળી ગરજે; ૩

દિવ્ય જેહનું નૂર ચળકતું ચંદ્રા માંહિં,
નિહાળી હેવો ઉદધિ અનુપ આનન્દ જ લાહી,
એ વિરલા જન જુવે માર્ગ ગિરિશિખરથી જાતો
જ્યહાં સુખમય ઉપકણ્ઠ ઉદધિ એ તણો જણાતો. ૪

હા ! ઉન્નત ગિરિશૃઙ્ગ એહ પર ચઢી એકાન્તે
નિહાળું એ ગમ્ભીર ઉદધિને હું મન શાન્તે,
નીચે નિબિડ અરણ્ય, કપટમય ત્ય્હાંની છબિયો,
તજી ધરું નવ લક્ષ તેહ પર ઊંચે ઠરિયો; ૫.

ને નીચે નિજ બન્ધુ ભૂલ્યા જે વનમાં ભમતા
બોલાવી ત્હેમને ઉપર સહુને ધરી મમતા,
સુણાવું સાગરગાન, પન્થ ઉપકણ્ઠ બતાવું,–
હા ! એ મ્હોટી આશ ધારી હઈડું હરખાવું. ૬

---

## દિવ્ય મન્દિર તથા લેખ.

રોળાવૃત્ત. માનવરાજે રચ્યાં મન્દિરો કીર્તિ કાજે,
કાળમહોદધિ મહિં કહિં લુપ્ત થયાં આજે;
કરતા કીર્તિસ્તમ્ભ ઊભા અમર નામ કરવા,
સહસા તે ભૂકમ્પ ગળી લઈ જાતા ગરવા; ૧

ન રહે નામનિશાન, રાનમાં રહે રખડતા,
શિલાખણ્ડ થઈ ચૂર્ણ જગોજગ મૃતસમ પડતા;
અચળ કીર્તિને કાજ કોતરી રાખ્યા લેખો,
ઘસાઈ ભૂંસ્યા આજ દટાયા ધૂળ્યમાં દેખો. ૨

એક અચળ ને ભવ્ય વિશ્વમન્દિર આ ભાસે,
અનુપમ ઘુમ્મટ વ્યોમતણો જે'નો ચોપાસે,
એક **પુરુષ મહાન** તણી એ કીર્તિ ગાએ—
નિરખી સકે રુડી પેર આહિં જન કો વિરલા એ. ૩

વિધ વિધ લખિયા લેખ દિવ્ય ભાષામાં ભારે,
એહ **પુરુષ મહાન** તણા એ ગુણ ઉચ્ચારે;
અનુપરૂપ એ લેખ દીસે જગરચના માંહિં;–
નભપટપર તારકાલેખ ચળકંતા ક્યાંહિં, ૪

કહિં કહિં સન્ધ્યા-અભ્ર–રંગના લેખ સુહાતા,
કો ઘડી ઇન્દ્રધનુષ્ય–વર્ણના લેખ જણાતા;–
એમ નિરન્તર વિવિધ લેખરચના રૂહે દીપી,
વાંચી સકે કો વિરલ દિવ્ય અદ્ભુત એ લિપિ. ૫

દેશાટન કરી ભવ્ય મન્દિરો ભલે ન નિરખું,
ગૂઢલેખલિપિભેદ ભલે હું ઉકેલી ન સકું;–
**મહાન મન્દિર** એક નિરખવા દૃષ્ટિ ચાહું,
દિવ્યપુરુષના લેખ માગું શક્તિ ઉકલવા હું. ૬

## વિનીતતા.

રોળાવૃત્ત. સલૂણી સન્ધ્યા ! રૂડા રંગ કોમળ તુજ શોભે,
ઝીણી વિધ વિધ છાય ધરંતા મનડું લોભે;
મોહભર્યો મુજ પ્રેમ ભલે તુજ વિશે વિલાસે,
નવ તેથી તું કાંઇ ફૂલાઈ મન મકલાશે. ૧

શીળી ચંદા ! ભલે ત્હને હું હઇડું ખોલી
તુજશું પ્રેમ મુજ કહી દઉં નિઃશંકે બોલી,
ને વળી તુજ સૌન્દર્ય વખાણું ત્હારી આગે,
તદપિ નમ્ર તુજ વદન મહિં કંઇ ફેર ન લાગે. ૨

હશે અહિં કહિં હેવી સુન્દરી મનુજસમૂહે,
જેણે સુણી નિજરૂપ-પ્રશંસા કીધી સહુએ,
મકલાવ્યું નવ મુખ નહિં મદ મનમાં ધરિયો ?
તે લલના ધરું હૃદય સદા હું ભાવે ભરિયો. ૩

---

## નદીકિનારે.

*ગરબી. આ રવ વિણ વ્હેતી સરિત શાન્તનીરા સૂતી,
કંઇ ધ્યાન ધરંતી ઊંડું ગભીર ધરે મૂર્તિ; ૧

---

* ઇતિહાસની આરશી સાહી મ્હેં જોયું માંહિં,
થિર થાવર દીઠું ન કાંઇ કરતી છે છાઇ—એ ચાલ.

ત્હેના ઉર પર કંઇ શાન્ત વ્યોમ ભૂરું પડિયું,
સોહામણું શું રવિતેજ સરિત–અંગે જડિયું ! ૨
આ મૌન અલૌકિક ધરી ઊભું ઉપકણ્ઠ પરે
તરુવૃન્દ સમાધિ ગભીર ધરંતું કે'વું ઠરે ! ૩
ઠરી રહી ત્હેની વળી છાય શામળી નદીજળમાં;–
અદ્ભુત ગમ્ભીરી આમ શાન્તિ વશી આ સ્થળમાં.૪
જો ! ઊડીને આવ્યું આમ ટોળું આ બગકેરું,
ધીરું ધીરું ઊતરંત, જ્યહાં જળ વ્હે ઘેરું; ૫
તે વેળ શું એકાએક–બગો બમણાં બનતાં,
જળ-ઉદરથી ઊડી પ્રતિબિમ્બ-બગો બીજાં મળતાં.૬
પછી શ્વેત કર્ણિકારશી હારય બગની બેઠી
નદીતટ પર, રવિને તેજ ઊફસુખડું લેતી. ૭
આ શિલા–ઉરે નાચતું કાલુંશું ગાન કરી,
વ્હેળિયું નદીમાં પડે, બાળલીલા જ ધરી. ૮
જો ! સ્હામે તટથી ન્હાનું બતકજુગડું તરતું
ચાલ્યું આવે સ્વચ્છન્દ લ્હેર જળમાં કરતું; ૯
કો સ્થળ જળ શામળું સૂતું, હસે ભૂરું કો સ્થળમાં,
ત્ય્હાં દીસ-અંગ જુગબતક સરંતું પળ પળમાં; ૧૦
તે વેળ દીર્ઘ આ રેખ તેહ પાછળ શી પડે
જળપટ ઉપર;–આ પેર વિહઙ્ગમ લ્હેર કરે. ૧૧

આ પેર અહિં શાન્તિમાં શાન્ત લીલા પસરી,
રહ્યું વિશ્વ ન્હાનુંશું આંહિં ધીર આનન્દ ધરી. ૧૨
આ ઇતર જગતમાં શાન્તિ અને આનન્દ વસે,
નવ દીસે કો સ્થળ ક્લેશ નિરન્તર હર્ષ હસે, ૧૩
તો શ્રેષ્ઠ મનુજનું જગત કેમ ક્લેશે ભરિયું ?
ક્યમ દ્વેષવિરોધતરઙ્ગવડે ક્ષોભિત કરિયું ? ૧૪

---

32,039

## સરોવરમાં ઊભેલો બગ.

રોળાવૃત્ત ભૂરો મ્હોટો ઉપર વ્યોમમણ્ડપ તાણેલો,
સરવરમાં મૃદુ લહર પવન નચવે શી પેલો !
હેમાં આ ઊજળો બરફશો બગ ઊભેલો,
ને ચોગમ સૂકું રાન પડ્યું જે'નો નહિં છેડો; ૧

તે મૂકીને પાર્ય નજર બગ નાંખે લાંબી,
કરીને ઊંચી ડોક, જુવે જ્‍હાં ભૂમિ વિરામી,
ને વળી ત્‍હેની પાર્ય ઊંડા નભમાંહિં નિહાળે,
નવ લેખે નિજ છાય પડી જે જળમાં મ્હાલે. ૨

હું પણ આ જગરાન મહિં ઊભો રહી ઝાંખું,
જીવનકેરું ક્ષિતિજ, દૃષ્ટિ વળી ઊંડી નાંખું,
નાંખી નિરખું જે દૂર સિન્ધુ પડિયો ફેલાઇ,
ને ન ગણું નિજ છાય પડી જે આ સ્થળમાંહિં. ૩

---

## દિવ્ય ટહુકો.

ગૌળાવૃત્ત. વાદળી ઝીણી છવાઈ રહી સૂતી આકાશે,
તેમાં થકી ચળાઈ ચાંદની આછી પ્રકાશે;
શાન્ત સકળ આ નગર, શાન્ત આ વ્યોમ વિશાળું,
મધ્યરાત્રિને સમે ધ્યાન ધરતું કંઇ ન્યારું. ૧

ત્ય્હાં આ અણચિંતવ્યો ટુહૂરવ ક્ય્હાંથી આવ્યો ?
હઇડું લેતો હરી; કોકિલા ! ત્હેં જ ચલાવ્યો;
ટહુકો આ મીઠડો મ્હને ઊંચકી લઈ જાતો
અમૃતસિન્ધુ જ્ય્હાં શીળો ધીર ગાતો ફેલાતો. ૨

નથી સુણિયો શું ત્હમે મીઠડો ટહુકો બીજો,
હૃદય ભેદી આવતો કોકિલાશબ્દ સરીખો ?
ધ્યાન ધરંતાં કદી શાન્તિનદી રેલે જ્ય્હારે,
દિવ્યલોકથી તેહ ટુહૂરવ આવે ત્ય્હારે. ૩

---

## ગર્જના.

ગૌળાવૃત્ત. નભ ચુમ્બતી આ પેલી માળ ગિરિરાજની ઊભી,
તે પાછળ શો ધીર નાદ ઊઠી જાતો ડૂબી !
કુપિત સિંહ કો તહિં મત્ત બની રાડ શું પાડે ?
કે ગિરિશિખર વિશાળ પડ્યું ગગડી કો ખાડે ? ૧

ન હોય કેશરિનાદ નહિં શૈલશિખરપાતો,
ગર્જનરવ ગમ્ભીર મેઘરાયતણો આ તો.–
તપ્તભૂમિ ચૂમીને મેઘજળ ત્હાં ઉપજાવે
ગન્ધ સ્હરો, તે પીઠ વહી ગન્ધવહ શું આવે ! ૨

ને ઘન શ્યામળ શૈલ-શિખર ઊભાં આકાશે
તે પર ઊભું ઇન્દ્ર-ધનુષ નિજ વર્ણ પ્રકાસે.
ને પેલો મોરલો લવે કેકારવ ઘેરો,
મેઘનાદમાં ભળી, વ્યાપી તે બને અનેરો. ૩

આ જીવનનો શૈલ ચઢે જ્યહાં મનુષ્યજાતિ,
તે પાછળ ગમ્ભીર ગર્જના કદી કદી થાતી,
તે સુણી આત્મમયૂર કરે કેકારવ મ્હારો,
રવ બે મળી ગમ્ભીર નાદ ઊપની રહે ન્યારો ! ૪

---

## સરિત્સંગમ.

સીતાના ગાન મધુરું કરી ઉછરંગે હર્ષનદી નાચતી,
મહિનાની ઘોર શોકસરિત ગમ્ભીર ઘુઘાટે વહી જતી,
ચાલ એ બે સરિતતણાં જ્યહાં નીર ભળે એકમેકશું,
ન્હાની પર્ણકુટીમાં તે ઠામ નિરન્તર હું વસું. ૧
મુજ વાસ નિરન્તર આંહિં ભલે ઠરીને રહે,
પ્રિય ! તુજ સંગ બેશી હું ત્યાંહિં નિરખું નદિયો વહે

વહી ચાલતી નિરખું દૂર દૂરથી બે આવતી,
ભિન્ન બેના પ્રવાહનું પૂર અહિં ખેંચી લાવતી. ૨

એક સ્મિતમય ક્ષેત્રોની ભૂમિ મહિંથી ચાલતી,
હાસમય રચનાની મધ્ય વહીને મ્હાલતી;
બીજી આવે વહી ગમ્ભીર ઘોર ગિરિ ભેદતી,
ચીરી કઠણ કરાડયોનાં મધ્ય પડતી ઊંચે થકી. ૩

શીળી ચંદ્રામાં ચળકતી એક કદી કદી શી હસે!
વ્યોમ મધુરરંગ નીચે કાંહિં રંગ લેતી એ ધસે;
બીજી ઘન ગમ્ભીરો છાયો વ્યોમ તે નીચે વહે,
ઘોર રંગ અધિક અધિક અંગે નિજ એ લહે: ૪

એક તટકુંજકુસુમો અનેક નચાવે તરંગમાં
મીઠીકોયલરવ વહી આવે સમીર તે સંગમાં;
બીજી શુષ્ક અરણ્યનાં પર્ણ ધરે જળપટ પરે,
ઝંઝાવાત એ સરિતાનું પૂર ઘુઘવી અદકું કરે. ૫

હેવું સરિતયુગલ વ્હેતું આમ, આમ, આવે મુજ ભણી,
ત્હેને નિરખું રહી આ ઠામ શાન્તિ ધરીને ઘણી;
મુજ મનડું ઠરેલું શાન્ત ડગે નહિં કો ભણી,
જાય આમ નહિં, નહિં આમ, ગભીરું રહે બની.

મન શું ડગે ! વસુંછું હું જ્યાંહિં સરિત બંને ભેટતી,
મિશ્રગાન કરી મુજ વાસ તળે નાચીને જતી;
હર્ષજળમાંથકી કરું પાન કદી શોકનીરનું,
શોકજળમાંથી હર્ષનું નીર મીઠું પીઉં ધીર હું. ૭

---

## મેઘવૃષ્ટિવાળી એક સાંઝ.

રોળાવૃત્ત. ગગન ઘેરી ઘનરાય ચોગમે લીધું હાવે,
સૂર્યરાયનું અહિં લગીરે નવ કંઇ ફાવે;
ઘટાટોપ કરી ભવ્ય વિશાળો મંડપ રચિયો,
મલિનવર્ણ નિજ છત્ર ભરી જળતેજે મચિયો; ૧

ભૂરો વર્ણ જે વ્યોમ ભૂસી તે ક્ષણમાં નાંખ્યો,
મચાવિયું અંધાર, તદપિ રંગ અનુપ રાખ્યો,
જળભર્યું અદ્‌ભુત તેજ, ચન્દ્રિકાથી જે ન્યારું,
ન્યારું રવિતેજથી, તેહ આ વ્યાપ્યું ગાઢું. ૨

નીલ વર્ણ તરુરાજ તણો અહિં અધિક ગભીરો,
લીલાં ખેતર વિશે હસે વળી વર્ણ રસીલો;
પદાતિદળસમ ઊભું વૃક્ષમંડળ આ સ્થળ જે
તે અન્તરમાં થકી દીસે શ્યામળ વાદળ તે. ૩

ઝરમર ઝરમર રવે ઝરે જળભરી વાદળિયો
અણદીઠી જે સંચરે ઉપર ધીરી શી સંઘળિયો;

તરુશાખામાં વૃન્દ લઈ આલિઙ્ગી ચૂમે
પવનરાય વનમાંહ્ય ધીરો સ્વચ્છન્દે ઘૂમે, ૪

કરતો કાંઈ ઘુઘાટ દૂર સાગરના સરખો,
કે દૂર કો જળધોધ નાદ તેતણો શું નિરખ્યો!
આ ઝરમર રવ ઝીણો, સમીરણનાદ મહાનો,
તે સહુ ભેદી તીણો આવતો રવ તમરાંનો. ૫

ને જો પેલું જુગલ કપોતનું વૃક્ષ લપાઈ,
પ્રેમતણા આલાપ મધુરા કરતું કાંઇ!
વૃષ્ટિવિપદ આ સહે સૃષ્ટિ કંઇ હાસ કરંતી,
કંઇ વળી ભાવ ગભીર હૃદય નિજ શાન્ત ધરંતી; ૬

તરુવર વર્ષાઘાત અડગ આ ક્હેવાં ખમતાં!
તજે ન નિજ ગુરુભાવ, યદપિ પવને કંઇ નમતાં!
ને વનભૂમિ રસીલી હશી શી અધિક ઉલાસે,
નિજ અન્તરની અધિક મધુરતા કે'વી પ્રકાસે! ૭

આ જીવનમાં કદી સ્મિતો સંપદનાં ફેડી
વિપદવાદળાં ઘોર લઈ લે સુજને ઘેરી,
તે ક્ષણ નિજ ગમ્ભીર–ભાવ કદી નવ હું ત્યાગું,
સ્મિતમય રાખું વદન એટલું બળ હું માગું. ૮

# લાગટ વૃષ્ટિ પછી એક સ્હવારનો સમય.

*ગરબી. જો ! જો ! પૂર્વાકાશે ઝળક્યું તેજ શું !
ગાઢું ઘનપટ ચીરાયું અહિં ચોગમે,
જે આજ લગી અમળ નભ ઘેરીને જ શું
અન્ધકારમય રાજ્ય ચલવી જગને દમે. ૧

પૂર્વ દિશાએ ફાટ્યું ઘનદળ. ને હવે
મેઘતણાં ગિરિશિખર રચાઈને રહ્યાં,
ને તે પર રંગ રુડા અનુપમ શા રમે,—
રાતાં, પીળા, ભૂરા, જાય ન એ કહ્યા ! ૨

પેલી ટેકરીટોચ સુનેરી જો ! બની,
પાછી ઝાંખી થાય, વળી ઝળકાય શી !
વળી પાછાં આ ઘનગિરિનાં શિખરો ભણી
દાવાનળશી જ્વાળ પ્રગટ કંઇ થાય શી ! ૩

લીલી વનભૂમિ મન્દ મન્દ મીઠું હસે,
રવિકિરણે શાં જળમોતીડાં વીંધિયાં !
ને પંખીડાં હઇડે હરખીને રસે
ગાન કરંતાં અહિં તહિં ઊડે રીઝિયાં. ૪

પડ્યાં દ્વાર કહિં કહિં ઘનછત્રે ઉપરે,
ત્ય્હાં ઝાંખી થાય ભૂરા ઊંડા વ્યોમની;

---

* આસો માસો શરદ પુન્યમની રાતયજો.—એ ચાલ.

વૃષ્ટિવિપદસાગર વિશ્વ તરી ઊતરે,
આનન્દરવિ ઊગ્યો, કાન્તિ દીપી ભોમની. ૫
પણ મેઘઘટા બીજે ક્ષણ શું આવશે?
ના રહે સ્થિર મન, થાય શું કાંઇ ના કળે,
લોપી દઈ આનન્દરંગ, જે આ હસે,
ઘનમંડળ દમશે શું ફરીથી આ સ્થળે? ૬
આ જીવનના નિર્મળ વ્યોમ તળે ઘણાં
દુઃખવાદળાં ઘેરી ઝૂકે તે સમે
સુખસૂર્ય રચે રંગ વિવિધ આશાતણા,—
નભ માંહિં, કહો, કેમ નિરંતર એ રમે? ૭
તોપણ એક દિને થાશે નભ નિર્મળું,
ને કહિં કહિં કદી ઘનછાંટા રહે જુજવા,
અધિક રંગ તે રમ્ય ચીતરશે વાદળું,
ને મચશે આનન્દમધુકરો ગુંજવા! ૮

---

## એક અદ્ભુત દેખાવ.

રોળાવૃત્ત. અદ્ભુત રચનાયોગ રમ્ય આ રાત્રિ વિશે શો!
ચંદા વર્ષા સંગ રંગ રમતાં જ દિસે જો!
જળકુંડળમાં બેશી ચન્દ્ર વરસે શીળી ચંદા,
ચોગમ પડી વાદળી ઝરે ઝરમર જળ મંદા. ૧

ચંદ્દા લઈ નિજ રજત-સૂત્ર, જો, આ શોં પરોવે
મોતીડાં જે રુડાં રચ્યાં વર્ષાએ સોહે;
ચંદ્દા વર્ષા ગૂંથી મોતીની માળા હેવી
લલિત લતાને કણ્ઠ હિયે લટકાવી કે'વી ! ૨

જો અટકી ગઈ વૃષ્ટિ અને તરુપર્ણ પરેથી
ટપકી રહ્યાં જલબિન્દુ શાન્તિમાં મન્દરવેથી;
ચળક ચળક ચળકંત લીલાં પર્ણો ચંદ્દામાં,
ને તાલીતરુ શ્યામ શ્યામ છાય કરે સ્હામાં. ૩

ચંદ્દા હસતી આમ, આમ ઘન નિરખે ઘેરું,
આમ ધરે વનવેલી ભૂષણ મોતીડાં કેરું,
ને તાલીવન ઘોર ઊભું છાય કરી ઘેરી;—
શાન્તિમૂર્તિ ને ભવ્યમૂર્તિ પ્રભુની દીઠી ભેળી. ૪

---

## દિવ્યકાવ્ય.

તોટક.

ગગને અતિગૂઢ લખ્યું વિધિયે
કંઇ કાવ્ય ગભીર કલાનિધિયે,
ચળકંત રુડા કંઈ તારલિયા
જહિં શબ્દ અનુપમ રૂહે બનિયા. ૧
મન અદ્દભુત ભાવ કળે ન કળે,
કળતું કદી ઇશ્વરદત્ત પળે;

કદી ચાંદનીની રજની નીકળે
તહિં કાવ્યતણાં સહુ પૃષ્ઠ ખુલે. ૨
જગ શૂન્ય થકી જ રહ્યું ઊપની,
થતી ઝાંખી ઝીણી તહિં તેહતણી;
કંઇ ગાન ઊંડું લયકાળતણું
કદી એ કવિતા મહિં જાય સુણ્યું. ૩
ધૂમકેતુ સમુજ્જવલ ભવ્ય કદી
પ્રગટે ગગને જહિં જ્યોતિનદી
ઊંડી વીથી અનન્તપણાની તહિં
શી અગાધ દીસે ઊઘડી જ રહી ! ૪
સહુ તારલિયા ચમકંત ઝીણા
શુભ બોધ દિયે પરકાળતણા;
પરભૂમિ વસે પ્રિય આ ઘડિયે
સહુ તે તણી વાણી તહિં સુણિયે. ૫
પરલોકતણા ઉપકણ્ઠ પરે
સુખિયા જન જે કંઇ વાસ કરે
સહુ તે જન નૈન સમક્ષ તરે,
પઠતાં ગૂઢ કાવ્ય જ પ્રેમભરે. ૬
સહુ તારકમંડળ રમ્ય વિશે
કંઇ પ્રાણી અજાણ વસે ન વસે;
નહિં એ વિષયે જ વિવાદ કરો,
તહિં પ્રાણી ભલે જ વસો ન વસો; ૭

પણ તારક ઉત્તમ કાર્ય કરે,
બની કાવ્યપદો કંઇ બોધ ઝરે,
લખ્યું કાવ્ય જ જે ગગને વિધિયે
ધરી મર્મ ગભીર કલાનિધિયે. ૮

---

## અનુત્તર પ્રશ્ન.

*ગરબી. આ અણુગણુ તારાનેન ભર્યા અદ્‌ભુત તેજે,
તે નેને કંઇ કારમી દૃષ્ટિયે નિરખે જે, ૧
ગમ્ભીર શી રજની શ્યામ વિશ્વ લેતી વીંટી
વિસ્તારી નિજ પટ આમ શામળું અણુદીઠી; ૨
કંઇ તીણા તમરાંનાદ વડે ઝણુઝણુ શી કરે,
કો સ્મશાનદેવી સમાન ભયંકર રૂપ ધરે; ૩
પૂછ્યો નહિં કોઇ જને પ્રશ્ન પૂછું તુજનેઃ—
કદી ગૂઢ ભાવિનું રૂપ બતાવીશ તું મુજને ? ૪
ચંદા ચળકંતાં સ્મિતો વ્યોમ જે વેરંતી,
નિજ ઉજ્જવળ પટમાં ભૂમિ-સખીને ઘેરંતી; ૫
શીતળ કંઇ થળ થળ અમી વરસતી પ્રેમભરી,
સ્થાવર-જઙ્ગમ જગ સકળ ઠારતી શાન્તિ કરી;

---

* ઈતિહાસની આરશી સાહી મ્હેં જોયું માંહિં,
ચિરપાવર દીઠું ન કાંઇ ફરતી છે છાઈ-એ ચાલ.

ત્હેને પણ પૂછું પ્રશ્ન પૂછ્યો નવ જે કોઇ—
અતિ ગૂઢ ભાવિનું ચિન્હ કદી હું સકીશ જોઈ? ૭
અંધારપછેડી ઢાંકી વિશ્વ લેતો ઘેરી,
ચમકારા વીજળીતણા મહિં દેતો વેરી; ૮
કરતો ગર્જન કંઇ ઘોર મેઘ નભમાં મ્હાલે,—
ત્હેને પૂછું એ પ્રશ્ન-ભાવિ દીઠું કો કાળે? ૯
સન્ધ્યા સલૂણી સુન્દરી! ઉષા વળી લાજાળી!
હું પૂછું ત્હમને એ પ્રશ્ન, દિયો ઉત્તર વાળી. ૧૦
ઉન્નત ગમ્ભીર ગિરિમાળ, ચ્હોંચી નભમંડળ જે,
આ ભાવિપ્રશ્ન ગમ્ભીર તુંથી કંઇ ઊકલશે? ૧૧
ઘનઘોર રજનિ શામળી, ચળકતી ચંદા ને,
ગર્જતો ઘેરો મેઘ, સલૂણી સન્ધ્યા ને, ૧૨
લાવણ્યમયી વળી ઉષા, ગિરિ નભ કોતરતા,-
સહુ સુણી પ્રશ્ન મુજ ઊંડો મૌન ઊંડું ધરતાં. ૧૩
આ હૃદયમથન પ્રશ્નનો ન કો ઉત્તર વાળે;-
હા! કોણ એહવો આંહિં સંશય મુજ ટાળે? ૧૪

---

## માનવ બુદ્બુદ.

રોળાવૃત્ત. જનસમુદાય વિશાળ સિન્ધુ ત્હેમાં બુદ્બુદ હું
શો કરતો ફફડાટ! મહે ભર્યું શું વળી કૂદવું!

તરઙ્ગરાજ અનન્ત, નાવ મ્હોટાં જે ખેળતા,
તે પણ ક્ષણમાં પડે, ત્યહાં મુજ તો શી બિસાતનો ! ૧
ક્ષણ પર હું ઊપન્યો, ડૂબીશ બીજી ક્ષણ જાતાં,
પણ તે અરસા માંહિં રંગ વિધવિધ મુજ થાતા;—
કો વેળા આ વ્યોમવર્ણ ભૂરો મુજ કાયે,
કો વેળા ગમ્ભીર રંગ ઘનતણો છવાએ; ૨
ને વળી કદી સહુ રંગ ભળે ઇન્દ્રધનુષકેરા,
પીળા, ભૂરા, લાલ, બધા આછા ને ઘેરા,
તે સહુનું પ્રતિબિમ્બ પડે મુજપર કો સમયે,
તે ધરી લહું આનન્દ, અકથ સુખ ત્ય્હાં મુજ હૃદયે. ૩
ને કદી ઉજ્જવળ અંગ કનકશું ધારી હરખું,
જ્ય્હારે રવિનું બિમ્બ ઉપર લટકંતું નિરખું;
કદી ચન્દ્ર નિજ શાન્ત નજર કરી મુને નિહાળે,
ત્ય્હારે તો મુજ કાન્તિ રુપેરી રંગે મ્હાલે. ૪

---

## અસ્થિર અને સ્થિર પ્રેમ.

ચોપાઈ. ઉજ્જડ એક ગિરિકેરી કરાડ,
જ્ય્હાં જનનો નહિં પગસંચાર;
તો પણ ત્ય્હાં આગિયા અનન્ત
લટકાવે દીપક ચળકંત; ૧
ને ત્ય્હાં એક અતિ લાજાળ
ગુલાબકળી નાજુકડી બાળ,

લલિત વસન્તાનિલને તેહ
લલચાવંતી કુમળી દેહ. ૨
" અનિલ ! તું ચંચળ જાતે દીસે,
સ્થિર રહી કો સહુ તું નવ વસે;
અનેક કળિયો ચૂમી આજ
આવ્યો અહિંયાં તું ઠગરાજ. ૩
વળી તજી મુજને તું જશે
જ્યહાં કળિયો બીજી ખીલી હશે;
માર્ગ જતાં સહુને તું ચૂમે,
નિર્લજ તોપણ હરખે ઘૂમે." ૪
" કોમળ કળી ! તું કાં રીસાય ?
તુજ સરિખી નવ દીઠી ક્યહાંય;
અનેક અનિલો આવી ભમે,
અહિં તુજશું તે રંગે રમે. ૫
નવ તરછોડયો ત્હેં કોઇને,
સૌરભ સહુને દીધું મોહીને;
હા, હું ચૂમું કળી અનન્ત
જ્યહારે હું માર્ગમાં રમંત. ૬
પણ સૌરભ સઘળી એ તણું
નિજ અંગ ધરી હરખું ઘણું,
સુગન્ધસ્મરણ હું ધારું એમ
પણ તું તો નવ જાણે પ્રેમ; ૭

અનિલ અનેક ગયા અહિં વહી,
તું ત્હેવી ને ત્હેવી રહી,
સ્મરણ ન રાખ્યું કોઇતણું,
પ્રેમીલી તુજને ક્યમ ગણું ?” ૮

“ રે ઠગ ! મુજને કાં તું વ્હાય ?
નહિં એ જુદા અનિલ બધાય;
જુદાં જુદાં રૂપ જ ધરી
તુંનો તું આવે ફરી ફરી. ૯

હું જાણું સઘળા તુજ ફંદ,
કો ઘડી ચણ્ડ તું કો ઘડી મન્દ,
કો ઘડી ઝીણો સ્વર કરી ગાય,
કો ઘડી ગાજી તું ઘુઘવાય. ૧૦

તું જાતે છે એક જ એક,
ધારે રૂપ અનેક અનેક;
કહે હવે મુજમાં શી ખોડ્ય ?
કપટ મહિં નવ ત્હારી જોડ્ય.” ૧૧

સુણી આ બે જણની ગોઠડી
હું ચાલ્યો મન ખેદ જ ધરી;
આગળ “ ગમ્ભીર રસશૃઙ્ગાર—
પ્રતિમા ” સારસ દીઠો સાર. ૧૨

ઊભો નિજ કાન્તાની સંગ
નિરખે ઝીણા નદીતરઙ્ગ,
કમળતન્તુ લઈ ત્હેને દિયે,
પ્રેમસુધા તે વેળા પિયે. ૧૩
બોલ્યો તે નિજ કાન્તા ભણી,–
"જો, આં લહરી સરિતાતણી,
ત્હેમાં આપણ બેની છાય
મળી એકઠી શી મકલાય! ૧૪
જીવ આપણા એમ જ મળ્યા
મરણ લગી નવ ટળશે ટળ્યા."
એમ કહી ઊંચાં નભ મહિં
સારસજુગ ઊડી ગયું તહિં; ૧૫
ઊડતાં ભૂખરું દીપે અંગ,
પાછળ વ્યોમ જ ભૂરે રંગ;
ને મધુરે સ્વર ગાન કરંત
ઊડતું, જ્યહાં આકાશ અનન્ત. ૧૬
આ સઘળું નિરખીને તહિં
શાન્તિ વશી રહી મુજ મન મહિં,
ને ચાલ્યો સુખ હૃદયે ભરી,—
ઉપર નભ નિરખે સ્મિત કરી. ૧૭

---

# પ્રેમસિન્ધુ.

શાળાવૃત્ત. ગગડે જ્યહાં ગ્રહગોળ, અને આ તારાટોળું
વેર્યું ફેંકી જયહાં, હેવું આ વ્યોમ પહોળું
ફેલાઈ ચોપાસ, હાસ ગમ્ભીરું કરતું,
આલિઙ્ગન સુવિશાળ ભૂમિને ભાવે ભરતું. ૧

પણ વળી એ વ્યોમને, લઈ ગ્રહગોળ સકળને,
લઈ તારા સહુ સંગ, લઈ આ ભૂમંડળને,
આ સઘળું બ્રહ્માણ્ડ અનન્ત અગાધ દીસે જે,
ત્હેને મ્હોટો પ્રેમસિન્ધુ આલિઙ્ગી લેછે. ૨

એ સિન્ધુ તો અનન્ત રહ્યો ઉપકણ્ઠવિના એ,
નિત્યે ગતિ ગમ્ભીર ધરી ચોગમ ફેલાએ;
નહિં કો વસ્તુ અહિં જેહ હેમાં ન સમાતી,
હેમાં ન્હાની પ્રેમનદીઓ ડૂબી જાતી. ૩

વ્હાલી ! જે તુજ પ્રેમસરિત મીઠી ને ધીરી
વ્હેતી નિર્મળ જળે લહરિ લઈ ઝીણી ઝીણી,
ત્હેને કાંઠો ખરો—રખે રીસાતી મીઠી !—
પણ મ્હેં તે સિન્ધુમાં સરિત એ વ્હેતી દીઠી. ૪

# પ્રેમનાં સ્વરૂપ.

શેળા વૃત્ત.-સતારમાંથી ઊઠી મધુર સુર રમે પવનશું,
ને મૃદુ તુજ કણ્ઠથી ગાન જન્મી જે ઘૂમતું,
કોગલ ટહુકો મીઠો, મીઠો રવ નદીલહરીનો,
વનવેલી ચુમ્બતો પવન્ ત્હેનો સ્વર ઝીણોઃ- ૧

જન એ સહુનું નામ મધુરનાદ કરી કૂહેછે,
પણ એ ખોટું તમામ મ્હને નિશ્ચય દીસેછે;
સતારસુર, તુજ ગાન, પવનનદીકોકિલરવ ને,
પ્રેમતણાં એ રૂપ બધાં ભાસેછે મુજને. ૨

ફુલડાંમાં જે રહ્યો નાચતો ગન્ધ મધૂરો,
ને મેઘધનુષ મહિં રંગમેળો જે પૂરો,
તે નવ હોય સુગન્ધ, નહિં એ રંગ રસીલા,
પ્રેમતણાં એ રૂપ, પ્રેમની એ તો લીલા. ૩

દિવ્ય કુસુમ એ પ્રેમ ધરે વિધવિધ આકારો,
પણ ઢાંકયો રહે કેમ? એહ સહુથકી છે ન્યારો.-
નાદ, ગન્ધ, ને રંગ-દિવ્ય કુસુમોની ગૂંથી
માળા અર્પું તુંને, વધુ શું મુજને તુંથી? ૪

---

## પ્રેમ.

હિંડી. સર્વ ફુલડાં મહિં એક જે રસંતો
રમ્ય ગન્ધ સકળ જગતને ગમંતો,
એક તેહ પણ અનેક ધરે રૂપ,
વિવિધ કુસુમેં વર્શી વિવિધ ને અનુપ. ૧

કળી ગુલાબમાં મધૂરું ધીરું ગાતો
ગન્ધ જેહ તેહ નહિં બીજે સુહાતો;
કરે કેતકમાં મત્તગાન એક,
બીજો ગન્ધ ચમ્પકે પ્રદીપ્ત છેક. ૨

તોય તે અનેક ગન્ધ ગન્ધ એક;
તેમ પ્રેમ એક ને વળી અનેકઃ—
એક પ્રેમ પિતા ઉપરે ગભીરો,
બીજો માડી ભણી પ્રેમ તે રસીલો; ૩

મીઠો ભગિનીશું પ્રેમ તે ગુલાબ,
લલિત પ્રેમ પુત્રને વિશે અમાપ,
પ્રિયાપ્રેમ તેહ કેતકીસુગન્ધ,
પ્રભુપ્રેમમાં સહુ પ્રેમનો પ્રબન્ધ. ૫

## ' બહુ રૂપ અનુપમ પ્રેમ ધરે. '

તોટક. કદી કોમળ કોયલકણ્ઠ વિશે
વશીને મધુરો રવ તેહ બને,
નટ રંગભૂમિપર જેમ ફરે
ત્યમ રૂપ અનુપમ પ્રેમ ધરે. ૧
કદી મીઠી નદી લહરીલટકે
જતી નાચતી ત્હાં પણ તે લટકે,
બની ગાન શિલામહિં નૃત્ય કરે,
અહિં રૂપ અનુપમ પ્રેમ ધરે. ૨
કદી ચમ્પકમાં મૃદુ રંગ પીળો
બની તે હરખે રમતો રસીલો,
કદી જૂઈફૂલે વશી હાસ કરે,
કંઇ રૂપ અનુપમ પ્રેમ ધરે. ૩
કદી રંગ ગુલાબી ગુલાબફૂલે
બની લ્હેર કરંત જ તેહ ખીલે,
કદી શીળી પ્રભા બની ચન્દ્ર વસે,
બહુ રૂપ અનુપમ પ્રેમ ધરે. ૪
કદી મેઘધનુષ્યમહિં વિલસે,
સહુ રંગ બની રસભેર વસે,
કદી સાંઝસમે ઘનરંગ બને,
બહુ રૂપ અનુપમ પ્રેમ ધરે. ૫

કદી કેતકમત્તસુગન્ધ બને,
રમતો ભમતો જ ફરે પવને,
કદી ગન્ધ કુંળો બની જૂઈ વસે,
બહુ રૂપ અનુપમ પ્રેમ ધરે. ૬

કદી ઉદ્ધત ગન્ધસ્વરૂપ ધરે,
ધરી ચમ્પકપુષ્પ વિશે વિચરે-
નટ રંગભૂમિ પર જેમ ફરે,
ત્યમ રૂપ અનુપમ પ્રેમ ધરે. ૭

——x——

## આનન્દ ઓવારા

વિષમ હરિગીત.

ઊજળા આકાશમાં કદી મેઘકકડો નિરખું
સ્વચ્છન્દ તરતો, કે તરત આ દેહમાંથી હું કુદું,
કુદી બેસું મેઘકકડા એ ઉપર, ત્યાંથી પછી
પેલા "સુખદ આનન્દઓવારા" ઉપર થોભું જઈ; ૧

જઈ એ આનન્દસિન્ધુ પડયો વિશાળો વિસ્તરી
ત્હેને નિહાળું નજર ફેંકી દૂર દૂર ઑણી ઑણી,
પાન કરું નેને શીળા ચળકંત હેના જળતણું,
ને સિન્ધુ કરતો ગાન મીઠું ગભીર તે ત્હાં રહી સુણું. ૨

——x——

## કવિનું સુખ.

રોળાવૃત્ત. કુસુમ કોમળું એક ખીલી હું રહું આ વનમાં,
સુગન્ધ મધુરો મુજ પસરતો જેહ પવનમાં,
પસરે તે કેટલે ? ઘૂમી ઘૂમી આંહિં વિરમશે,–
તો એ ત્હેનો કદી મને મુજ શોક નવ વસે. ૧

લઈ મુજ રમ્ય સુગન્ધ હસું હું ભરઆનન્દે,
સુગન્ધ મુજ જે તે જ સુખડું મુજ, ત્ય્હાં રમું છન્દે;
ને ઊંચું આકાશ હસે મુજ ભણી નિહાળી,
ત્હેને દઉં પ્રતિહાસ ઉમંગે ઊંચું ભાળી. ૨

બીજાં ફુલડાં વળી ભલે નિજ ગન્ધ નચાવે
ફેલાવી ચોપાસ, મ્હને કંઈ ઇર્ષ્યા નાવે;—
મ્હેં દીઠો છે એક, નજર ઝાંખી ઝાંખીએ,
સુગન્ધસિન્ધુ વિશાળ સતત રમતો લહરીએ; ૩

ત્ય્હાં મુજ વહી સુગન્ધ ભળી છાનો એ જાએ,
ને ફુલડાં આ સમે ખીલે બીજાં વનમાંહે,
થયાં અને જે થશે કુસુમ વળી તે સઘળાંનો
સુગન્ધ એ સિન્ધુમાં જતો લય પામી છાનો. ૪

એક સિન્ધુની આમ વહેતી ચાલે નદિયો
અમ કુસુમોથકી જહિં નીકળીને એ બધિયો,
તો અવિચારી બની ધરું શિદ શોક હું મનમાં ?
કુસુમ કુમળું હું, કહો, કેમ હસું નહિં આ વનમાં? ૫

# ફૂલની સાથે રમત.

† ગરબી. આવો ફુલડાં મધૂરાં રે આપણ રંગે રમિયે,
દિન એક આનન્દે રે ભેળાં રહીં નિર્ગમિયે. ૧

મ્હને મુખડું ત્હમારું રે સલૂણું લાગે વ્હાલું,
હેમાં નિર્મળ પ્રીતિ રે વશી હસતી કાલું. ૨

તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજસમૂહે રે વદન કરમાઈ ગયું. ૩

ન્હાશી ત્ય્હાં થકી આજે રે આવ્યો તમ પાસ હું તો,
ત્હમે કોમળ હઇડે રે; મ્હને નવ ગણશો જુદો. ૪

નહિં તમમાં કુટિલતા રે, નહિં વળી ક્રૂરપણું,
નહિં વચન કપટનાં રે, હૃદય પ્રેમાળ ઘણું; ૫

કદી હાસ કરંતાં રે તો નિશ્ચે આનન્દભર્યાં,
કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુઃખે જ ગળ્યાં; ૬

જે'વું અંતર થાએ રે ત્હેવું તમમુખડું દીસે,
જે'વું સુખ દેખાએ રે ત્હેવું તમહૃદય વિશે. ૭

ત્ય્હારે આવો મધૂરાં રે આપણ રંગે રમિયે,
દિન એક તો સુખમાં રે સાથે વશી નિર્ગમિયે. ૮

---

† "શીખ સાસૂજી દે છે રે કે વહૂજી રૂહો ઢંગે." —એ ચાલ.

# કરેણ.

તોટક.

તૃણશૂન્ય સૂકી ગિરિભૂમિ વિશે
સહસા મીઠી આ રચના શી દીસે !
લઘુસ્રોતપટે મળી એકરસે
શું અનન્ત કરેણકુસુમ હસે ! ૧

મૃદુ રંગ ગુલાબી મુખે વિલસે
શી પ્રભાતરવિદ્યુતિ ત્યાંહિ વસે !
સહુ ટોળું મળી અહિં રંગરસે
રમતાં રમતાં શું હસે જ હસે ! ૨

શીળી વૃક્ષઘટા લઘુસ્રોત પરે
રચીને પ્રકૃતિ અતિ પ્રેમભરે
કંઈ ન્હાનકડો અહિં બાગ રચ્યો
તહિં આ ફૂલનો સુખરંગ મચ્યો. ૩

ગિરિટોચ થકી ઊતરી સઘળી
ગિરિદેવી શકે અહિં આવી મળી
રમવા રસભેર સુબાગ વિશે,
ત્યમ આ ફુલડાં તણું જૂથ દીસે. ૪

સહુને જહિં ધીર સમીર ચૂમે,
સ્મિત મન્દ રમે કુસુમે કુસુમે;
સરલા કંઇ ગ્રામકુમારીસમે
સહુને સુખ કૌતુકહર્ષ રમે. ૫

પ્રકૃતિજનનીથકી પ્રેમભરે
ફુલડાં સઘળાં અહિં આ ઉછરે,
નહિં કૃત્રિમ બન્ધન કાંઇ ધરે,
શું સ્વતન્ત્ર સુખે રમતાં જ ફરે! ૬

નિરખી ફૂલ આ મન ઊર્મિ ઊઠે;—
મનુજે ક્યમ આ ધરણીની પીઠે
પ્રકૃતિજનનીની ઉછેર તજી,
નિજકૃત્રિમબન્ધનખેડી સજી? ૭

---

## આશાપંખીડું.

સીતાના મહિનાની ચાલ.

આશાપંખીડું મ્હેં તો પૂર્યું કનકમય પાંજરે,
રમ્ય રંગ ધરંતું અનેક, જે'વો મેઘ સાંઝરે;
ઝીણી ચંચૂ સુવર્ણની મેખસમી શી ઓપતી!
ઇન્દ્રધનુરંગધારી એક કલગી શિર શોભતી; ૧

ધોળી બરફશી ડોકની મધ્ય સુનેરી કાંઠલો,
આસમાની પાંખની માંહિં પચરંગી ચાંદલો,
પીંછે કરમજી રંગ સોહાય, ને ચરણ સુવર્ણના,
હીરા સરિખાં બે ઝીણાં નેન ચમકચમકે ઘણાં; ૨

રુંવાળું શું હેનું શરીર ભર્યું દિવ્ય કાન્તિયે !
પણ બદલી ઘડી ઘડી રંગ મ્હને નાંખે ભ્રાન્તિયે;
વળી અમૃતશું મીઠું ગાન કરે દિવ્ય પંખીડું,
ત્ય્હારે નાચંતું ભૂલી ભાન હઇડું મુજ મૂરખું, ૩

પણ એક દિવસ એ તો, હાય ! ઉડીને ચાલિયું,
તોડી કનકનું પંજર ત્ય્હાંય, રહ્યું નવ ઝાલિયું;
તોએ ગાન કરંતું જાય, પાછળ દોડ્યો જાઉં હું,
પણ એ તો નવ પકડાય, અધિક લલચાઉં હું; ૪

ઉડી પેઠું એ એક દિવ્ય હતું વન તે મહિં,
હું પણ સ્વઅનુસારે ધાઈ પેઠો ત્ય્હાં તો સહી;
દીઠું બેઠું ગુલાબને છોડ, ગયો હું ઝાલવા;
ઉડી બેઠું બીજે ઝાડ, ગાઈ લાગ્યું મ્હાલવા; ૫

વૃક્ષે વૃક્ષે, છોડે છોડ, મુને ભટકાવિયો,
આવ્યું તોએ એ નવ હાથ, અધિક અકળાવિયો;
અંતે બેઠું ઊંચી ડાળ, પછી લાગ્યું બોલવા,—
"અરે મૂર્ખ મનુજના બાળ ! ફાંફાં શાં આ મારવાં ! ૬

નવ આવું કદી ત્હારે હાથ, મૂરખ એ માનવી !
હું તો ધારી નવા નવા રંગ ધારું મૂર્તિ નવનવી;
પૂર્યું પાંજરે મુજને તેહ, ધારીશ નહિં મન વિશે;
એ તો ઘડિયું મ્હારે પ્રભાવ, ત્હને ઉલટું દીસે. ૭
પણ મન નવ થઈશ ઉદાસ, કહું સુણ્ય વાત તું,—
મ્હણે નાંખ્ય નજર, મ્હણે દૂર, વ્યોમ જ્યહાં ડૂબી જતું;
પેલી રુધિરભરેલ કપાળે ઘડેલી કમાન જે;
અંતરિક્ષ ઊભી, જે'ના સ્તમ્ભ રચ્યા મ્હોટાં હાડકે;–૮
દીસે તુજને ભયંકર તેહ, તથાપિ એ રમ્ય છે,
બીજી બાજૂ કનકનો ઘાટ ઘડેલો ભવ્ય છે;–
આણી કોરે રાક્ષસ એક બેઠો છે બિહામણો,
મૃત્યુ હેવું હેનું નામ, તુને અળખામણો; ૯
પણ તું જઈશ હેને દ્વાર, પછી પેલી પાર તું;
જઈ જોઈ પામીશ આનન્દ ત્યહાં તેવાર તું;
ત્ય્હારે ત્યાંહિ જો ! ભેટીશ તુંને હું આનન્દથી,
ત્ય્હાં લગી થઈ ધીર તું થીર ર્‌હેજે મન શાન્તથી."૧૦
એમ બોલી ઊડી ગયું એહ પંખીડું ના રહ્યું,
ઊડતાં ઝળકંતી હેની દેહ, ગાતું ગાતું એ ગયું;
જઈ લય પામ્યું ચન્દ્ર માંહિં, વશી ગાતું ત્ય્હાં રહે,
શાન્ત અજવાળી રાતે કો વેળ સુણું હેનું ગાન એ. ૧૧

---

# વિધવાનો વિલાપ.

ચોપાઈ.

ચાંદની દશદિશ ચળકી રહી,
સરિતામાં જાતી એ વહી,
રમે રમત લહરીની સંગ,
સૂતી રેત્યમાં ઉજ્જવળ અંગ. ૧

તટતરુ નિરખંતાં નિજ છાય
સૂતી જે સરિતાની માંહ્ય;
ખેતર સઘળાં હાસ કરંત,
દૂર ઝાડી બહુ ઘોર દીસંત; ૨

ભૂતડાંશાં વડવૃક્ષ અનન્ત
ઊભાં જ્યહાં દૃષ્ટિ તણો અન્ત,
ત્યહાં ચાંદની કંઈ નવ ફાવતી,
અથડાઈ પાછી આવતી; ૩

ચણ્ડપવનશું વડજૂથડું
જૂધ કરંતું જ્યહારે વડું,
ઘોર ઘુઘાટ કરંતું તેહ,
સુણી કમ્પે સરિતાની દેહ, ૪

કમ્પે તટતરુ જળમાં પડ્યાં,
કમ્પે ઉપર તરુપાંદડાં;
કમ્પે સઘળી શાંતિ તહિં,
ને કમ્પે ચન્દ્રા જળમહિં. ૫

તો પણ એ સ્થળ રમ્ય જ દીસે,
રમવા જોગું સુરયુવતિને.—
પણ, જો! પેલા વડઝુંડથી,
ચંદ્રા જેવી ઘનવૃન્દથી, ૬

નિકળી આવે દેવીદેહ,
શકે હશે વનદેવી એહ!
કેમ સંભવે માનવરૂપ,
ગાત્ર હાવું ને કાન્તિ અનુપ? ૭

પણ, જો! ધીરાં પગલાં ભરી
આવી સમીપ વળી સુન્દરી,
જો, ઢંકાઈ ગઈ તરુવૃન્દ,
પાછી નિકળી, જો, ગતિમન્દ, ૮

ને પાછી એ તો નવ દીસે,
પાછી ચાલે ખેતર વિશે;–
એમ આવી પ્હોચી એ અહિં
નદીરેત્ય ચળકંતી જહિં; ૯

ને આ ઊભી નદીને તીર,
ને બેઠી જ્યહાં નિર્મળ નીર;
માંહિં નિરખિયું નિજ મુખડું,
જે'માં સ્પષ્ટ વસે દૂખડું. ૧૦

હશે, હશે, એ માનવ ખરે,
જો ! નેનથી આંસુડાં ઢળે;-
ને ન્હાનકડું આ શું દીસે
બાળકડું કંઇ ખોળા વિશે ?- ૧૧

છૂટા કેશ અનિલમાં રમે,
ને આંખડી શી ચોગમ ભમે !
હા ! પણ, જો, કંઇ મધુરે સ્વરે
વિલાપ એ સુન્દરી શો કરે ! ૧૨

*ગરબી. હા દૈવ ! શું વિપરીત દૂખડું દીધલું !
કાં ન પડી હું પ્હેલી રે મુખ મોતને ?
જમડા ! ત્હેં મુજ જીવન લૂંટી લીધલું,
ઝડપી લીધો નાથ, અનાથ મૂકી મ્હને. ૧
મોત ઘડ્યું શિદ માનવને શિર ઈશ ત્હેં ?
ઘડિયું તો શિદ તરુણ ઉપર પ્હેલું પડે ?

* 'આસો માસો શરદપુન્યમની રાત્ય જો.'—એ ઢાળ.

ને મોતે હરી લીધાં તેશું કો સમે
વાતલડી કરવાનો મારગ કહિં જડે? ૨

ઓ ચંદ્રા! તું જાણે સઘળી વાતને
જે મોતતણા દાસ હમે નવ જાણિયે;
વીનવી કહેજે આટલું મ્હારા નાથને,–
"દાસી દીન ઉપર કંઇ રોષ ન આણિયે. ૩

ભૂલી ન જશો નિજ દાસીને કંથ જો,
સ્વર્ગસુખે રહો એકલડા આનન્દમાં,
મુજને દાખવજો એ સ્થળનો પંથ જો,
બોલાવી દોડી વળગીશ તમકણ્ઠમાં." ૪

અનિલ! ત્હને કાં ગમે રમત મુજ કેશશું?
નિર્દય જગના જનને એ નવ પાલવે;
તો અળગી હું સહુ થકી કોરે વસું,
ન પડે રસ મુજને જગમાં કાંઈ હવે. ૫

ઓ ઊંચા, ઊંચા, આકાશ! તું કાં મ્હને
ઉચકી લઈને નવ રાખે નિજ અંગમાં?
છૂટું ક્રૂર જગતના જનથી હું, અને
વસું સુખે આ તારલિયાની સંગમાં. ૬

સરિતા! તુજ હઇડે કે'વો આ ચાંદલો?
વશિયા ત્હેવા મ્હારે હઇડે નાથજી,

મ્હેં ન કીધો અપરાધ કદી એ આટલો,
તોય ગયા રીસાઈને મુજને તજી. ૭

તજી વળી આ બાળકડી જો બાપડી;—
કાં બાપુડી ! કોણ ત્હને પીડા કરે ?
નાણી દયા તુજ તાતે બેટા ! આપડી,
વ્હેતાં મૂકયાં આપણને દૂખસાગરે.— ૮

ઓ શીળી ચંદા ! ઓ સરિતા કોમળી !
ઓ આકાશ ઉદાર ! અનિલ સુકુમાર ઓ !
ત્હમે નહિં નિર્દય થાવાનાં કો ઘડી,
મ્હારા ને મુજ બાળકીના આધાર છો.— ૯

જો આ અનિલ કુંળો કર તુજ પર ફેરવે,
ચંદા ચૂમે તુજને પૂરા પ્રેમથી,
હાલેડાં ગાય નદી મુજથી મીઠે રવે,
અહિં જગજનકેરી પીડા તુજને નથી. ૧૦

આપણ બે એકલડાં અહિં વાસો વશી
રહીશું સુખમાં સ્મરણ કરી તુજ તાતનું,
રમજે નદીલહરીસંગે મીઠું હશી,
થાજે મ્હોટી એમ રહી દિનરાત્ય તું.— ૧૧

ને મુજ લાડકડી જ્યહારે મ્હોટી થશે,
જગત બધું ઘૂમીશ ત્યહારે નિજ જાત્ય હું,

કદી મરે નહિં હેવો નર પછીં જ્હાં હશે,
પરણાવીશ મુજ લાડકીને તે સાથ હું. ૧૨

---

## નદનંદીસંગમ.

* રખી. એક મહાનદ રવ ગમ્ભીરે ઘૂમતો,
વિકટ અરણ્ય મંહિં વહીં જાતો એકલો,
અથડાતો વળીં શિલા વિશાળી સંગમાં
તો ઓળંગી આગળ વ્હેતો ટેકીલો. ૧

સુણતો ઘોર થતો જે નાદ ઘડી ઘડી,
પ્રબળ પવન જ્યહાં આડઝુંડશું ઝૂઝતો,
ને એ નાદ હૃદય નિજ ધારી ચાલતો,
જાએ વ્હેતો જે મારગ મન રુચતો. ૨

વળીં નિરખંતો જાએ ઊંચે આભમાં
મેઘતણું દળ ગાજવીજ કરીં ઘૂમતું,
તે સહુનું પ્રતિબિમ્બ લઈ નિજ ઉરમાં
જાતો આગળ, ઘનજળ હેને ચૂમતું. ૩

એક નદી વળીં ન્હાનકડી મીઠે રવે
ગાન કરંતી ઝીણું, નાચે મન્દ જે,

---

* ' આસો માસો શરદપુન્યમની રાત જો. '—એ ચાલ.

મન્દ હસંતાં મેદાનોમાં મ્હાલતી
જાએ ધીરે ધરી ધીરો આનન્દ એ. ૪

કોયલટહુકો મધુરો તટતરુકુંજમાં
કો ઠામે સુણીને એ હરખી નાચતી,
ને નિજ મીઠો રવ તે સંગે ભેળતી
ભર આનન્દે વ્હેતી એ ચાલી જતી. ૫

ત્હેને કદી કદી ભૂરું વ્યોમ નિહાળતું,
કદી ચંદા કરી મન્દ હાસ હેને ચૂમે,
એ સહુ કેરી છબી નિજ હઇડે ધારીને
વ્હેતી ચાલે, લહરી ઝીણીએ ઘૂમે. ૬

હું ઊભો એ નદનદીસંગમ ઉપરે,
ને દીઠાં જળ બંનેનાં ભેળાં ભળ્યાં,
પેલા નદનો ઘોર ઘોષ ધીમો પડ્યો,
ને ત્યહાં નદીની લહરી નાચી જોરમાં. ૭

આગળ નાંખી નજરે નવ દીઠું કંઇ,
ઝંખાઈ મુજ આંખ્ય અતીશે તેજથી,
પણ પેલી ગમ દૂર ઘણે મ્હેં ઝાંખિયો
ઝળહળતો કંઇ સિન્ધુ વિશાળ પડ્યો અતિ. ૮

ત્યહાં એ નદનદીસંગમ ભળિયો મ્હેં દીઠો,
ભળિયો પણ વળી વ્હેતો અળગો સિન્ધુમાં;–

વ્હાલી ! મુજતુજ જીવન આ બે એકઠાં
મળિયાં નિરખીને રહું હું આનન્દમાં. ૯

---

## કર્તવ્ય અને વિલાસ.

શિખરિણી. "મીઠી શીળી ત્હારી અમીં વરસતી કાન્તિ કુમળી,
અને પ્રેમે ભીનાં નયન મધુરાં–બે અહિં મળી;
મ્હને રાખે કેદી કરીં તુજ સમીપે, મુજ કળી !
તથાપિ છે જાવા સબળ મૃદુ બન્ધેથીં નિકળી. ૧

ધડ્યાં કર્તવ્યો જે મનુજશિર મૂક્યાં જગપતિ,
ઉવેખ્યાં એ જાએ કયમ કરીં પ્રિયે ! ક્હે મુજથકી ?
વિલાસો પ્રેમીલા નવ ગણું કદી નીરસ વળી,
અરે તોએ આજ્ઞા શિર ધરવીં જે જાય ન ટળી. ૨

વિલાસો રાખ્યાછે અનુપમ ભરીં આગળ બીજા,
રમી ઝીલીશું તે અહિં થકીં વિસામો લઈશું જ્યહાં;
નહિં ત્ય્હાં તો બીજો શ્રમ કંઇ, ત્યહાં તો ચિરલગી
તણાયા જાવાનું સુખસરિતમાંહિં, પ્રિયસખી !" ૩

"અરે ક્ય્હાં છે, ક્હો, એ, નહિં સહજ વાહી જઈશ હું."
"નથી દીઠા ત્હેં શું ? સુણય, સુણય, અધીરી ! સહુ કહું;–

નથી જોતી શું તું અનુપમ પ્રદેશો ઝળકતા,
ન્હણે પેલા સન્ધ્યાશિખરની પછાડી છૂપી રહ્યા ?" ૪

"અરે ક્યહાંછે, ફ્હો, એ ? સહજ નહિં વાહી જઈશ હું."
"ન્હણે, ઘેલી ! પેલા, અમળ પસર્યા, શું બીજું કહું ?
ન્હણે પેલો મેઘે કનકગિરિ લાંબો કીધ ઊભો,
પછાડી તે ઝાંખે ભૂમિ, જહિં રહ્યાંછે ચિરસુખો." ૫

"અરે વ્હાલા ! સ્વપ્નાં, સકળ તુજ એ તો કવિપણું,
તૃષાપીડયાં દેખે મીઠું જળ સૂકે રાન હરણાં."
"અરે કાં ભૂલે તું ? કવિત નિકળે એ ભૂમિથકી,
નહિં સ્વપ્નાં એ તો, સહજ ઉપલબ્ધિ હૃદયની." ૬

"ભલે વ્હાલા ! જાઓ સફળકૃત થાઓ, ઝટ પછી
અહિં આવો, લ્હાવો લઈશું બમણો તો ફરી મળી."
"પ્રિયે માં તું મુને ગણતી તુજમાં પ્રેમવિમુખો,
જડયો તુંમાં મ્હારો જીવ, તુજમહિં છે મુજ સુખો. ૭

કસ્યું કાચા સૂત્રે હઇડું મુજ વ્હાલી ! સજડ ત્હેં,
જડયું પ્રેમે ત્હારા હૃદય સરસું તે નહિં છૂટે.—
સમર્પી આ મ્હારો જીવ સકળ આ ચુમ્બનમહિં
ત્હને આપું, લે આ,—લઈશ ફરી પાછો મળી ફરી. ૮

## વિપદમાં ધારણ કરનાર બળ.

સીતાના મહિનાની ચાલ.

કળી પદ્મ કરી મૃદુહાસ અનિલસંગ ખેલતી,
નીચે જળમાં નિરખંતી નિજ મુખ, ઘડી ઘડી લ્હેરતી,
તે શું દેખે ન્હણે પેલો દૂર રહ્યો હેનો વેરી જે,
ક્રૂર શિશિર, જે દેશે પીડ દુઃખે હેને ઘેરીને? ૧

વર્ષાભીની વળી વનભૂમિ હસંતી રસાળ જે,
જય્હારે નિરખે હેને રવિરાજ છેદી મેઘમાળને,
તે શું જાણે ન્હણે પેલી પાસ બીજે ક્ષણ આવતી
ઘનઘોર ઘટા દેતી દુઃખ હેને અકળાવતી ? ૨

વ્હાલી ! અહિં તું રમે રસભેર આનન્દ. ઉછંગમાં
નવ જાણ્યો હજી કદી શોક, રહી સુખરંગમાં;–
કદી આંસુ ઢળ્યાં બે ચાર સહજ સુખભંગથી,
તોએ ત્હેમાં વહે આનન્દ ઝીણાશા તરંગથી. ૩

પણ, વ્હાલી ! ત્હને મહાદુઃખ કદી લેશે ઘેરીને?
કુમળું તુજ આ હઇડું તે વેળ લેશે કોણ ધારીને?
મુજ સબળ પ્રેમ કદી રાખે હઇડાને એ ભીડીને,
પણ તે પ્રેમનો આધાર ગયો કદી ઊડીને ? ૪

પદ્મકળીને શિશિરમાં જેહ એક રાખે ધારીને,
ભૂમિ મેઘે કરી નિસ્તેજ લેશે જે સંભાળીને,–

તે જ એક મ્હારો આધાર પ્રબળ દુઃખસિન્ધુમાં,
એમ જાણીને હું આવાર રમું આનન્દમાં. ૫

---

## મિશ્ર થએલી બે છાયા.

રોળાવૃત્ત. ચોગમ આ વન મહિં અહિં ચાંદા ખીલી હસતી,
ને જો આ તુજ વદનમહિં પ્રેમે એ વસતી.
આ જો ને મુજ છાય પડી બાજૂએ ઊભી,
ત્હેમાં મળી જઈ અહિં છાય તુજ કે'વી ડૂબી! ૧
પણ એ તો ક્ષણમાત્ર અહિંયાં રહેશે ભેળી,
બીજી ક્ષણમાં એહ છૂટીને જાશે વ્હેલી.
વ્હાલી ! આ ભવમાંહિં આપણી જીવનછાયા
રહેશે ક્ષણ એકઠી ! ગહન શી ભવની માયા ! ૨

---

## સંસ્કારોદ્બોધન.

વસન્તતિલકા. આ તે જ સ્થાન, અહિં આપણ બે ઊભેલાં,
લેઈ વદાય ગઈ દૂર તું જેહ વેળા;
જોતાં જ તે સમયની સ્મૃતિ જો શી જાગે !
તે શાન્ત મધ્યરજની ફરી ઊભી આગે ! ૧

શીળીશી ચાંદની વિશે શું કરંતી સ્નાન
તે રાત્રિ કહેવી દીસતી હતી દીપ્તિમાન !
ને શ્યામવર્ણું લઘુ ખન્ડ જ મેઘકેરા
ભૂલા પડ્યા કહિંથી આવી નભે ઠરેલા; ૨

દેદીપ્યમાન રજની મહિં તે જણાય
જે'વાં જ બાળભૂતડાં ભૂલી જાતિન્યાય
આવ્યાં નિષિદ્ધ સ્થળમાં તજી અન્ધકાર,
ને વિસ્મયે ઠરી રહ્યાં સ્થિર તેહ ઠાર.— ૩

પેલી ઘટા તરુતણી જહિં તે જ રાતે
બે આપણે વિચરિયાં લઈ હાથ હાથે;
વૃત્તાન્ત પૂર્વ તણી મૂર્તિ વિરાજે પાછી,
વીત્યા દિનો અધિક તોય ન થાય આછી. ૪

જો બાર કુમ્ભ દિન તે થકી માંડી આજે
ખાલી કર્યા ફરી ભર્યા અહિં ચન્દ્રરાજે.
હા ! એટલી અવધિમાં સુખદુઃખરંગ
શા આપણે અનુભવ્યા હશે રોઈ સંગ ! ૫

છૂટાં પડ્યાં, ફરી મળ્યાં, ફરી જો વિખૂટાં,
ભેટ્યાં હસ્યાં, ફરી રડી રડી આંસુ ખૂટ્યાં !
તે શોકવાદળ માંહિં મળી એક ચંદા
સીંચંતી શીળી હઇડે સુખલ્હેર મન્દા,— ૬

જે આપણે મન વશી; પ્રિય ! કોણ, કહે તે ?
મીઠી સખી તુજ, અને મુજ બ્હેની છે તે,
હા ! તેથી ને તુજથી આ ક્ષણ દૂર હું છું !
શું આપણે ત્રણ ફરી મળીશું, હું પૂછું ? ૭

થાશે સખી દિવસ અલ્પ વિશે પરાઈ,
પામી રુડો વર અને સુખ સર્વ લાહી,
જાશે ભૂલી પછી ત્હને મુજને સખી તે,
કે રાખશે સ્મરણ આપણું કાંઇ ચિત્તે ? ૮

ના, ના, ભૂલે શું ? અપરાધી બનું હું કહેવો
પ્રેમી સખી તુજ વિશે કરી તર્ક હેવો ?
તો એ ફરી મળવું દુર્લભ હેતું માનું,
ને ખેદ પામું તદપિ સુખ થાય છાનું;— ૯

છૂટાં અહિં પ્રિયજનો રહીશું વશેલાં,
ને દોહલા ફરી સમાગમ તો રસીલા;
તેથી જ નિશ્ચય કર્યો દૃઢ ચિત્ત આ મ્હેં—
વ્હાલાં ફરી સહુ મળીશું અનન્ત ધામે ! ૧૦

ત્ય્હાં તો ફરી નવ કદી જ વિયોગ સ્હેવા,
નિત્યે નવાં સુખતણા સહુ સ્વાદ લેવા;
આનન્દ કેરી નદી ત્ય્હાં ન કદી વિરામે,
વ્હાલાં તહિં કરીશું સ્નાન અનન્ત ધામે ! ૧૧

# લગ્નસમયે એક કુસુમપાત્રની ભેટ મોકલતાં.

મહીદીપ છંદ.

પ્રેમબન્ધ બન્ધુતણો, વિશ્વજનો બોલે,
બાંધિયો પ્રભુધામથી જ જન્મથકી જોડે;
જનનીજાત ભગિનીભ્રાતની સમાન આંહિં
મનુજરચિત બન્ધુતણો પ્રેમ બને નાહિં. ૧

એમ ભલે વિશ્વ લવે,—મેળવીછ મ્હેં તો
ભગિની એક જેહ—સ્નેહ સુખ અનુપ દેતો;
જનનીજાઈ એહ નાહિં તદપિ તેહ ત્હેવી,
અધિક તેથી વા કહું શું ? કોણ તેહ જેવી ! ૨

બ્હેનિ ! તેહ તું જ, જગઅરણ્ય વિશે લાધી
શીતતરુઘટાસમાન હરતી પીડ બાધી.
તું હવાં પરાઈ થઈ દૂર, દૂર, ચાલી,
દોહલી ફરી ભેટ થાવી જાણું બ્હેની વ્હાલી ! ૩

તો હું ભેટ અલ્પ આજ મંગળ દિન ધારી
અર્પું, તે રખે અમાન્ય કરતી બ્હેની મ્હારી !
દૂરદેશમાં કુટુમ્બકાર્યમાં ગૂંથાઈ
જે ઘડી તું મુજને વિસારી દઈશ કાંઈ, ૪

તુજ સમાન મધુરકુસુમકળીસમૂહભારે
ભરિયું પાત્ર તુજ નયનસમીપ આવી ત્હારે
સ્મરણ કંઈ કરાવશે જ તુજ્મ એક કેરું
જેહ-હૃદય છે સદાય સ્મરણ તુજ વશેલું, ૫
જેહ-હૃદય શોકતિમિર વ્યાપિયું વિદારી
એક વેળ ચન્દ્રિકા તું બની રહી હમારી.
તે કૃતજ્ઞતાનું ચિહ્ન ભેટ આ જ ધારી,
કે ગણી જ સ્નેહચિહ્ન, લે તું એ સ્વીકારી. ૬

મન્દહાસ મૃદુવિકાસ કળી ગુલાબકેરી
દ્વાર તુજ અનેક વેળ મ્હેં દીઠી ઠરેલી;
ધરણી માત સંગ બાથ એ ભીડી રહેલી,
શી સુખસ્વરૂપ ર્‌હેતી રંગરેલ રેલી ! ૭
કદી ન તોડી તેહ માડીથી વિખૂટી કીધી,
કોઈ કુસુમપાત્ર માંહિં નાહિં અર્પી દીધી;
કુસુમપાત્ર પળ જ માત્ર કળી રમ્ય રાખે,
કરમી ત્હાં બીજે ક્ષણે સુગન્ધ તે ન દાખે; ૮
મધુરી કળી સરીખી પાત્ર શુભ તું પામી આજે,
આશિષ દઉં આ હું તે તું સંગ લેતી જાજે;—
ધરણીમાતથી વિખૂટી કળી સુકાય જેવી,
મા તું બ્હેની કળી ! કદાપિ કરમી જતી ત્હેવી ! ૯

## અભિનન્દનાષ્ટક.

તોટક. અભિનન્દન આજ દઉં ત્હમને
મુજ સર્વ સહોદરને સુતને,
ફુલડાં વીણતાં સુખવાડીવિશે
ચિરકાળ ફરો રમો સર્વ દિશે. ૧

કદી કણ્ટક કોમળ અઙ્ગુલિયે
અથવા ચરણે સહી પીડ દિયે,
ઉપચાર રૂડા કંઇ વૈદ્યતણો
ઝટ આદરજો, શમી જાય વ્રણો. ૨

સહુ વૈદ્યતણો વળી વૈદ્ય જ જે
કદી એક ઘડી ત્હમને ન તજે,
ત્યમ તેતણું સેવન આદરજો,
નિત્ય ભક્તિરસે હઇડું ભરજો. ૩

હઇડું ભરિયું મુજ આજદિને
કંઇ હર્ષવડે કંઇ શોકગુણે;
સુખદુઃખસરિદ્યુગસંગમમાં
હઇડું મુજ ન્હાતું રહે હમણાં;– ૪

પ્રતિનૂતનવર્ષદિને ચરણે
હું કૃતાર્થ થતો નમી જેહ તણે,

નહિં તે શુભધર્મની મૂર્તિ હવાં,—
જગ ! રૂપ ધરે તું નવાં જ નવાં ! ૫

અહિં ઇન્દ્રધનુ અનતું નિરખું,
રમણીય સુરંગથી શું હરખું ?
નથી આ રચી જ્યહાં હું રહ્યો રચના
થઈ લુપ્ત ખચી મધુરી ઘટના. ૬

ક્યમ શોક ધરું મન તો હું હવાં ?
જગ ! રૂપ ભલે તું ધરે જ નવાં;
મુજ પૂજ્યપિતાતણી મૂર્તિ હૃદે
ધરી નિત્ય ફરું હું પદે જ પદે. ૭

મુજ સર્વ સહોદર ! તાત સ્મરો,
વળી **તાતમહાન**નું ધ્યાન ધરો;
કરી યુગ્મપિતા તણું વન્દન હું,
દઉં આ સહુને અભિનન્દન હું. ૮

---

## ત્હારી કાન્તિ, પ્રેમ, અને આત્મા.

દિંડી. ક્હેવી શાન્ત શીળી કાન્તિ મુખની ત્હારી
દીપે ઝીણી ચાંદની સમાન, વ્હાલી !

નૅન મીઠડાં ઝરંત અમી ધીરે,
સ્મિત મધૂરું વહે શીતળી લહેરે. ૧

દેખું હેવીં ત્હારીં કાન્તિ માંહિં રમ્ય
ત્હારીં પ્રેમનદીકેરું પ્રતિબિમ્બ,
વ્હેતીં જે'નીં મન્દ લહરિ ગાન લેતી
પ્રેમઅનિલ ચૂૅમે મુંજ જો રસેથી; ૨

નિકર શબ્દ વિણ સર્વદા જતી એ,
વ્હેતીં છાનીં તરુકુંજ મૃદુગતિએ;
સિન્ધુ સરીંખો ઘુઘાટ નવ કરંતી,
મહાનદસમાન નાદ ના ધરંતી. ૩

તેમ શાન્ત કાન્તિમાંહિં જે રમંતો,
ત્હારીં ધીરીં પ્રેમસરિતમાં ભમંતો,
સદા શાન્તરૂપ તેહવું જ, વ્હાલી !
ધીર અન્તરાત્મ તુજ રહે ધારી. ૪

---

## પ્રેમી જનનો મંડપ.

શિખરિણી. ગૂંથીં ડાળી ડાળી ભીડીં સજડ આલિઙ્ગન ત્હમે
રહ્યાંછો વીંટાઈ, નહિં અલગ થાશો વળીં કયમે;

ભલે ગાજે ઘૂમે પવન કરી તોફાન ઉપરે
ત્હમે ર્‌હેશો ભેટ્યાં તદપિ રહી આ મણ્ડપ તળે. ૧

વળી વાશે ઝીણી અનિલલહરી જો સુખકરી,
ત્હમે તો એ ત્હેવાં અહિં વળગી ર્‌હેશો થિર ઠરી;
હશી ભૂરું ભાળે નભ કદી, કદી મેઘ ગગડે,
ત્હમે ર્‌હેશો તો એ વળગી રહી આ મણ્ડપ તળે. ૨

'અરે વ્હાલી! હાવાં વળગી વળગી આપણ સદા
રહીએ ભેટેલાં, નવ કદી પડીએ જ અળગાં.'
કદી ઊર્મિ હેવી નિરખી ત્હમને ઊઠતી મને,
નિરાશાએ પાછી શમી હૃદયમાં પીડતી મ્હને. ૩

હમારે તો સર્જ્યું વિરહદુખડું સ્હેવું જ સહી,
સુખે વા દુઃખે વા મળવું પ્રિયનું શાશ્વત નહિં;
કદી જો નાચંતી મુજ સમીપ આનન્દલહરી,
નહિં તે વેળા તે લહરીજળ પીવા મુજ સખી; ૪

અને જ્યહારે હૈડે ધુંધવી ગુંગળાવે વિપતડી,
મીઠાં નેને ત્હેને હરતી મુજ વ્હાલી દૂર પડી;
દશા હેવી છે જ્યહાં તહિં કયમ કરી નિશ્ચય મળે,–
ખરે ર્‌હેશું ભેટ્યાં ઘડી પણ અહિં આ નભ તળે? ૫

અહિં ખેંચે આજ્ઞા અટળ દૃઢ કર્તવ્યની મુને,
મૂકી દે આ ગાઢું મૃદુ કરતણું બન્ધન હવે;

મ્હણે મિત્રો પ્રત્યે ફરજ મુજને તાણતી પ્રિયે !
કહો ક્યહાંથી કોટે વળગી રહિયે હાવી સ્થિતિયે ? ૬

અરે એ તો ખોટું, અચળ બળ બીજું મુજ કને,
મળેલાં કે છૂટાં પ્રિયજન રહો, દુઃખ ન મને;
ગૂંથ્યું હૈડે હૈડું, અજડ જીવડો જીવશું જડયો,
હમે હેવાં ભેટયાં રહીશું સુખ હો કે દુઃખ પડો. ૭

ભલે ત્હારે ભેળાં રહી નયન ભેટે નયનશું,
વસે વા વિખૂટાં, તહિં મન ધરું દુઃખ ન કશું;
અને ઈર્ષ્યા નાવે, અજડ ગૂંથિયાં વૃક્ષ ! તમપે,
જ્યહાં સૂધી ભેટયા અમર અમ-આત્મા ચિર તપે. ૮

---

## વસન્તની એક સાંજ.

તોટક.

જહીં રત્નવટે રૂડી વ્યોમભૂમિ
કરી સાફ, તહિં રસભેર ઘૂમી,
રમતો કદલી સહુ તાળી દઈ,
કંઇ ધીર સમીર વહેછ અહિં; ૧
નિજ પાંખ પરે વહી ગાન ઝીણું,
નહિં કોયકી જે કહી જાય સુણ્યું,

લઈ તે મુજ અંતરમાંહિં ભરે,
મુજ અંતર ગાનથી ત્ય્હાં ઉભરે; ૨
મહિં રમ્ય અનેક છબિ ચિતરે,
મહિં એક પ્રિયાતણી મૂર્તિ તરે;–
અહિં આ સમયે રુડી શાન્તિ ફરે,
તુજ, તેહ, પ્રિયે ! શીળી કાન્તિ ધરે. ૩

પણ વ્હાલી અહિં મુજ પાસ નહિં
ઝીલવા સુખ આ ક્ષણ રમ્ય મહિં;
તદપિ મુજને અહિં ઊભી દીસે
વળગી, પ્રિય ! તું મુજ અઙ્ગ વિશે; ૪

નભ તારકથી ચળકંત રુડું,
વહી મન્દ સમીર દિયે સુખડું,
સહુ તે મુજને તુજરૂપ દીસે,–
વળગી પ્રિય શું મુજ અઙ્ગ વિશે ! ૫

---

## ગાનસરિત.

*ગરબી. જ્ય્હારે વ્હેતી ગાનસરિત અલબેલડી,
લહરી મીઠી લચી લચી લેતી રંગમાં,

---

* 'આસો માસો શરદ પુન્યમની રાત્ય જો.'—એ ચાલ.

ત્હારે રૂડી આનન્દની હોડીએ ચઢી
વ્હેતો ચાલું હું એ સરિતતરઙ્ગમાં. ૧

પછી કોયલડી ગાતી હો મૃદુ કણ્ઠથી,
કે ગંભીરું નદી ગાય શિલા સંગમાં,
કે ઝૂમે તરુ પવનલ્હેર રવ મન્દથી,—
વ્હેતો ચાલું હું એ સરિતતરઙ્ગમાં. ૨

પણ જ્યહારે એ ગાનસરિત રળિયામણી
ચાલે લલનાકણ્ઠમહિંથી ઉમંગમાં,
ત્હારે મુજ આનન્દહોડી ઉછળી ઘણી
વ્હેતો ચાલું હું એ સરિત તરઙ્ગમાં. ૩.

ને વળી જો તે લલના મુજ હઇડામહિં
કો ઠામે કરી વાસ રહે સુખરંગમાં,
તો તો પછી ભૂલી ભાન ગાન સુણતાં તહિં
વ્હેતો ચાલું હું એ સરિતતરઙ્ગમાં.

તો પણ, તો પણ, વ્હાલી! સુણ્ય કહું વાત હું,
કદી તવ કણ્ઠ રમે નહિં ગાનપ્રસઙ્ગમાં,
ન ગણું એ ઊણું જ્યહાં લગી તુજ સાથ હું
વ્હેતો ચાલું બીજી સરિતતરઙ્ગમાં. ૫

સ્મિત ગાતું તુજ નયન મીઠાં ગાતાં વળી,
ને મુખકાન્તિ સલૂણી ગાતી ઉછરંગમાં,
ને તે સહુમાં પ્રેમગાન વ્હેતું ભળી,–
વ્હેતો ચાલ્યું એગાનનદીતરઙ્ગમાં. ૬

## ત્હારી છબિ નથી.

શિખરિણી.વસે જે'વી કાન્તિ તુજ મુખવિશે એક સમયે
લઈ ત્હેવી ત્હેવી સ્થિર કરી મૂકે જેહ છબિ તે
નથી તો શું ઊણું ? મુજ હૃદયમાં ત્હારી છબિ જે
છપાઈ મ્હોટી તે સ્થિર રહી કહિં જાય ન ખીજે. ૧

ધરું નેનો સ્હામી જડ છબિ દીસે તે જ સમયે,
ખશેડી કે ન્હાસે;–પણ પડી અહિં જેહ હૃદયે,
અરે ! તે તો કોદી નજર સમીપેથી નવ ખસે.
જ્યહાં જાઉં ત્યાંહિં મુજ નયન આગે ઊભી હસે. ૨

કદી કાળે પેલી જડ છબિ વિનાશે પડી જશે,
અને આ તો મ્હારે હૃદય જડી તે ત્યહાં જ જડી તે;
છબિ કહોને કાજે ? મુજ અરથ જો તેહ ઘડવી;
વૃથા એ તો વેઠયો,–મુજ હૃદયમાં તે નવનવી; ૩

ભર્યાં શીળે તેજે નયન હરણાશાં ચપળ આ
ઠરે મ્હારાં નેને પળ, વળીં પળે ભૂમિસરસાં;
કદી ગાલે મીઠી સ્મિતસખીં રમે ગોળ લહરી,
જ્યંહાં નાચે પેલો મદનનટ હોંસે ફરીં ફરી,— ૪

કહો એ તે ક્યહાંથી છબિ જડ મુને દાખવીં સકે?
ભલે ત્ય્હારે આ તો હૃદય જડીં તે ત્ય્હાં જ જડીં રૂહે;
અને આ હૈડે તો છબિ નવનવાં રૂપ ધરતી,
ફરે સન્ધ્યા–અભ્રે વરણ જ્યમ તે તેમ ફરતી;— ૫

કદી તેજીલાં એ નયન મહિં આનન્દ ઊછળે,
કદી શોકે ઘેર્યાં તદપિ મીંઠડાં મન્દ પડીં રૂહે,
કદી પ્રેમીલાં એ, પ્રીંતિઝરણ તેમાંહિં ઊભરે,
કદી રીસાએલાં અધિક ધરીં શોભા મન હરે;— ૬

બધી હેવી મૂર્તિ વિધવિધ ધરે રૂપ રસીલાં,
પૂર્યો જે'માં રૂહેતો અખૂટ મધુરો પ્રેમ જ સદા,–
બધાં એ તો રૂપો મુજ હૃદયમાંની છબિ ધરે,
કહો એ તે ક્યહાંથી જડ છબિ મુને દાખવીં સકે? ૭

## ઉનાળાના એક પ્હરોડનું સ્મરણ.

વસન્ત- વ્હાલી ત્હને સ્મરણ છે ? કદી એક વેળા
તિલકા. સાથે પ્હરોડમહિં આપણ બે ઉભેલાં;
ક્‌હેવું હતું સઘળું શાન્ત જ તે સમે ત્ય્હાં,
શીળી ઉષા પણ સૂતી હતી જાગતી જ્યહાં; ૧

હેની સલૂણી રુડી કાન્તિ તું જોતી ઊભી,
ને હું ઉષાતણી અને તુજ જોઉં ખૂબી;
આવે સમીર મૃદુ રમ્ય ઉષામુખેથી
તે ચૂમતો તુજ કપોલ પૂરે સુખેથી; ૨

ને એક વાળલટ ભાળપરે પડેલી
ત્હેને સમીર નચવે હળવે ખશેડી;
ને મન્દહાસ તુજ નિરખીને ઉષાએ
જે હાસ કીધ મૃદુ તે વિસર્યું ન જાએ. ૩

“ આ કે'વું રૂડું સઘળું અહિંયાં દીસે છે ! ”
બોલી તું એમ મીઠું સાદું જ તે સમે જે
તે તો વસ્યું હૃદય આ નહિં જાય ડૂબી,
સંભારી તે તુજ છબિ અહિં થાતી ઊભી. ૪

ને બોલતાં તહિં થયું સ્મિત ત્હારું ધીરે,
ને ઝીણી ગાલલહરી રમી ત્ય્હાં રહી જે,

ત્હેને ચૂમી લીધો રસીલો ! રસે ત્ય્હાં મ્હેં
તે દીઠું ઝીણી નજરે તહિં તારલાએ. ૫

---

## શિયાળાનું એક સ્હવાર.

ચોપાઈ છંદ. પ્રિય ! જો, રમ્ય આ શું સ્હવાર !
રવિનું તેજ જો સહુ ઠાર
રેલી રહ્યું કરંતું હાસ
પૃથ્વીપર અને આકાશ ! ૧
દેતું ઊંફ સુખમય આજ,
જીતી શીતકેરું રાજ્ય.
ન્હાવા તેજ સાગરમાંહ્ય
પંખીડાં ન્હ્હાણે શાં ન્હાય ! ૨

ઊડતાં અહિં તહિં સ્વચ્છન્દ,
રમતાં જુગલ ભરઆનન્દ;
બેસે એક ક્ષણ તરુડાળ,
પાછાં ઊડી જઈ તત્કાળ, ૩

તરતાં તેજસાગરમાંહ્ય
મીઠું ગાન ગાતાં જાય !

તેહને પ્રેમભર ભેટે આજ
નિરખી એ રહ્યા રવિરાજ !

પ્રયાલિંગ લટકે આમ
સ્વાનુલિંગ રહ્યું આ ઠામ
તેપર ઊભું નવજલવૃન્દ
મન્દ ઝૂકે અમીરે મન્દ, ૫

રમતું આ બેઉ તરુને હાથ
એહું સુરનું સુગમ રસાળઃ
કાન્તા સહે ચઢીયે આજ
બોલે મીઠું ગુરુરાજ.—

" કાન્તે ! આજદિન આનન્દ
રચિયે આપણે સ્વચ્છન્દ.
જો, આ હાસ કરી રવિરાય
લાંબા કર પસારી આંહ્ય ૭

આલિઙ્ગન ભરે ભરરંગ
ધરણીને ધરી શું ઉમંગ !
ને આ ગાન ગાઈ સમીર
ચૂમે તરુલતાને ધીર. ૮
ચાલ્યા પ્રેમકેલિતરઙ્ગ,
ગગન વ્યાપિયો ઉછરંગ;

આજે આપણે પણ આંહિ
ઝીલિયે રસતરઙ્ગો કાંઇ. ૯
ધરિયો જન્મ સુખને કાજ
તો શું તજવું હેને આજ ?
ભૂલી ભૂતભાવિખેલ,
આ ઘડી રંગ રમિયે રેલ." ૧૦
હાવાં ચાટુ વચન ઉચારી,
શુક શો ચુમ્બતો નિજ પ્યારી !
વ્હાલી ! નિરખી આ સુખમૂળ,
વર્તન રાખ્ય તે-અનુકૂળ. ૧૧

---

## કોયલનો ટહુકો.

રાગ સોરઠ. અલી કોકિલા! ટહુકો મીઠો તુજ માહરે હઇડે વશ્યો,
તાલ ઝંપા. સુણી તેહ આ હઇડે બીજો ટહુકો ઝીણો ઊઠીને ધશ્યો.
અલી કોકિલા ! ૦

શીળી ચાંદની આલિઙ્ગતાં સ્મિત જ્યહાં કરે લહરી ઝીણી,
સિન્ધુ એહવો આનન્દનો ક્ષણ ઝાંખું તે ટહુકો સુણી,
અલી કોકિલા ! ૦

---

## મધ્યરાત્રિયે કોયલ.

વિષમ હરિગીત.

શાન્ત આ રજની મહિં મધુરો કહિં રવ આ–કુહૂ–
પડિયો ઝીણો શ્રવણે અહિં? શું હું સ્વપ્નમાં સુખ આ લહું?
મન્દ વાઈ સમીર આ દિશ જો વહે રવ એ ફરી,
નહિં સ્વપ્ન, એ તો ગાન પેલી ગાય કોયલ માધુરી. ૧

મધ્યરાત્રિ સમે ત્હને અલી કોકિલા! શું આ ગમ્યું?
હાં, મેહુલો વરશી રહ્યો ત્હેણેથી તુજ મનડું ભમ્યું;
દુઃખ નવ સ્વપ્ને દીઠું ને સુખ મહિં તું રેલતી,
આ રમ્ય રાત્રિ મહિં અધિક આનન્દગાને ખેલતી. ૨

નીતરી રહી ધોળી વાદળી વ્યોમમાં પથરાઈ આ,
ને ચાંદની ઝીણી ફીકી વરશી રહી શી સહુ દિશા!
ગાન મીઠું અમીસમું ત્હેણે ભર્યું તુજ કણ્ઠમાં,
આ શાન્તિ અધિક વધારતું તે જાય ઊભરી રંગમાં. ૩

નગર બધું આ શાન્ત સૂતું, ચાંદની પણ અહિં સૂતી,
ને વાદળીઓ ચપળ તે પણ આ સમે નવ જાગતી,
અનિલ ધીરે ભરે પગલાં પળે શાન્તિ રખે સહુ,—
ત્યહાં ઉછળતી આનન્દરેલે કોકિલા બોલે–કુહૂ! ૪

સૃષ્ટિ સઘળી શાન્ત રાખી મુજને જ જગાડતો
ટહુકો મીઠો તુજ પવનલહરી સંગ જે બહુ લાડતો;

ગાન તુજ સીંચે હૃદયમાં મોહની કંઇ અવનવી,
ભૂલીં ભાન,તજી મુજ રમ્ય શય્યા,હઇડું દોડે તવભણી.૫

દોડીં એલે મધુર તુજ ટહુકાની સંગે રંગમાં,
આનન્દસિન્ધુતરઙ્ગમાં નાચંતું એ ઉછરંગમાં;-
હા ! વિરમીં પણ ગયો ટહુકો, હૃદય લલચાવે બહુ,-
ફરીં એક વેળા, એક વેળા, બોલ્ય, મીઠીં ! ટુહૂ, ટુહૂ! ૬

---

## રાત્રિયે કોયલ.

*ગરબી. વ્હાલી, સાંભળ્ય પેલી કોયલડી તરુવૃન્દમાં રે
ગાતી છન્દમાં રે, વ્હાલી૦
શાન્ત રજનિમાં ચમકીં ચાંદની,
જો આછી પથરાઈ વાદળી,
આવે ટહુકો અનિલલ્હેર કંઇ મન્દમાં રે,
ગાતી૦ વ્હાલી૦ ૧

વ્હાલી ! એ તુજને બોલાવે,
મીઠી મીઠીને મન ભાવે,
દે ની પાછો ટહુકો કોમળ કણ્ઠમાં રે,
ગાઈ૦ વ્હાલી૦ ૨

---

* 'કામણ દીસેછે અલબેલા ત્હારી આંખ્યમાં રે.'—એ ચાલ.

કુહૂ કુહૂ કરી જો ફરી આવ્યો,
મીઠો રવ અમીરસ જો લાવ્યો,
કોયલડી રહી છૂપી ઝાડના ઝુંડમાં રે,
ગાતી૦ વ્હાલી૦ ૩

ચાલો પ્રિય ! સુણિયે એ મીઠી,
મ્હેં મધુરી ગાનનદી દીઠી,
ચળકંતી ચાલે જે પેલા ચંદમાં રે,
ગાતી છન્દમાં રે;
વ્હાલી, સાંભળ્ય પેલી કોયલડી તરુવૃન્દમાં રે. ૪

---

## વસન્તમાં એક સ્હવારનો સમય.

ગીતાવૃત્ત. આ મ્હોટું મેદાન વિસ્તર્યું વ્યોમતણું ત્હાં
રમતી દોડાદોડ્ય સુનેરી વાદળિયો આ,
ને તે નિરખી રહ્યો, ઊજળું હાસ કરંતો,
ઊભો બાજૂપરે, સૂર્ય આનન્દ ધરંતો; ૧

ને તરુવર વળી નીચે નિહાળે નિજ છાયા જે
ડૂબતી વાદળીતણી છાયમાં વારે વારે.–
હા ! આ સહુ સૌન્દર્ય રમે સ્વચ્છન્દે ત્હેની,
જડ મુજ હૃદય ! તું કેમ લહે નહિં પ્રતિમા, ક્હેની ? ૨

અરે ! ઊડીને ગયા દિવસ પ્હેલાંના લાગે,
જ્યહારે આર્ય પુરાણુ નિરખતા નજરો આગે
ઉષા ઊજળી બેઠી રહી સુન્દર રથ માંહે
જે રથને દીપતા અશ્વ રાતા જોડાએ; ૩
જ્યહારે વળી ભયભીત આર્ય સુણુતા નિજ શ્રવણે
મરુતો કેરો નાદ સિંહ સરિખો જે ગગડે;
ને જ્યહારે નિજ નેન નિરખતા ભાવ ધરીને
ભમતો જે પર્જન્ય ઉદકમય રથે ચઢીને. ૪

---

## હૃદયપ્રતિબિમ્બ.

વસન્તતિલકા. ભૂરું વિશાળ નભ વિસ્તરીને પડ્યું'તું,
ને સૂર્યતેજ હર્ષો મન્દ તહિં સૂતું'તું,
મધ્યે સુનેરીવરણી કંઇ વાદળીઓ
સંદેશ શા લઈ જતી હતી પાતળીઓ ! ૧
સૌન્દર્ય એ મધુર કેરું કરંત પાન
નેનોથી હું તહિં ઊભો ભૂલી સર્વ ભાન,
મીંચાય ના નયન તો પળમાત્ર મ્હારાં,
સૌન્દર્ય એ તણી જ્યહાં વરસંતી ધારા. ૨
આનન્દ એ અનુપમાં તરતાં તરંતાં
અંતે મીંચાઈ મુજ લોચન ત્યહાં ઢળંતાં;

એ સ્વપ્ન જેવી સ્થિતિમાંહિ રહી તથાપિ
એ રમ્ય મૂર્તિ મનમાં મુજ ત્યાંહિ છાપી;- ૩

પાછું વિશાળ ભૂરું વ્યોમ ઊભું છવાઈ,
પાછી તરંતી ઝીણી વાદળી ત્હેની માંહિં;
ને આંખ્ય તો રહી મીંચી બધી તેહ વેળા,
જ્ય્હાં પ્હેલી મૂર્તિથી વિશેષ રૂડી રમે આ. ૪

હા ! તોય એ છબિ રહી પળવાર ઊભી,
ફૂડો વહ્યો અનિલ ને ગઈ એહ ડૂબી,
ડૂબી અને ઊઘડિયાં નયનો જ મ્હારાં,
આકાશ દીઠું પણ પેલી છબી ગઈ ક્ય્હાં ?— ૫

હાવી અનેક રમણીય સમે છબીઓ
આ સૃષ્ટિમાં ઘડી ઘડી જ નવી નવીઓ,
ત્હેમાંની એક પણ આમ લગાર રૂહે જ્ય્હાં,
તો સર્વકેરું પડવું પ્રતિબિમ્બ તે ક્ય્હાં ? ૬

છે આટલી તદપિ આ હ્રદયે વશેલી
ઇચ્છા અલભ્ય સુખ મેળવવે શું ઘેલી,—
જે જે રમે અનુપ રૂપ જ સૃષ્ટિ મધ્ય
ત્હેનું થજો વિમળ દર્પણ હૈડું સદ્ય. ૭

# એક નદી ઉપર અજવાળી મધ્યરાત્રિ.

†ગરબી. સૂતી સુંવાળી સરિત ચંદશું હાસ કરે,
નાચંતું તેહ–ઉછંગ લ્હેરિયું કૂદી પડે. ૧
આ મધ્યરજનિ રમણીય વિશે નદી નદીતટને
આ રજતકૂર્ચ લઈ ચંદ રંગતો શુભ વરણે. ૨
આ ભવ્ય બુરજ ગઢતણા નદીતટ રોકી કરે,
કંઈ બિહામણું અદ્‌ભુત ભૂતનું રૂપ ધરે. ૩
અહિં શાન્તિદેવીના મન્ત્રવડે મૂર્છિત બનિયાં
સરિતા, તટતરુનાં ઝુંડ, અર્ધનિદ્રિત પડિયાં. ૪
જો ! સરિતાનો ઘુઘવાટ શિલામાં અથડાતો,
ને મધુર લ્હેરિયાતણો નાદ ગદ્‌ગદ થાતો; ૫
એ નાદવડે નિઃશબ્દ શાન્તિના રાજ્ય વિશે
નવ ભઙ્ગ થતો કંઈ લેશ, શાન્તિ અદકી જ દીસે. ૬
એ નાદ અલૌકિકરૂપ સુણંતાં શ્રવણ ધરી
તરુવૃન્દ તટોપર નમ્યાં ધ્યાન એકાગ્ર કરી; ૭
સુણતા વળી યુગનાદને બુરજપાળા ગઢના,
સુણતો મૃદુ પ્રેમે ચન્દ્ર એહ રુડી રવઘટના. ૮

---

† 'ઇ.તલાસની આરશી સાહી, મ્હેં જોયું માંહિ',
થિર થાવર દીઠું ન કાંઈ, ફરતી છે છાઈ.'—એ ચાલ.

આ વેળ અનુપ આ સ્થાન વિશે અદ્ભુત પસર્યું
કંઇ ગૂઢ અલૌકિક સત્ત્વ જેહ નવ જાય કળ્યું. ૯
પસર્યું એ સરિતારવે, પસરિયું તરુકુંજે,
પસર્યું ગઢબુરજોપરે, પસરિયું જળપુંજે. ૧૦
એ ગૂઢસત્ત્વપ્રતિબિમ્બ પડ્યું મુજ હૃદયપરે,
હા! શબ્દમૂર્તિ શી રીત્ય એ પ્રતિબિમ્બ ધરે? ૧૧
ઓ સરિતા! ને ઓ ચંદ્ર! રજનિ ઓ દિવ્ય જ ઓ!
ઓ તરુરાજતણાં વૃન્દ!–સત્ત્વ એ દાખવજો. ૧૨

---

## ટેકરિયોમાં એક સાંઝનો સમય.

*ગરબી. પડ પાછળ પડ રચ્યાં ઊભાં શિખર ગિરિવરકેરાં,
રચ્યાં અર્ધચક્રનો વ્યૂહ ગૂંથાયાં અહિં ભેળાં; ૧
ઘેરી ઊભાં આ ઉચ્ચભૂમિ, નિરખી રહેતાં
ટગટગ કરી ભરઆશ્ચર્યભાવ અંગે લેતાં. ૨
નિર્જન વનમાં આ વેળ શૂન્યતા શી વ્યાપી,
વ્યાપી પેઠી ગિરિહૃદય, શાન્તિસત્તા સ્થાપી. ૩

---

* 'ઇતિહાસની આરશી સાહી, મ્હેં જોયું માંહિં,
ચિર થાવર દીઠું ન કાંઇ ફરતી છે છાંઈ.'—એ ચાલ.

અહિં શાન્તિશૂન્યતાપૂર સીંચ્યું અંગો અંગે
ધારે ટેકરિયો સર્વ, વૃક્ષ પણ તે સંગે. ૪
ગમ્ભીરશાન્તિસરજળે વિશ્વ અહિંનું ડૂબ્યું,—
અહિં ભય આશ્ચર્યનું સત્ત્વ મૂર્તિમત્ શું ઊભું ! ૫
આ સ્થળ મીઠી નીંદરે સૂતી શાંતિદેવી
ત્હેને ટેકરિયો સર્વ નિરખી રહી આ કેવી ! ૬
આ એક શિખરના સ્કન્ધ ઉપર ડોકું જ કરી
પાછળ ઊભું બીજું શિખર નિરખતું શું ફરી ફરી ! ૭
ગિરિટોચ છૂટાં તરુ ઊભાં ચોકી કરતાં જ શકે !
તે પણ અહિં અચરજ ધરી શાન્તિ સૂતી નિરખે; ૮
નિરખે જો વળી આ ઊંચે ચઢી વ્યોમ-અટારી
ચંદા કૌતુકથી ભરી મન્દ સ્મિત મુખ ધારી. ૯
નિરખે વળી સન્ધ્યાદેવી, રંગ નારંગ ઉરે
ધરી શુક્રતારલો બાળ, ભરી આશ્ચર્ય પૂરે; ૧૦
એ શુક્રબાળ પણ રહ્યો નિરખી કૌતુકભરિયો
નિજ દિવ્ય રુપેરી નેન નાંખતો શો ઠરિયો ! ૧૧
આ વેળ રઝળતું કોઇ પંખી રવ ઝીણુ કરે,
કે દૂર ગ્રામના વાસ વિશે કલકલ ઊભરે, ૧૨
તે પણ અહિં જાતા ડૂબી શૂન્યતાપૂર મહિં,
ને શાન્તિતણું સામ્રાજ્ય અડગ ર્‌હેતું જ અહિં. ૧૩

ને મધ્યરજનિ નભકુહર વિશે ધસમસી ભારે
વ્હેતો અણદીઠો પવનસિન્ધુ ઘુઘવે જ્યહારે, ૧૪

ત્ય્હારે પણ અહિં જે સૂતી શાન્તિ તે નવ જાગે,
ગાજે સ્વચ્છન્દ સમીર ભલે હેની આગે. ૧૫

આ નિબિડ શાન્તિનું સ્થાન ઈશ ! ત્હેં વ્યર્થ નાહ
રચિયું, કંઇ ગૂઢા ભાવ અર્પિયો એહ મહિં. ૧૬

આ શાન્તિપૂરનો અંશ હૃદય મુજ સીંચી લઉં,
એ અમોલ ફળનો લાભ લઈ હું કૃતાર્થ થઉં. ૧૭

---

## કોયલ.

†ગરબી. સુણી મધુરો રવ ઊંડો કદી આનન્દમાં,
કે શ્યામ વરણ સોધી ખેદ ધરો ત્હમે,
એ તો ગાતી ઘૂમશે તરુના વૃન્દમાં,
કોયલડી નવ લેખે ત્હમને કો સમે. ૧

વસન્ત ચૂમે વનવેલીને જ્યાહરે,
પવન એહશું હોળી વળી જ્યહારે રમે,
ભરઆનન્દે એ તો ગાશે ત્યાહરે,
કોયલડી નવ લેખે ત્હમને કો સમે. ૨

---

† ' આસો માસો શરદ પુન્યમની રાત્યજો. ' —એ ચાલ

કે ઘન નભમાં નાચે રંગે જ્યાહરે,
ને શીતળ સહુ થળ શાન્તિ વસે ચોગમે,
ઉછરંગે એ ગાશે મીઠું ત્યાહરે,
કોયલડી નવ લેખે ત્હમને કો સમે. ૩

---

## રાત્રિ.

*ગરબી. જ્વલંત ઝળહળ જ્યોતનો રે
સાળૂ રુડો પ્હેરી, હાંહાંરે સાળુ રુડો પ્હેરી,
ચમકતી મહિં ટપકી ઝીણી રે
તારાની વેરી, હાંહાં રે તારાની૦ ૧

મધ્ય ભાળ શુભ ચાંદલોરે
મ્હૉડચોળ રુપેરી, હાંહાં રે મ્હૉડચોળ૦
બની ઠની રજની ! રુડી રે
લહી કાન્તિ અનેરી, હાંહાં રે લહી૦ ૨.

ક્યહાં ચાલી ચપળા ! કહે રે ?
પ્રિય કોણ કર્યોછે ? હાંહાં રે પ્રિય૦

---

* 'સમીસન્ધ્યાએ હમે સાંચર્યાં રે, જમુનાંની તીરે
હાંહાં રે જમુનાંની તીરે.'—એ ઢાળ.

કોણુચિત્ત ચમકાવવા રે
શુભ વેશ ધર્યોછે ? હાંહાં રે શુભ૦ ૩

ધરે તું નિત્યનિત્ય જુજવાં રે
કંઇ રૂપ રસીલાં; હાંહાંરે કંઇ૦
કદી કાળી રુડી ચૂંદડી રે
ધરી કરતી લીલા; હાંહાં રે ધરી૦ ૪

કદી સાદી ઘનશ્યામળી રે
સાડી પર હોડે, હાંહાં રે સાડી૦
શાલ ગાઢી, તુજ કાજ જે રે
ગૂંથી મેઘે કોડે; હાંહાં રે ગૂંથી૦ ૫

એમ રૂપ રળિયામણું રે
ધરી નવનવ નાચે, હાંહાં રે ધરી૦
કો'નું કાળજું કોરવા રે ?
મુજને કૂહે સાચે. હાંહાં રે મુજને૦ ૬

ન હોય પ્રિય દિનરાય તો રે
જાય તું નવ પાસે, હાંહાં રે જાય૦
ઉષા સપત્ની ભેટતો રે
નિરખી તું ન્હાસે, હાંહાં રે નિરખી૦ ૭

કયસ તનડે નિજ ત્યાહરે રે
શણુગાર તું સાજે ? હાંહાં રે શણુગાર૦

કોઇ મનડું લલચાવવા રે ?
કે નિજ રુચિ કાજે ? હાંહાં રે કે૦ ૮

નહિં જ મુજ દિનરાય કે રે
પ્રિય અવર ન ક્‌હેશો, હાંહાં રે પ્રિય૦
ન કોઇચિત લલચાવવા રે
ધરું અભિનવ વેશો; હાંહાં રે ધરું૦ ૯

એક મનડું મુજ રંજવા રે
વિવિધ વસન ધારું, હાંહાં રે વિવિધ૦
કે કવિજનચિત ચોરવા રે
ધરું રૂપ હું ચારુ. હાંહાં રે ધરું રૂપ હું ચારુ. ૧૦

---

## સૂર્યોદય.

§ગરબી જો ને પેલી દીન કુમુદિની એકલી
મુખડું નીચું ઢાળી આંસુડાં ઢાળતી,
મ્હણે ચન્દ્ર પણ પ્રિયાવિયોગે વ્યાકુળો
મન્દકાન્તિ અતિ મન્દ મન્દ પગલાં ભરે. ૧
તેજસ્વી આ પેલું રાતું બિમ્બ જો
ઉદય-શિખરમસ્તકમણિશું શું શોભતું !

---

§ 'આસો માસો શરદ પુન્યમની રાતજો.'—એ ચાલ.

કમલિનીં ખીલીં ખીલીં હશીં હશીં ધોળા કેસરે
મધુકરગુંજારે એ ગાતી ગીતડાં. ૨

---

## સન્ધ્યા.

†ગરબી. પેલીં જો ! પશ્ચિમ આકાશ પ્રગટ જ્વાળા રે !
ફેલાઈ છે સહુપાસ દ્યુતિની માળા રે ! ૧

અભ્ર અભ્ર સળગિયાં સર્વ દીસે રંગરાતાં રે
ઠામઠામે દાડિમકુસુમ સરીખાં સુહાતાં રે. ૨

આવીં સન્ધ્યાદેવી આમ રંગે રમતી રે,
ધારીં સાળૂ કસુંબલ અંગ, મુજ મન ગમતી રે. ૩

જોતાં જોતાં જો હેણે વસન ધર્યું આ બીજું રે,
રંગ નારંગીં લીધું દુકૂલ, નિરખીં હું રીઝું રે. ૪

નથી કીધું મ્હેં સૌન્દર્યપાન એ લીલાનું રે
તે ક્ષણમાં ધર્યું વસ્ત્ર અન્ય વર્ણ પીળાનું રે;— ૫

સાખી. પળ પળ બદલે સાળુડા મનગમિયા નિજ દેહ,
નૂતનધનિકનીં સુન્દરી કે કો નટનારી તું છે ય ? ૬

---

† ' જમુનાંજળ ભરવું મ્હારે કુંવર કન્હૈયારે '—એ ચાલ.

(મૂળની ચાલ). આમ રંગબેરંગી અંગે વસન ધરંતી રે,
તેહેને પેલી શીળી ચંદા સ્મિત જો કરંતી રે ૭

શી નિરખી રહી આકાશ ઊંચે ચઢીને રે,
સાદું દિવ્ય રુપેરી દુકૂલ ઘનનું ધરીને રે ! ૮

શી ઘનપટમાંથી નિહાળે સન્ધ્યાસખીને રે !—
પામું હર્ષ કાન્તિ તુજ શાન્તિ શીળી નિરખીને રે. ૯

તમ બે સખિયોનાં રમ્ય રૂપ નિહાળી રે,
ભૂલ્યો હું આ જે ચોપાસ ભૂમિ રસાળી રે ૧૦

સૂતી સૂતી લીલે હાસે ચંદાને જોતી રે!
ભૂલ્યો આ વળી પર્વતમાળ ચોગમ મ્હોટી રે;—૧૧

સાખી. એક ઉપર બીજી રચી છેક ગગનમાં જાય !
મેઘપરિઘશું જે મળી ભ્રમ દેતી ક્ષણ મનમાંહ્ય ! ૧૨

(મૂળની ચાલ). હેવાં ભૂમિ અને ગિરિમાળ સન્ધ્યારંગે રે
રંગે ક્ષણભર નિજ અંગ અતિશ ઉમંગે રે. ૧૩

અભ્રપટ પછી હોડી ગાઢું સન્ધ્યા સૂતી રે,
ને ચંદાકેરી વિશ્વ વ્યાપી વિભૂતિ રે ! ૧૪

સાખી ચઞ્ચલ સન્ધ્યા સુન્દરી ભભક ગણે પ્રિય જેહ,
કે શીળી ચંદા રુડી એકરૂપ જે દેહ,— ૧૫

(મૂળની ચાલ)કી ધારૂં હૃદયની માંહિં ? બંને મીઠી રે;
નમ્ર કાન્તિની ચંદાશી અન્ય મ્હેં નવ દીઠી રે. ૧૬

તેમ સન્ધ્યાદેવી રૂપ ભવ્ય ધરંતી રે,
ક્ષણ ભૂલાવી દે ભાન મોહ કરંતી રે. ૧૭

દિવ્ય સખિયો બંને એહ એક જ સરખી રે,
કેઈ મ્હોટી ન્હાની કેઈ તે નવ પરખી રે;— ૧૮

હું તો ઉભયતણો દૃઢ ભક્ત બનીને રહુંછું રે,
મુજ હૃદય ઉભયસૌન્દર્યનું બિમ્બ લહુંછું રે. ૧૯

---

## મેઘાડમ્બર.

*ચારણી. આડમ્બર રચ્યો ભવ્ય આ રે
ગગન ઘને ઘેર્યું, હાંહાં રે ગગન ઘને ઘેર્યું,
આછું પીળું જળતેજ આ રે
નભમંડળ વેર્યું, હાંહાં રે નભમંડળ વેર્યું. ૧

ક્ષેત્રભૂમિ રુડી ઉપરે રે
વાદળી વરસે છે, હાંહાં રે વાદળી૦

---

* 'સમી સન્ધ્યાએ હમે નીસર્યાં રે જમુનાંજળ ભરવા—
હાંહાં રે જમુનાંજળ ભરવા '—એ ચાલ.

મરકતશો ગ્રેરો લીલોરે
ત્હહાં વર્ણ વસેછે. હાંહાં રે ત્હહાં૦ ૨

વૃક્ષઘટા ભીની અહિં રે
ગમ્ભીરી ઊભી, હાંહાં રે ગમ્ભીરી૦
તે મહિં દ્વાર બન્યાં કહિં રે
ત્હહાં શી દીસે ખૂબી ! હાંહાં રે ત્હહાં૦ ૩

પીતવસન ધરી ટેકરી રે
તૃણશૂન્ય જ પેલી, હાંહાં રે તૃણશૂન્ય૦
ગાયમહિષની તે પરે રે
સેર શી આ રેલી ! હાંહાં રે સેર૦ ૪.

મ્હણે દ્વાર બીજે થકી રે
ગગન દીસે ઘેરું;- હાંહાં રે ગગન૦
જો ! આ પ્રિય ! શું ત્હેં સુણ્યું રે
ગર્જન ઘનકેરું ! હાંહાં રે ગર્જન૦ ૫

દૂર જેહ ગિરિગહ્વરે રે
પ્રતિરવથી નાચે; હાંહાં રે પ્રતિરવ૦
સુણી તે આ હઇડે બીજું રે
રવનૃત્ય વિરાજે. હાંહાં રે રવનૃત્ય૦ ૬

ગિરિશિખરોને ચુમ્બતા રે
વાદળિયો દોડે; હાંહાં રે વાદળિયો૦

ભૂમિગોળ આલિંગી લે રે
ઘનઘટા શીં કોડે ! હાંહાં રે ઘનઘટા૦ ૭

તો આ સ્થળ પ્રિય ! તું હવાં રે
અટકે ક્યેમ લાજે ? હાંહાં રે અટકે૦
કાં ભેટી ન લે ચુમ્બનો રે
લટકે કંઇ આજે ? હાંહાં રે લટકે કંઇ આજે ! ૮

---

## લાગટ હેલી ઊઘડતી વખતની રચના.

‡ગરબી. ઘોદેવી દીર્ઘકાળ મેઘે બન્દી કીધી રે,
ઘનકારાગૃહની માંહ્ય પૂરી દીધી રે, ૧

હેવું નિરખી દેવીનો કાન્ત રવિ આ ઠારે રે
તોડી નાંખી કારાદ્વાર પાદપ્રહારે રે, ૨

કીધી ઘોદેવીને મુક્ત, એ હસતી ઉલાસે રે,
ત્હેને ભૂમિસખી નિરખંતી રહી પ્રતિહાસે રે. ૩

હવે જાણું જે પ્રલય કરંત મેઘ જશે ન્હાશી રે,—
ત્ય્હારે જો ને એકાએક રચના આ શી રે ! ૪

‡ જમનાજળ ભરતું મ્હારે કુંવર કન્હૈવા રે-એ ચાલ.

સાખી. પવનતુરંગ પલાણીને આવ્યું ઘનદળ આમ !
જોતામાં સહુ દિશ ઝૂકી, કરે વૃષ્ટિપ્રહારો સહુ ઠામ; ૫

ક્‌હિં સંતાયલી જો સેના મેઘની આવી રે,
દ્યોદેવીને ગ્રહી લઈ જોરે અતિશ અકળાવી રે. ૬

ફરી વર્તાવ્યું સામ્રાજ્ય જો ઘનરાયે રે,
ક્‌હાં સંતાયો રવિરાય, કંઈ ના જણાએ રે ૭

આહા ! પાછી જો પલટાઈ રચના કે'વી રે,
પડચે જાતી વૃષ્ટિની ધારા હેવી ને હેવી રે, ૮
તો એ કો કો સ્થળ રવિતેજ ભેદી પ્રકાશ્યું રે,
દ્યુતિલીલા વૃષ્ટિની સંગ પ્રકાશી આ શું રે! ૯

સાખી. જે'વી કો મૃદુ સુન્દરી રુદન કરંતી જાય, ૧૦
મહિં વેરે સ્મિત ઝળકતાં,–હેવી રચના આ રમ્ય જણાય !
હવે જાશે ઘનનું જોર હેવું ભાસે રે,
અટક્યો વર્ષાઘાત, ને આમ જો આકાશે રે. ૧૧

છિન્ન ભિન્ન થયો શતખણ્ડ મણ્ડપ ઘનનો રે,
ને દેખાયો ભૂરો ગભીર ઉદધિ ગગનનો રે; ૧૨

ભૂરા ઊંડા એ સાગરમાંહિ ધરી દ્વીપલીલા રે
શા મેઘખણ્ડ સુવિશાળ ઠર્યા રંગીલા રે ! ૧૩

ને નીચે લીલેરું આ ક્ષેત્ર ટેકરી તે પારે રે,
દેવાલય ઊભું ભવ્ય ટોચે તે ઠારે રે, ૧૪
રવિકિરણે ચુમ્બિત ત્હેનાં શિખર વિરાજે રે,
ત્હેની ઉપર ઇન્દ્રધનુ રમ્ય રચ્યું રવિરાજેરે; ૧૫

સાખી. ઇન્દ્રધનુ આલેખિયું ગગનપટે રવિરાય,
મેઘાસુરસંહારનું એ વિજયતોરણ શું જણાય! ૧૬
આમ વિજયી જો રવિરાય દ્યોદેવી સંગેરે
રંગે રમતો મકલાય પડયો તે ઉછંગે રે! ૧૭
હેવા વિજયલગ્નનાં ગીત ચોગમ ગાજ્યાં રે,
મીઠાં પંખીડાં હર્ષનાદ કરીને નાચ્યાં રે, ૧૮
અને મધુર મધુકરવૃન્દ સ્થળ સ્થળ ગુંજે રે;
વૃક્ષવેલી કુસુમઉપહાર અર્પે કુંજે રે. ૧૯
લીલી ભૂમિ વર્ષાબિન્દુ તૃણતૃણ ધારી રે,
અર્પે ભરીને મરકતથાળ મોતીડાં ભારી રે. ૨૦

સાખી. એમ વિજય વ્યાપી રહ્યો જગ રેલ્યો ઉછરંગ,
હેવા વિજયી લગ્નનો મુજ હઈડે લાગ્યો રંગ; ૨૧
રંગાઈ હઈડું મ્હારું કરે ગુંજારો રે,
હું એ અર્પું પ્રેમે કાવ્યકુસુમઉપહારો રે. ૨૨

## મેઘગર્જન.

રાગ સોરઠ, તાલ ઝંપા.

પ્રિય ! સુણય તું, પે'લી નભ ચુમ્બતી
ગિરિમાળ પાછળ નાદ શો ?
કંઈ કુપિત સિંહ ગિરિગહ્વરે
ત્રાડતો ધરી ઉન્માદ શો ?
પ્રિય ! સુણય તું૦ ૧

ન હોય કેશરિનાદ ગભીરો,
એ તો ગર્જતો ઘન ધીરો,
સુગન્ધમય જો શીત સમીરો
અહિં આવી દે સુખસ્વાદ શો !
પ્રિય ! સુણય તું૦ ૨

રવિપ્રભા ચુમ્બી ઘનરાયે
ઉપજાવ્યું સુન્દર નભમાંહે
રંગીલું ઇન્દ્રધનુ આ એ
વિલસે ધરી આલ્હાદ શો !
પ્રિય ! સુણય તું૦ ૩

મત્ત બન્યો જો આ મોરલિયો
કેકારવ કરી નાચે અલી ઓ !

મેઘનાદશું રવ તે મળિયો,—
સુણી મન ઊઠે પ્રતિનાદ શો !
પ્રિય ! સુણ્ય તું૦ ૪

---

## પ્રભાત.

વસન્ત-તિલકા.

સ્હામેથી દૂરથકી નિરખો સૂર્યસિંહ,
તેજસ્વી યાળ, ભરી ફાળ, કરાળ દેહ,
આવંત અગ્નિભરિયાં ધરી નેન તાતાં,
અંગો બધાં ઝળકતાં રુધિરેથી રાતાં. ૧

હેવો નિહાળી ભયભીત શશી થઈને,
ધોળી સમસ્ત નિજ ગાય લઈ લઈને,
વાડો જ ગોળ નિજ તે મહિં પૂરી આ તો,
જો મન્દકાન્તિ થઈ આમ લપાઈ જાતો ! ૨

ને તારલાહરણટોળું ભયેથી ફીકું
જો આમ તેમ અહિં ન્હાસતું વેગથી શું !
ને મેઘઝાડી થકી નીકળી સિંહ પેલો
જો એકલો નભવિશે વિશે વિચરે, શું ઘેલો ! ૩

# *મેઘ.

વિષમ હરિગીત.

વૃષ્ટિ મીઠી તૃષિત ફુલડાં કાજ સિન્ધુમાં થકી
ને નદીનાળાંમાં થકી લઈ આવું હું જાતે નકી;
પાંદડાં મધ્યાન્હસમયે ઝોલાં જે નીંદરે,
કંઇ છાય કુમળી ત્હેમને ધરતો રહું હું આદરે. ૧

માત ધરતી નૃત્ય ફરતી આજૂબાજૂ સૂર્યની,
જે મધુરી કળિયો ઊંઘી ઢળિયો સંરશી હેના ઉરની;
તેહને પ્રત્યેકને તે નીંદરેથી જગાડતાં
મુજપાંખથી ખરી બિન્દુ જળનાં શીતતા નિજ પાડતાં. ૨

તીવ્ર પડતા કરા કેરો ચાબકો હું વીંઝતો,
નીચે પડયાં મેદાન લીલાં તે ધવળ કરી રીઝતો;
ને પછી વળી તે કરા વરસાદ કરી ઓગાળતો,
પછી ગાજી ગડગડી હશી ખડખડ ચાલતો થઉ મ્હાલતો. ૩

હેઠ મુજ ગિરિવર ઉપર હું બરફ વેરું ચાળીને,
ભયભીત મ્હોટા દેવદારુ આરડે તે ન્યહાળીને;
પવનસંગે ઝોલાં જે વેળ સૂઈ હું ઢળું,
તે વેળ આખી રાત્રિ મુજ તે બરફ અશીકું ઊજળું. ૪

---

* અંગ્રેજી કવિ શેલીના The Cloud નામના કાવ્ય ઉપરથી.

વીજળી મુજ કર્ણધારક બેસતી તે તો વળી
આકાશના મુજ મણ્ડપોના બુરજ પર ઊંચી ચઢી;
બેડી મારી પૂર્યો ગર્જનનાદ હેઠ ગુહા મહિં
તે ઘડી ઘડિયે ઘૂઘવે, મારે પછાડા ત્ય્હાં રહી. ૫

નીલવર્ણા ઉદધિના ઊંડા ઉદરની માંહિં જે
વીરો ફરંતા તેતણા પ્રેમે થકી લલચાઈને,
કર્ણધારક વીજ મુજ આ, મન્દ મન્દ ગતિ થકી,
પૃથ્વી ઉપર ને સિન્ધુપર તે મુજને દોરી જતી. ૬

ગિરિગરાડો, વ્હેળિયાં ને ટેકરીઓ ઉપરે,
સરવરોપર, મેદાનપર, મુજને લઈ જઈ તે ઠરે;
જ્યાંહિં જ્યાંહિં જાણતી કે વીર તે વ્હાલો વસે,
ગિરિની તળે કે નાળવાંની હેઠ, ત્ય્હાં ત્ય્હાં તે ધસે.૭

ને હું તો બધી વેળ ત્ય્હાં લગી,—વાત મ્હારી શી કહું?
આ વ્યોમકેરા ભૂરા સ્મિતની હૂંફમાં રમતો રહું;
ને મહારી કર્ણધારક વીજળી તો હેઠળે
વરસાદની ધારામહિં લય પામી જઈને પીગળે. ૮

ઝળળ ઝળકંતાં પીંછાં નિજ નાંખી દીધાં ફેલવી,
ને નયન પ્રોજ્જ્વળ, એહવો ઉગતો રુધિરરંગે રવિ,
મુજ તરંતા ધૂમગોટની પીઠ પર તે કુદી ચઢે,
જે વેળ મૃતસમ શુકકેરીઝળક કંઈ ઝાંખી પડે; ૯

જેહવો, ભૂકમ્પ જે'ને હચહચાવી ઝુલાવતો
હેવા મહીધરશૃઙ્ગ પર ક્ષણભર ગરુડ ઊડી આવતો,
આવી બેસે કનકમય નિજ પાંખને તેજે ઢૂબ્યો,
ત્યમ તેહ ઊગતો સૂર્ય ધૂમસમૂહપર રહેતો ઊભો.૧૦

ને નીચે મુજ ભભકતા સિન્ધુ થકી સૂર્યાસ્ત તે
વિશ્રાન્તિના ને પ્રેમના ઉત્સાહ પ્રેરે જ્યાહરે,
ને ઊંચે આકાશના ઊંડા વિવરથી નિકળી
કંઈ કરમજી રંગેલ પડદો સાંઝનો પડતો ઢળી; ૧૧

તેહ સમયે હું મહારી પાંખ બે મીંચી દઈ
બેસું લઈ વિશ્રાન્તિ મુજ આકાશને માળે જઈ;
શાન્ત રે'યો તે સમે હું, જે'વું કોઈ કબૂતરું
બેઠું ઈંડાં નિજ સેવવા, ત્યમ મારી સ્થિતિ હું કરું. ૧૨

પેલી ગોળ કુમારિકા જે શ્વેત તેજ થકી ભરી,
ચંદ્રા કરીને નામ જે'નું મર્ત્યજન ભણતા વળી,–
મધ્યરાત્રિતણી અનિલલ્હેરો થકી પથરાઈ જે
મુજ ઊનપોળી ભૂમિ તે પર ચળકતી સરી જાય તે.૧૩

દિવ્યગણ રવ સુણે જે'નો, ને દીસે જે કદી નહિ
હેવા ચરણ બે કન્યકાના, ત્હેમણે પડી જહિ જહિ
તંબૂના મુજ છત્ર ઝીણા તણું પોત જ ભોકિયું,
તહિં તહિં ચંદ્રા પાછળે તારા જુવે કરી ડોકિયું.૧૪

પવનથી તાણેલ મુજ તંબૂનું છિદ્ર હું જ્યાહરે
વિસ્તારીં કાંઈ વિશાળ કરતો કૌતુકેથી ત્યાહરે
કનકના મધુકરતણા કંઇ વૃન્દ પેરે સોહતા
હું હસું જોઈ તારલા સહુ ઘૂર્મી ઘૂમી દોડતા. ૧૫

તે પછી અંતે સુશાન્ત નદી, સરોવર, સાગરો,
પ્રત્યેક માંહિ છવાઈ રૂહે ચંદા અને તારાગણો;
તેહ સમયે તે સ્થળે શી થાય શોભા રૂડલી,
ઊંચેથી શું કંઇ વ્યોમકકડા મુજ મહિથી પડયાગળી!૧૬

સૂર્યને સિંહાસને હું મેખળા કરું ઝળકતી,
ને ચંદ્રને તો મોતીડાંની માલિકા ઉજ્જવળ અતિ;
જ્વાળમુખીં ઝાંખા પડે ને ઘૂમીં તારા તો તરે
જે વેળ મ્હારો વાવટો વંટોળિયા ખુલ્લો કરે. ૧૭

ધોધ ધસમસીં જતો હેવા સિન્ધુ પર વિસ્તારમાં
ભૂશિર થકી ભૂશિરલગી બની સેતુના આકારમાં,
રવિકિરણ ભેદે નહિ ત્યમ ઝૂંકું રચીને છાપરું,
જે ટેકવાને સ્તમ્ભ અર્થે હું મહીધર વાપરું. ૧૮

વ્યોમ ફરતા વીર તે મુજ રથસરીસા સાંકળ્યા,
ને સૈન્યજન મુજ–પવન,અગ્નિ,તુહિન,–મુજસંગે રહ્યા,
ઠાઠ હેવે જે વિજયતોરણતળેથી નીકળું,
કંઇ લક્ષવિધ રંગે ભરેલું ઇન્દ્રધનુ તે તો ભલું. ૧૯

વહ્નિભરિયો ગોળ મ્હોટો મુજ ઉપર ટાંગેલ આ,
એ તોરણે કંઇ રંગ આછા કોમળા ત્હેણે ગૂંથ્યા,
તે સમે ધરણી ત્યહાં સોહંતી ભીની માધુરી
કંઇ હાસ રમ્ય કરંતી નીચે રહી ઊભી સુન્દરી. ૨૦
વરુણને પૃથ્વીતણું સંતાન છું હું તો ખરે,
ને દેવી ધો ઉછેરનારી મ્હારું તે પોષણ કરે;
સિન્ધુનાં ને સિન્ધુના ઉપકંઠનાં છિદ્રો મહિં
પેશી વળું; હું રૂપ બદલું પણ કદી હું મરું નહિં. ૨૧
કેમકે વરસાદ જ્યહારે વરશીને બંધ જ પડે,
ને વ્યોમમણ્ડપ નિર્મળો રહે, ડાઘ સોધ્યો નવ જડે;
ને પવન ને પ્રભાઘંટ રચંત રવિકિરણો ખરે
આકાશ કેરો ઘુમટ ભૂરો બાંધીને ઊભો કરે; ૨૨
ત્યાહરે મુજ શબ વિનાની દે'યડી મુજ નિરખી
છાનો હસું મનમાં; અને વરસાદ કેરાં દર થકી,–
ઉદર થકી કંઇ બાળ જે'વું, જે'વું પ્રેત સ્મશાનથી–
ત્યમ હું ઊઠું ને તેહ ઘુમ્મટ ફેડી નાંખું ફેરથી. ૨૩.

---

## ચંદા.

વિષમ. શાન્તિ શીતળ વરશીને સુખમાં સૂવાડું રાત્રિયે,
હરિગીત. જે નદી, સરવર, અદ્રિતરુવર, દિવસ તપિયાં ત્હેમને;

કુમુદિની કરમાઈ દિવસે થાકીને સૂઈ જતી
ત્હેને જગાડું કરવડે મૃદુ સ્પર્શ કરીને પ્રેમથી. ૧

કન્યકા હું કુળવતી, મુજ તાત મ્હોટી મેદિની,
તેજસ્વી સૂર્ય પિતાજી મ્હારા, હેમનાથી રહું ન્હાની,
માત મ્હારી પૂજ્ય ત્હેની પ્રદક્ષિણા કરું ઉરથી.
મુજ તાત તે પણ પૂજ્ય ત્હેવા, વન્દના કરૂં દૂરથી.૨

નામ ચંદ્રા મધુરૂં મ્હારૂં પાડિયું મુજ માડિયે;
ઘણી વેળ વિચરૂં ખેલવા આ વ્યોમકેરી વાડિયે;
માંહિ વ્હેતી વ્યોમગઙ્ગા દૂધ જેવી ઉજળી,
ને ફૂલડાં ખીલ્યાં રૂપાનાં તે ગણંતી કરું વળી. ૩

ફરૂં બ્હીતી તાતથી, પણ માત મુજ મન ભાવતી
નિજ સંગ લેઈ ધીમી ધીમી પ્રદક્ષિણા જ કરાવતી;
બન્ધુ મ્હારો રાહુ તે ઊઠ્યો કુછન્દી કૂબડો,
કંઇ કોટિ વેળ મુને કનડતો, એ અકારો થઈ પડ્યો.૪

મ્હારય જાય પિતાજી ત્યહારે આંગણે રમું કોડથી,
રૂપા અને હીરા તણી ગેંદો લઈને દોડતી,—
એક લઉં, બીજી ઉછાળું, ત્રીજી શિર ઝીલું ધશી,
વળી ફેંકી સઘળી વેગળી માડી ભણી નિરખું હશી.૫

માગ્યું માત મહી કને, ને તાતની અનુમતિ લીધી,
આ મૃગલું મ્હારૂં;-બાપુ! ત્હેં હજીસુધા કેમ નથી પીધી?

સુધા પાતી એહને,–ભર્યો કુમ્ભ આપ્યો તાતજી—
રાખું ઉછંગ મહિં સદા હેને કદાપિ ન દઉં તજી. ૬

વાંકું વળિયું રમ્ય રીતે અણીઆળું નાવડું
માતાપિતાએ આપ્યું મુજને, કોદી તેપર જઈ ચડું,
ચડી મૂકું તરતું તે સ્વચ્છન્દ ચાલ્યું જાય ત્ય્હાં,
ઊંડું ભૂરું આકાશકેરું જળ અમળ ફેલાય જ્ય્હાં. ૭

ત્ય્હાં ઘને કો ઠામ વેરી ઝીણી રુપેરી રેત્ય તે
લઉં ખેલવા લંબાવી કરને નાવડેથી જતે જતે;–
ને બધી આ વેળ હરણું મ્હારું જે બહુ બ્હીકણું,
મુજ સોડચમાં સંતાઈ સૂતું, એ મુને રુચે ઘણું.— ૮

હેવી મેઘની રેતી સરસું નાવ મુજ ઘસડાય જ્ય્હાં,
મધુરા, રસીલા, મન્દ, ઝીણા, સુન્દરા, સુર થાય ત્ય્હાં;
માત્ર દિવ્યજનો સુણે એ મીઠું ગાન મનોહરું,
ને સુણે હરણું માહરું ને ઊંઘ મીઠી લે ખરું. ૯

ઊઠી હું મૃદુ ને સુંવાળી સેજમાંથી જળતણી,
નાંખું નજર ઝીણી શોધી સાગર અને ભૂમિ ભણી;
રંગરાતું મુખડું મ્હારું કંઈ વિશાળું સિન્ધુમાં
ધોઈ કરી ચડું વ્યોમ, વળગ્યાં વાળશું જળબિન્દુડાં. ૧૦

મેઘ પેલો મસ્તીખોરો મુજને રંજાડવા
કંઇ યુક્તિયો બહુવિધ કરે ભંગાણ સુખમાં પાડવા,

પણ હું તો હસતી રમંતી ફરું ઉપર નભવિશે,
ને એહ અસ્થિર મેહુલાશું કદી ભરાઉં નવ રીસે; ૧૧

એ જ મુજને પ્રેમભર આલિઙ્ગીને કદી લાડતો,
કોસમે નિજ સિંહાસને મુજને વળી બેસાડતો,
ને રુપેરી કોરચનો રૂમાલ ધોળો દે કદી,
કદી પાથરે મૃદુ સેજ તેપર વળી ક્ષણભર રહું પડી; ૧૨

કો ઘડી વળી શામળી નિજ શાલ લેઇ તેવડે
મારી ઝડપ રમતો રમંતો મુખડું મુજ ઢાંકી દિયે,
ને ત્યહાં અંબોડલો મુજ જાય છૂટી તે સમે,
ને વાળ ચળકંતા રુપેરી વિખરી ચોગમ રમે. ૧૩

પૂર્ણ પામી વિકાસ મુખ મુજ હાસ કરતું પ્રેમથી,
તે સમે સિન્ધુ વિશાળું નિજ ઉર વિસ્તરે સ્હામો હશી,
ને કરંતો મન્દ મંન્દ ઘુઘાટ ભર આનન્દશું,
ફેંકી તરઙ્ગો મુજભણી ધીમે ધીમે નાચંત શું ! ૧૪

ભેટવા વિસ્તારી કરને બાથ લીહું માતને,
તે મુને મન્દ હસંતી નિરખે પ્રેમભીનાં લોચને;
અચળ પેલા તારલાની આસપાસ ઘૂમંતી તે
સપ્તર્ષિ કેરી ગાડલી મુજ દૃષ્ટિ પડતાં ફીકી બને. ૧૫

નદીમાં, સરવરોમાં, ને સિન્ધુમાં કદી ન્હાતી હું,
તે વેળ થોડા તારલાને સંગ મુજ લઈ જાતી હું;

ત્યાંહ નાચું લ્હેર કરતી, વળી ડૂબકાં ખાઉં હું,
ને મૃગલું મ્હારું તેહને એ નવલજળ કદી પાતી હું. ૧૬

કદી ઊંચા પર્વતે ચઢી ટોચ પર ઊભી રહું,
નીચે બિછાવી મ્હેં રુપેરી તેહ જાજમ નિરખું;
દૃષ્ટિ ઊંચી ફેંકું વળી ઊંડું ભૂરું આકાશ જ્યહાં,
ફરી જોઉં વળી રમતો પવન વનવેલી સંગે રાસ ત્યહાં. ૧૭

એક પર્વતરાજ મુજ નીચે વિરાજે વિસ્તરી,
જે'નાં શિખર પર હિમ નિરન્તર વાસ કરી ર્‌હેછે ઠરી,—
નિજ તળે સુવિશાળ ખણ્ડ પડ્યો અલૌકિક તેહની
વિધવિધ દશાઓ ઊર્ચી નીચી કાળચક્રે ફરી ઘણી, ૧૮

ને અનન્ત ગયો જ વીતી કાળ ત્હેમાં નિજ સ્થિતિ
નિશ્ચળ રહી, તે જોઈ કરતો હાસ કંઇ ઉજ્જ્વળ અતિ,-
એહવો મ્હોટો મહીધર નભમહિં ધરતો રસે
હજાર શૃઙ્ગે દર્પણો, પ્રત્યેકમાં મુખ મુજ હસે. ૧૯

કોસમે વળી મધ્યનભમાં રહું ઊભી ઝઝૂમતી,
નીચે સૂતાં જે ઝાડઝુંડો ત્યહાં નજર મુજ ઘૂમતી;
મુજ કરે રુપેરી બુટ્ટાદાર શતરંજી ગૂંથી
ત્યહાં પડી તે જોવા હું નાંખું દૃષ્ટિ ઝીણી મથી મથી. ૨૦

પછી નીચે ઊતરું જ્હાં વ્યોમપૃથ્વી ચુમ્બતાં,
ને તરુઘટાબાકાં મહિં મુજ ર્‌હોળું મુખ ધરી થંભું ત્ય્હાં;
પછી સિન્ધુકિનાર પર પળમાત્ર હું ઊભી રહી,
ફરી ડોકિયું ફરી એકવેળા, સૂઉં જળસેજે જઈ. ૨૧

મેઘ નિજ ચઢતીસમે મુજને દમે વિખુટી કરી
માડીથકી બહુવેળ લગી આ વ્હાલસોહી દીકરી;
વિરહ ટળી જે વેળ મળી મુજ માડીને નિરખું ફરી,
તે વેળ કે'વું પ્રફુલ્લ મુખ મુજ! ધરે શોભા સુન્દરી! ૨૨

કોઈ કોઈ સમે તથાપિ વિયોગઅવધિ અંદરે
પાદપ્રહારે તોડી ઘનપડ, પછી જનનીમન્દિરે
ડોકિયાં કરું જ્યાંહિં જ્યાંહિં પાડી બારી એમ ન્હેં,
ને માતમન્દિર મુકુર મૂકિયા મુખ નિરખવું ત્ય્હાં ગમે.૨૩

ન્હાનું મ્હોટું થાય વપુ મુજ, પણ નિરન્તર અમર હું,
ને જે સમે દેખાઉં નહિં તે સમે તાતની ગમ રહું;
એક ફેરી ફરી રહું માડી પછાડી જ્યાહરે,
જઉં એક વેળા ભેટ લેવા તાતની તો ત્યાહરે. ૨૪

સલૂણી સન્ધ્યા સખી પ્રિય મુજ, ભેટ લેવા તેતણી
મુજ હોડલામાં બેશીને જાઉં કદી હું બની ઠની;—
પવન મૃદુથી આંગણું વાળી સમાર્યું સ્નેહથી,
વેર્યાં કુસુમ નવરંગ હેમાં ઝીણુઝીણા મેહથી. ૨૫

શાન્ત હેનું નિરખી મુખ મુજ સુખનદી નવ શોભતી,
નારંગી રંગે સાળુ સુન્દર પ્હેરી સખી શી શોભતી !
ચકચકિત સહુ પ્હેલ ચ્હોડયો તારલો સખી ભાળમાં
લાડતી અડકું એહને કદી આવી જઈ બહુ વ્હાલમાં. ૨૬

હેવી હેવી રમત વિધવિધ સખી સંગ રમંતી હું,
પણ ભેટવા આવે મુને એ ત્યાહરે ચમકી બિહું,—
કેમકે સ્હામેથી પેલી આવી કાળી રાક્ષસી-
મુઈ રાત્રિ-હેણે દૂર સખિયો કીધી ક્રૂર વચ્ચે ધશી. ૨૭

ઊડી ગઈ મુજ સખી ઝીણી પાંખ નિજ ઝળકાવીને,
ને મુજને તો રાક્ષસીએ પકડી લીધી આવીને;
રાખી કરમાં થોડી વેળા પછી મુને તે ગળી ગઈ,—
જાણે નહિ-હું અમર છું ને બેઠી મુજ મન્દિર જઈ!— ૨૮

---

## અવસાન.

તોટક. શીળી ચાંદનીની સમ રેલી રહે,
કંઇ ગાન મધુરું સુમન્દ વહે,

સુણ્યાં જે વશવર્તી બની ઠરતા
હરણાંસમ અબ્ધિતરઙ્ગ બધા;

મૃદુ એહવું ગાન વહી વિરમે,
તદપિ શ્રવણે ધ્રુનિ ત્હેની રમે;—
ફેડું ઇન્દ્રધનુ પ્રગટી જ શમે,
તદપિ મનમાં મૃદુ રંગ ભમે;-

મીઠડાં ફુલડાં યદપિ કરમે,
સ્મરણે ચિર તોય સુગન્ધ રમે;-
ત્યમ કાવ્યપ્રદર્શિત ભાવ બધા
વસજો હૃદયે રસભેર સદા.

---

સમાપ્ત.

# ટીકા.

——××——

**અવતરણ.— પૃષ્ઠ ૧.**

અવતરણ=વિષય દાખલ કરવાને અર્થે ઉપોદ્‌ઘાત. (Introduction.)

કડી ૨ જી, 'વિવેકગુણે'-વિવેક=યોગ્યાયોગ્યતાનો નિશ્ચય કરવાની શક્તિ ગુણ=૧. માનસિક ધર્મ, ૨. દોરો. ફૂલની માળા જેમ દોરામાં ગૂંથાયછે તેમ આ સંગીત કાવ્યનાં કુસુમની માળા વિવેકવડે ગૂંથીને અર્પીછે. કડી ૬ ઠ્ઠીમાં "સહુ રંગ ભળે" ઇત્યાદિથી આ વિવેકનું સ્વરૂપ વિશેષ સ્પષ્ટ કર્યુંછે. ક્રિયું કાવ્ય ક્રિયા સાથે મૂક્યાથી યોગ્ય જણાશે અને રસવિરોધ નહિં આવે તે જ વિવેક.

**સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ.— પૃષ્ઠ ૩.**

કડી ૩. કુમારી સરિતા-સરસ્વતી નદી. સમુદ્રને ન મળવાથી કુમારી ગણાયછે. પાટણ ને એ તરફ એ નદીને 'કુમારકા' એ નામથી ઓળખેછે.

આ નદી વાંકીચૂંકી વ્હેતી જાય છે તે ઉપરથી 'ન્હાસે, પાસે ધસે' ઇત્યાદિ કલ્પના કરીછે.

પુરાણકાળના પાટણનો વિનાશ અને સરસ્વતીની પૂર્વવત્ કાયમ સ્થિતિ એ બેનો વિરોધ જોઇને ઇશ્વરની કરુણા નદીરૂપે વહીને પાટણને આશ્વાસન દેછે એમ કલ્પના કડી ૩, ૪, ૫ માં કરીછે.

**કાળચક્ર.— પૃષ્ઠ ૪.**

પૂર્વેના કાવ્યના છેલ્લા ભાગથી કાંઇક સૂચિત થઈ આ કાવ્યનો આરમ્ભ છે. નદી, પર્વત, સિન્ધુ, ઇત્યાદિ પ્રકૃતિનાં સ્વરૂપો ઉપર

કાળની અસર નથી થતી, પરંતુ તે જ પ્રકૃતિસ્વરૂપો ઉપર રાજ્ય ચલાવવાનો દમ્ભ કરનાર ક્ષુદ્ર માનવ તે સહજ કાળનો ભક્ષ્ય થઈ પડેછે, એ અર્થ આ કાવ્યના ગર્ભમાં છે

કડી ૩. પૃ. ૫ ચરણ ૪.

કાચલું–નાવ ( મહાન્ સાગરને હિસાબે નાવ તે કાચલું જ.)

**અમૃતત્વસિન્ધુ.—પૃષ્ઠ ૫.**

પાછલા કાવ્યમાં પ્રકૃતિનાં ચિરસ્થાયી સ્વરૂપોને કાળથી અબાધ્ય ગણ્યાંછે. અહિં બીજી દૃષ્ટિયે ત્હેમને પણ નશ્વર ગણ્યાંછે મનુષ્યની સાથે સરખાવતાં અનશ્વર જણાતા સિન્ધુ વગેરે પદાર્થો અનન્તકાળ ( અનન્તત્વ, અમૃતત્વસિન્ધુ ) સાથે સરખાવતાં નશ્વર જ છે, તે અનન્તસિન્ધુમાં સમાઈ જનાર જ છે,-એ આ કાવ્યનો ઉદ્દેશ છે.

કડી ૩, ૪. પૃ. ૬.

અનન્તત્વસિન્ધુની લહરીનું દર્શન, અને ત્હેના ગમ્ભીર શબ્દનું શ્રવણ, થતું આ ઠેકાણે કહ્યુંછે, તે પ્રકૃતિના ગમ્ભીરભાવોદ્દીપક પદાર્થો દ્વારા તથા અનન્તત્વના ચિન્તને કરીને કલ્પના ચક્ષુથી અને કલ્પના શ્રવણથી જ થવાનું સમજવું.

**ગિરિશૃઙ્ગ.—પૃ ૬.**

કડી ૩ ગિરિશૃઙ્ગ–સત્યજ્ઞાન. સાગર–પરકાળ એ સાગરનું દર્શન તથા ત્હેના ગાનનું શ્રવણ આ કાવ્યમાં કહ્યુંછે તે સત્ય જ્ઞાનદ્વારા જ સમજવું. આ જ્ઞાન અનલંકૃત ધર્મજનિત નહિં પણ રસયુક્ત કવિત્વજનિત ગણવું ઠીક છે,—જો કે પરિણામે તો બંને એક જ છે.

કડી ૪. ચરણ ૧. ચંદા=ચાંદની.

**દિવ્ય મન્દિર તથા લેખ.—પૃષ્ઠ. ૭.**

'કાળચક્ર' ( પૃ. ૪. ) માં જેમ મનુષ્યની કૃતિની નશ્વરતા ઉપર

કાંઇક ગૂઢ છે તેમ આ કાવ્યમાં નથી. આ કાવ્યમાં તો એ બતાવવાનું છે કે જેમ મનુષ્યના શિલાલેખો વાંચવાને વિશેષ કેળવણી તથા યોગ્યતા જોઇયે છિયે તેમ ઈશ્વરના લેખો ( તારા, સન્ધ્યારંગ, ઇન્દ્રધનુષ્યના વર્ણ ઇત્યાદિ ) વાંચવાને પણ સવિશેષ યોગ્યતાની અપેક્ષા છે. એ દિવ્યલેખ જોઈ ઈશ્વરના જે ગુણોનાં એ પ્રતિબિમ્બ બની રહે-છે તે ગુણોનું ભાન થવું તેમ જ એ દૃશ્યોથી થતી ઊંડી સૂચનાઓનું ગ્રહણ કરવું તે જ એ લેખનું ઉકેલવું.

## વિનીતતા.—પૃષ્ઠ ૯.

કડી ૨. ચરણ ૧. ચંદા=ચંદ્ર. ( 'ચંદા' એ શબ્દ કોઇ ઠેકાણે 'ચંદ્ર' ના અર્થમાં અને કોઇ ઠેકાણે 'ચાંદની' ના અર્થમાં છે તેથી તે તે ઠેકાણે અર્થ દેખાડયાછે. )

32,039

## નદીકિનારે.—પૃષ્ઠ. ૯

કડી ૧. શાન્તનીરા=શાન્તનીર ( જળ ) વાળી.–બહુવ્રીહિ સમાસ. યદ્યપિ શ્લેષ ઉદ્દિષ્ટ નથી, તથાપિ અહિં સહજ નોંધવું અયોગ્ય નહિં ગણાય કે આ કાવ્ય શોલાપુર જિલ્લામાં માળશિરસ તાલૂકામાં વ્હેતી નીરા નદીને કિનારે તે સંબન્ધે રચાયું છે.

કડી ૬. મળતાં=મળતી વખતે. જળમાંથી સ્હામાં પ્રતિબિમ્બ-રૂપે બગલાં ઊડી આવવાથી બમણાં બનેલાં જણાતાં.

પ્રતિબિમ્બબગ=( કર્મધારય સમાસ ) પ્રતિબિમ્બના રૂપમાં બગ.

કડી ૧૩ ઇતર જગતમાં–મનુષ્યના જગત્‌થી ભિન્ન જગત્‌માં, પ્રકૃતિના જગત્‌માં.

## સરોવરમાં ઊભેલો બગ.—પૃષ્ઠ ૧૧.

કડી ૨. જ્યહાં ભૂમિ વિરામી=ક્ષિતિજ; દૃષ્ટિમર્યાદા.

કડી ૩. ચરણ ૪ નિજ છાય એહિકજીવન; સિન્ધુ–આવિકાળ.

## દિવ્ય ટહુકો.—પૃષ્ઠ ૧૨.

આ ટહુકો ક્રિયા તે છેલ્લી બે લીટિયોમાં જણાવ્યું છે.—ગમ્ભીર

ચિન્તન કરતાં આત્મામાં શાન્તિ પસરી રહેછે ત્ય્હારે દિવ્યલોકના જ્ઞાનની પ્રેરણાની એકાએક ઊર્મિ હૃદયમાં ઊઠેછે તે જ આ દિવ્ય ટહુકો.

આ કાવ્યમાં મધ્યરાત્રિયે નગરની શાન્તિ તે ધ્યાનસ્થ આત્માની સ્થિતિનું પ્રતિરૂપ જ છે.

ગર્જના.— પૃષ્ઠ ૧૨.

કડી ૨. પૃ. ૧૩ શૈલશિખરપાતો (બહુવચન)—પર્વતના શિખરનાં પતન.

ઉત્તરાર્ધ.—

તપેલી ભૂમિને ચુમ્બન કરીને મેઘજળ ત્ય્હાં (ગિરિમાળ ઉપર) સહુરો ગન્ધ ઉત્પન્ન કરેછે ત્હેને પોતાની પીઠ ઉપર વહીને ગન્ધવહ (પવન) શો આવેછે!

કડી ૩. પૃ. ૧૩ અનેરો=જુદા જ પ્રકારનો, ઔર તરેહનો—'અન્ય' ઉપરથી (જેમ 'ઘણું' ઉપરથી 'ઘણેરું' થાયછે તેમ,) 'અન્યતર' ઉપરથી.

કડી ૪. જીવનશૈલ પાછળની ગર્જના–પરકાળના જ્ઞાનની ઊર્મિ. આત્મમયૂરનો કેકારવ—તે જ્ઞાનની ઊર્મિથી આત્મામાં થતો પ્રતિધ્વનિ. એ બે રવ મળી ઉત્પન્ન થતો નાદ=એ જ્ઞાન આત્મામાં પ્રતિબિમ્બિત થતાં ઉત્પન્ન થતી અલૌકિક સ્વાનુભૂતિ

સરિત્સંગમ.—પૃષ્ઠ ૧૩.

કડી ૪. પૃ. ૧૪. ચંદા=ચાંદની. મધુરરંગ= (બહુવ્રીહિ સમાસ) મધુર રંગવાળું (વ્યોમ);–° વાળા વ્યોમ નીચે.

ચરણ ૩.–વ્યોમમાં ગંભીરો ઘન છાયો તે નીચે બીજી વહે. વ્યોમ–સપ્તમીનો પ્રત્યય લુપ્ત થયોછે.

કડી ૫. પૂર્વાર્ધ.––મીઠી કોયલનો શબ્દ વહી આવતા સમીર (પવન)ની સંગે તરઙ્ગમાં તટકુઞ્જકુસુમો નચાવે.—એમ અન્વય લેવો. ઝંઝાવાત=તોફાની પવન.

આ કાવ્યમાં કડી ૩, ૪, ને ૫ માં 'એક'-અને 'બીજી,' તે યથાક્રમ 'હર્ષનદી' અને 'શોકસરિત' ને ઠેકાણે છે.

આ કાવ્યમાં દુઃખમાં સુખ માનવું અને સુખમાં ન છલકાતાં ગમ્ભીર રહેવું એ તાત્પર્ય છે.

## મેઘવૃષ્ટિવાળી એક સાંઝ.—પૃષ્ઠ ૧૫.

કડી ૧. જળતેજ—વરસાદ અંધાર્યો હોયછે તે વખતે વાદળાંમાં જે પાણીનું તેજ ચળકે છે તે. આ તેજનું સવિશેષ વર્ણન કડી ૨ માં છે.

કડી ૪. પૃ. ૧૬.—જળભરી = જળથી ભરેલી; પાણીથી ભરેલી.

અણદીઠી સંચરે—હેવી ધીરી ચાલે કે જેથી ચાલેછે કે નહિં તે જણાય નહિં.

સૃષ્ટિ જેમ ગમ્ભીરતા અને આનન્દથી વૃષ્ટિની પીડા ખમેછે તેમ મનુષ્યે વિપત્તિ ગમ્ભીર ભાવે અને આનન્દથી ખમવી, એ આ કાવ્યનું તાત્પર્ય છે.

## લાગટવૃષ્ટિ પછી એક સ્હવારનો સમય.—પૃષ્ઠ ૧૭.

કડી ૫. પૃ. ૧૮

આનન્દરવિ—આનન્દ આપનાર—આનન્દસ્વરૂપ—સૂર્ય.

કડી. ૬ આનન્દરંગ—આનન્દ આપનાર—આનન્દસ્વરૂપ—(સૂર્યથી થયેલા) રંગ (વાદળાં વગેરેના).

વિપત્તિનું જોર ખૂબ મચ્યા પછી આખર સંપત્તિ પ્રકાશ કરેછે, તોપણ—જેમ મેઘઘટા જતી રહી છતાં એકદમ પાછી અંધારવાનો સંભવ છે તેમ વિપત્તિ ફરી ઘેરી લેશે કે કેમ તે મનુષ્યજાણી સકતો નથી. પરંતુ અંતે તો—પરમ અંતે તો—સુખ જ છે, અને વિપત્તિનાં કાંઇ કાંઇ ચિન્હ રહેશે તેપણ સુખથી રંગાઈ ઉલટાં રમ્યતા પ્રગટ કરશે, " ને મચશે આનન્દમધુકરો ગુંજવા. "—આ તાત્પર્ય આ કાવ્યનું છે.

આનન્દમધુકરો=આનન્દ એ જ મધુકર (ભ્રમર)

## એક અદ્‌ભુત દેખાવ.—પૃષ્ઠ ૧૮.

કડી ૧. રચનાયોગ=સૃષ્ટિના દેખાવનું મળવું; બે દૃશ્ય એકઠાં થવાં. ચાંદની અને વૃષ્ટિ બે સાથે હોવાનો યોગ. ચાંદની છતાં વૃષ્ટિ મધ્યરાત્રિયે થતી હતી ત્હેનું વર્ણન છે.

ચરણ ૨. ચંદા = ચન્દ્ર. ચરણ ૩. ચંદા = ચાંદની. કડી ૨. ચરણ ૧. ચરણ ૩. ચંદા=ચન્દ્ર. કડી ૩ ચંદા = ચાંદની. કડી ૪. ચંદા = ચન્દ્ર.

કડી ૨ પૃ· ૧૯ રજતસૂત્ર=રૂપાનો દોરો

પૂર્વાર્ધ–વર્ષાએ રચેલાં રૂડાં મોતીડાં ( જળબિન્દુ ) જે સોહેછે તે ચંદા પોતાનું રજતસૂત્ર (રૂપેરી દોરો–કિરણ ) લઈને આ શી પરોવેછે !

હસતી ચંદા, ચળકતાં જળબિન્દુ, વગેરે શાન્તિમૂર્તિનાં અઙ્ગ; અને ઘેરો મેઘ, ઘોર શ્યામ તાલીવન, એ ભવ્યમૂર્તિનાં અઙ્ગ બંને એક વખતે એક ઠેકાણે મળ્યાં દીઠાં.

## દિવ્યકાવ્ય.—પૃષ્ઠ ૧૯.

કડી ૧. કલાનિધિ=હુન્નરોનો ભંડાર. સર્વ હુન્નર જાણનાર વિધિ–સૃષ્ટિ કરનાર, ઈશ્વર.

કડી ૨ લીટી ૧. એ કાવ્યનો અદ્‌ભુત ભાવ બધો કાંઇક કળે કાંઇક ન કળે પૂરો સમઝાતો નથી. કળે=કળાય ( એમ શક્યાર્થ ધાતુનો જ અર્થ લેવાનોછે. )

લીટી ૨. ઈશ્વરદત્તપળે=ઈશ્વરે આપેલી ક્ષણમાં. કોઇકવાર એકાએક ઈશ્વરી પ્રેરણા ઊઠી આવે ત્હારે

કડી ૨ પૃ. ૨૦ લીટી ૪. તહિં=ત્હારે કાવ્યતણાં–એ દિવ્ય કાવ્યનાં, ગગનમાં લખેલા કાવ્યનાં

કડી ૩ લીટી ૨. તહિં = ત્હાં, તે દિવ્ય કાવ્યમાં.

કડી ૪. વીથિ = ઊંડો, લાંબો. માર્ગ. લાંબું, ઊંડું, દશ્ય
જહિં—તહિં=જ્યહારે —ત્યહારે.

કડી ૫. પ્રિય=વ્હાલાં માણસો. તહિં = એ કાવ્યમાં, તારાના કાવ્યમાં.

કડી ૮. પૃ. ૨૧. કાવ્યપદો = કાવ્યના શબ્દો. મર્મ = ભેદ, ઉદ્દેશ; મતલબ.

ચાંદનીથી ધોવાયલું, તારાથી જડાયલું, ગગન જોઈને, તથા કોઇ વેળા મહાન્, અસંખ્ય વર્ષે આવતો, દિવ્ય ધૂમકેતુનો તેજઃપુંજ જોઈને, જે અનન્તપણાના, મનુષ્યની ભૂત ભાવિ વર્તમાન સ્થિતિના, ગમ્ભીર અને દિવ્ય વિચારોની સહસા પ્રેરણા થાયછે તે જ રીતે આ ગગને લખેલા દિવ્ય કાવ્યનું વાંચન છે. તારા, ધૂમકેતુ, ચાંદની,— એઓની હાવી ગમ્ભીર સૂચનાઓ થાયછે, તે જ જગની ઉત્પત્તિની ઝાંખી થવી, લયકાળનું ગાન સંભળાવું, અનન્તત્વની વીથિ ઊઘડવી, પરકાલના બોધ થવા, ઇત્યાદિ છે. તેથી જ તારાને શબ્દ ગણી ગગનમાં કાવ્ય લખ્યું કલ્પ્યું છે.

**અનુત્તર પ્રશ્ન.—પૃષ્ઠ ૨૧.**

પાછલા કાવ્યમાં ('દિવ્યકાવ્ય' માં) સૃષ્ટિના સુન્દર તથા અદ્ભુત દેખાવોની મનુષ્યના આત્મા ઉપર શાન્તિપ્રદ અસર દેખાડીછે, ભાવિ સુદ્ધાં ગમ્ભીર સૂચનાથી જણાતું દેખાડયું છે આ કાવ્યમાં તેથી ઉલટું કાંઇક બીજી દૃષ્ટિયે જોવાતું, તથા મનુષ્યના હૃદયની જુદી દશાનું, પરિણામ દેખાડયુંછે. ઘોર તારકિત રજની, તેજોમયી ચંદા, ગમ્ભીર મેઘ, સુન્દર સન્ધ્યા, મધુર ઉષા, ગગને ગયેલા ગિરિ,–વગેરે સર્વે તરફ ભાવિ જાણવાની ઇચ્છાથી મનુષ્ય પૃચ્છક ભાવે ફરેછે, પરંતુ– મનુષ્યના હૃદયની જ અશ્રદ્ધાયુક્ત દશાને લીધે–એઓ તરફથી કાંઇ પણ ઉત્તર નથી જણાતો. ભાવિનું વિશેષસ્વરૂપ તો અજ્ઞાત જ છે, તે અંશ તો સત્ય રીતે પણ આ કાવ્યના તાત્પર્યમાં છે.

કડી ૫. તથા કડી ૧૨. ચંદ્દા = ચંદ્ર.

કડી ૧૪. પૃ. ૨૨. હૃદયમથન = હૃદયને મથી નાંખે હેવો; સંશયના બળે કરીને હૃદયને અસ્વસ્થ રાખતો.

**માનવબુદ્‌બુદ.—પૃષ્ઠ ૨૨.**

મનુષ્યની ટૂંકી જીંદગીમાં જુદાં જુદાં કારણોથી વિવિધ મનોવૃત્તિયો થાયછે ત્હેનું વર્ણન આ કાવ્યમાં કર્યુંછે.

કડી ૧. બુદ્‌બુદ = પરપોટો.

કડી ૧. પૃ. ૨૩. તરઙ્ગરાજ = મ્હોટા મોજા (બીજા મ્હારા કરતાં વધારે સમર્થ મનુષ્ય).

**અસ્થિર અને સ્થિર પ્રેમ.—પૃષ્ઠ ૨૩**

આ કાવ્યની પ્રથમની બે કડિયો તે અંગ્રેજી મહા કવિ વર્ડ્‌સ્વર્થના એક ન્હાના સુન્દર કાવ્યના આરમ્ભની ૭ લીટિયોનું ભાષાન્તર છે. તે કાવ્યમાં તો એટલેથી પછી આગળ જુદી જ વાત છે. અહિં આટલાનો આગળ જુદો જ ઉપયોગ કરી લીધોછે.

કડી ૩, ૪. કળીનું વચન છે. કડી ૫–૮ અનિલનો ઉત્તર છે. કડી ૯–૧૧ કળીનો પ્રત્યુત્તર છે.

કડી ૭. પૃ. ૨૪ સુગન્ધસ્મરણ = સૌરભ, સુગન્ધરૂપી સ્મરણ; તે જ સ્મરણ.

કડી ૧૨ પૃ. ૨૫. "ગમ્ભીરરસશૃઙ્ગારપ્રતિમા"–આટલું વિશેષણ–

"ગમ્ભીરરસશૃઙ્ગારપ્રતિમા સરસ સારસ આ ભમે"—

એ 'ચિત્રદર્શન' એ મથાળા નીચે ઈ૦ સ૦ ૧૮૮૩ મે માસના 'ગુજરાતશાળાપત્ર'માં આવેલી રા. હરિલાલ હર્ષદરાય ધ્રુવની કવિતામાંથી લીધુંછે.

કડી ૧૬. પૃ. ૨૬. ઉત્તરાર્ધ—ને જ્હાં અનન્ત આકાશ છે ત્હાં અનન્ત આકાશમાં મધુરે સ્વરે ગાન કરતું કરતું ઉડતું,—ઊડયું.

કડી ૧૭. છેલ્લી લીંટી. નિરખે–ત્હને નિરખે.

અનિલ અને કળી એ અસ્થિર પ્રેમનું નિદર્શક જોડું, અને સારસ-યુગ તે સ્થિરપ્રેમનિદર્શક જોડું, અને અસ્થિર પ્રેમથી થતો અસંતોષ અને અશાન્તિ તથા સ્થિરપ્રેમથી થતો સંતોષ તથા શાન્તિ, એટલું આ કાવ્યમાં સ્પષ્ટ જ છે, એટલે તે વિશે વિશેષ કહેવાની જરૂર નથી.

## પ્રેમનાં સ્વરૂપ.—પૃષ્ઠ ૨૮.

સૃષ્ટિમાંની સૌન્દર્યની મૂર્તિઓ—જે'વી કે મધુર નાદ, સુગન્ધ, સુન્દર રંગ—ત્હેનો પ્રેમ સાથે અભેદારોપ કરી અહિં કલ્પના ખેંચીછે. આ જ કલ્પનાનો સવિશેષ વિકાસ આગળ 'બહુરૂપ અનુપમ પ્રેમ ધરે' ( પૃ. ૩૦ ) એ કાવ્યમાં કર્યોછે.

કડી ૩. રંગમેળો = રંગનો મેળાવડો. રંગનું એકત્ર આવવું.

કડી ૪. લીટી ૩. નાદ = મધુરનાદ, ગન્ધ = સુગન્ધ; રંગ = સુન્દર રંગ. એ દિવ્યકુસુમો;—પ્રેમનાં જ રૂપ ગણ્યાં તેથી; તથા ત્હેમાંની દિવ્ય સુન્દરતાથી પણ.

## પ્રેમ.—પૃષ્ઠ ૨૯.

કડી ૨. લીટી ૧ ગાતો—પુષ્પના સુગન્ધના પ્રવાહનો ગાન સાથે અભેદારોપ કર્યોછે. તેમ જ લીટી ૪ માં 'પ્રદીપ્ત' એ શબ્દ ગન્ધને લગાડી દર્શનના વિષય જોડે અભેદારોપ કર્યોછે.

કડી ૪. અહિં ભિન્નભિન્ન વિષયપરત્વે પ્રેમનું સ્વરૂપ કાંઇક ત્હેને પ્રતિરૂપ ગન્ધથી દર્શાવ્યુંછે. એ પ્રતિરૂપતા બારીક કલ્પનાથી જ જોવાનીછે.

## 'બહુરૂપ અનુપમ પ્રેમ ધરે.'—પૃષ્ઠ ૩૦.

"વરસે ગરજે ચઢીને ઊતરે, ઘન તે અતિશે અન્ધકાર કરે,
જ્યમ નૂતન સંપતિવાન કરે ત્યમ રૂપ અનુપમ મેઘ ધરે."

આ શ્લોક મુંબાઈમાં એક નાટકમાં સાંભળેલો ત્હેમાંથી "રૂપ

અનુપમ પ્રેમ ધરે ' કરી લીધુંછે. કિયા નાટકમાંનો અથવા કાવ્ય-માંનો આ શ્લોક છે તે હું દિલગીર છું કે મ્હને ખબર નથી. તેમ જ ' નટરંગભૂમિ પર જેમ ફરે ' એ પણ એ શ્લોક પછીના શ્લોકમાંની લીંટી મ્હેં લીધીછે કે કેમ તે મ્હને બરોબર યાદ નથી. તેમ હશે તો તે સ્વીકારવાને કાંઇ પણ સંકોચ નથી

કડી ૧. લીંટી ૨. તેહ = પ્રેમ ( આગળ ૪ થી લીંટીમાં આવ-નારછે તે.)

કડી ૨. લહરીલટકે = લહરી ( ઝીણા તરઙ્ગ ) ના લટકામાં.

કડી ૪. ચન્દ્ર–ચન્દ્રમાં ( સપ્તમીનો પ્રત્યય ' એ ' લુપ્ત છે. )

આ કાવ્યના ભાવાર્થ વિશે ' પ્રેમનાં સ્વરૂપ ' એ કાવ્યની ટીકામાં ઉપર કહ્યું જ છે.

**આનન્દ ઓવારા.**—પૃષ્ઠ ૩૧.

વિષમ હરિગીત–પ્હેલા ને ત્રીજા ચરણમાં ૨૬ માત્રા, અને બીજા ને ચોથામાં ૨૮ માત્રા; પ્હેલા ને ત્રીજા ચરણમાં પ્હેલી માત્રાથી અને બીજા ને ચોથામાં ત્રીજી માત્રાથી તાલ શરૂ થાયછે.

કડી. " સુખદ આનન્દ ઓવારા "–' મનને બોધ ' એ મથાળા નીચે ઈડરના નીલકણ્ઠે કરેલી હોરી ઈ સ. ૧૮૮૩ ના એપ્રિલ માસના 'બુદ્ધિપ્રકાશ'માં આવી હતી, ત્હેમાં છેલ્લી કડીમાં

" ટળશે મરણ જન્મારા, સુખદ એ આનન્દ ઓવારા "

એ વાક્ય હતું. ત્હેમાંથી આ શબ્દ કાઢી લીધાછે.

ઓવારા = કિનારા; આનન્દસિન્ધુના કિનારા.

સ્વચ્છ આકાશમાં એકલા રખડતા મેઘકકડાથી ઊછળી આવતા આનન્દનું આ ટૂંકા કાવ્યમાં વર્ણન કરવાનો પ્રયત્ન છે.

**કવિનું સુખ.**—પૃષ્ઠ ૩૨.

કવિનું સુખ કવિતા કરવામાં જ સમાયલુંછે; કીર્તિ વગેરે ભાવનો સ્પર્શ હેને નથી;–એમ ભાવ આ કાવ્યનો છે.

કવિની કવિતાનો પ્રવાહ ત્હેને સુગન્ધ ગણ્યોછે, કવિ તે પુષ્પ, કવિતા તે સુગન્ધ જગત્ના સર્વે ન્હાના મ્હોટા કવિયોનો કવિતામાં જે મહાન્ ઉદ્દેશ–મનુષ્યની જિંદગીને ઉન્નત આદર્શ બતાવી ઉન્નતદશાએ પ્હોંચાડવી તે–તે તરફ પ્રયત્ન કરતાં સર્વ કવિયો મળી એક મહાન્ અદ્ભુત કાવ્ય જ રચેછે, તો પછી કોઇ પણ કવિયે પોતાની કવિતા વિશે વિશેષ ચિન્તા શું કામ કરવી? પ્રશંસા, લાંબી કીર્તિ, પરસ્પર ઈર્ષ્યા, એ ઉપર લક્ષ શું કામ આપવું? આ તાત્પર્ય આ કાવ્યનું છે આ ઉપર કહેલું મહાન્ કાવ્ય તે જ સુગન્ધ સિન્ધુ—મહાન્ લક્ષ્ય કવિયોએ નજર આગળ રાખેલું તે

**ફૂલની સાથે રમત.**—પૃષ્ઠ ૩૩.

જન્મસ્વભાવથી તો મનુષ્ય નિર્દોષ છે પરંતુ સમાજદશામાં મણ્ડળ બંધાવાને લીધે, કેટલાંક ગમ્ય અને કેટલાંક અગમ્ય કારણોને લીધે, મનુષ્યમાં દ્વેષ, સ્વાર્થી પ્રેમ, ક્રૂરતા, કપટ, હૃદયસંગોપન, ઇત્યાદિ અનેક દોષ પેઠાછે. જનસમાજમાં આ મલિનતા જોઈ જોઈને કંટાળીને સ્વભાવશુદ્ધ કુસુમોની પાસે જઈ કરેલું સંબોધન આ કાવ્યમાં છે. નિર્દોષ કુસુમ તે મનુષ્યની સમાજના કુસંસ્કારથી અદૂષિત અવસ્થાનું પ્રતિબિમ્બ છે. માટે જ કડી ૩ જી માં કહ્યુંછે કે "તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું." પરંતુ જનમણ્ડળમાં રહી મ્લાન થયેલું. કડી ૫, ૬, ૭ માં ફૂલના ગુણ વર્ણવ્યાછે ને સમાજદૂષિત મનુષ્યના દુર્ગુણના વિરોધમાં મૂક્યાછે. આ રીતે જનમણ્ડળની સ્થિતિ જોવાથી ઉત્પન્ન થતી વૃત્તિને લીધે જ,–મનુષ્યદુષ્ટતાથી ઉત્પન્ન થતાં નિર્વેદ તથા ગ્લાનિ કાઢી નાંખી મનને શાન્તિ તથા સમાધાન આપવા–ફૂલની સાથે આનન્દખેલમાં દિવસ ગાળવાની ઇચ્છા ઉત્પન્ન થતી દર્શાવીછે.

મૂકયાછે. આ રીતે જનમણ્ડળની સ્થિતિ જોવાથી ઉત્પન્ન થતી વૃત્તિને લીધે જ,—મનુષ્યદુષ્ટતાથી ઉત્પન્ન થતાં નિર્વેદ તથા ગ્લાનિ કાઢી નાંખી મનને શાન્તિ તથા સમાધાન આપવા—ફૂલની સાથે આનન્દખેલમાં દિવસ ગાળવાની ઇચ્છા ઉત્પન્ન થતી દર્શાવીછે.

કરેણા.—પૃષ્ઠ ૩૪.

પાછલા કાવ્યમાં કહેલા ભાવનો કાંઇક સંબન્ધ આ કાવ્યમાં પણ છે. જનસમાજના બંધારણમાં જ કાંઇક મનુષ્યના હૃદયમાં દોષ ઉત્પન્ન કરવાનું વલણ રહેલુંછે. તેથી ઉલટું પ્રકૃતિની સ્વાભાવિક અવસ્થામાં—સમાજનાં કૃત્રિમ બન્ધનથી મુકત રહી ઊછરવામાં—નિર્દોષ, આનન્દમય હૃદય ઉત્પન્ન કરવાનું વલણ છે. આ વિચારો પ્રકૃતિની પ્રેમમય ઉછેરમાં ઊછરતાં કરેણાનાં ફૂલની આનન્દમય મૂર્તિ જોવાથી સ્ફુરેલા કાવ્યને અન્તે સૂચવ્યાછે.

આસપાસ સર્વત્ર સૂકી પથ્થરની પર્વતમય ભૂમિમાં ન્હાના વ્હેળાના પટમાં જથાબંધ, ગુલાબી રંગના છાંટાવાળાં, કરેણાનાં ફૂલના છોડનાં ઝૂમખાં ને ઝૂમખાં એકાએક જણાઈ આવેલાં વર્ણવેલાંછે. સ્હવારનો સમય છે. શોલાપુર જિલ્લાના માળશિરસ તાલૂકામાંના એક પ્રદેશમાં આ દૃશ્ય નજરે પડયું હતું.

કડી ૨, ચરણ ૨. પ્રભાતના સૂર્યનું તેજ એ કરેણાનાં ફૂલ ઉપર પડેલું તે.

કડી ૩, ચરણ ૨. પ્રકૃતિ—પ્રકૃતિયે. તૃતીયાનો પ્રત્યય લુપ્ત. લઘુસ્રોત ઉપર શીળી વૃક્ષઘટા રચીને પ્રકૃતિયે અતિ પ્રેમભેર અહિં ન્હાનો સરખો બાગ રચ્યોછે, ત્યહાં આ ફૂલનો રંગ મચ્યોછે.

વ્હેળા કિનારે ઝાડની ઘટા—સ્વાભાવિક બાગજેવી;—અને તે પાસે પટમાં કરેણાનાં ભોથાં;—એમ સ્થિતિ છે.

કડી ૪. કરેણાનાં ફૂલને વિશે ગિરિદેવીઓની સંભાવના કરીછે. જાણે (ઉપર કહેલા સ્વાભાવિક) બાગમાં રમવા માટે પર્વતની ટોચ ઉપરથી ગિરિદેવીઓ ઊતરી આવી ના હોય ! એમ આ ફૂલનું મણ્ડળ દેખાયછે. શકે=જાણે કે; સ. શઙ્કે ઉપરથી; આ શબ્દ પ્રેમાનન્દ વગેરેની કવિતામાં રૂઢ છે.

કડી ૫. સહુને--સર્વ ફૂલને-જહિં-જે વખતે. જે વખત-સમીર ચૂમે તે વખતે પ્રત્યેક કુસુમ ઉપર મન્દ સ્મિત રમે.

ચરણ ૩. સમે=પેઠે.

## આશાપંખીડું-પૃષ્ઠ ૭૫.

મનુષ્યનું જીવન આશાને આધારે ચાલેછે. પ્રત્યેક પ્રસંગે આશાભંગ થાય તો પણ વળી બીજો આશાનો વિષય પકડી આગળ ચાલેછે. આશા-પંખીડું ઊડયે જાયછે ત્હેની પાછળ મનુષ્ય દોડયે જાયછે. પરંતુ ખરું સ્વરૂપ આશાનું મૃત્યુની પેલીપાર ભાવિકાળની મ્હોટી આશાનું સાફલ્ય તે છે. આ તાત્પર્ય આ કાવ્યનું છે.

કડી ૭, ચરણ ૪. મ્હારેપ્રભાવ-મ્હારા પ્રભાવે-મ્હારા પ્રભાવવડે.

કડી ૮, ચરણ ૩ કપાળ=ખોપરી.

કડી ૧૧. ઉત્તરાર્ધ. ભાવિ પરકાળમાં સુખ અને આનન્દનું સ્વરૂપ હોવાને લીધે આનન્દમૂર્તિ ચન્દ્રમાં આશાપંખીડું જઈ રહ્યું કલ્પ્યુંછે. અને તે ભાવિકાળના આશાના સાફલ્યની સૂચનાઓ ચાંદનીની રાત્રિમાં આત્મામાં પ્રેરણારૂપે થવાથી આશાપંખીડાનું ગાન તે વખતે કદી કદી સંભળાતું કહ્યુંછે.

## વિધવાનો વિલાપ-પૃષ્ઠ ૭૮.

કડી ૧. 'રહી,' 'વહી,' 'રમે,' 'સૂતી,' એ સર્વે ક્રિયાપદોનો કર્તા 'ચાંદની' એ છે.

કડી ૩. ચરણ ૨. જ્યહાં દૃષ્ટિતણો અન્ત=ક્ષિતિજમાં.

ઉત્તરાર્ધ:-મતલબ કે વડઘટા એટલી ગાઢી કે સંપૂર્ણ અન્ધકાર અજ-વાળી રાત્રે પણ ત્યહાં રહેતો.

કડી ૪-૫. ચણ્ડપવન નીકળે ત્યહારે પાસેની નદીનું જળ હાલે જ એટલે તટતરુનાં પ્રતિબિમ્બ પણ જળમાં હાલે, તટ ઉપર ઝાડનાં પાંદડાં પણ હાલે જ, જળમાં ચન્દ્રનું પ્રતિબિમ્બ પણ હાલે જ, તે ઉપરથી પવન સાથે યુદ્ધ કરતા વડના ઝુંડનો ઘુઘાટ સાંભળીને એ સર્વે જાણે ભયથી કમ્પતાં કલ્પ્યાંછે. અને આમ થાય ત્યહારે શાન્તિમાં પણ ભંગ થાય જ તેથી ત્યહાં વસતી શાન્તિ પણ જાણે કમ્પતી હોય એમ કલ્પના કરીછે.

કડી ૫. ચરણ ૪. ચંદા=ચન્દ્ર.

કડી ૬. ચરણ ૪. ચંદા=ચન્દ્ર–જે'વી–જેમ–ચંદા (ચન્દ્ર) વાદળાંની ઘટામાંથી નીકળે, તેમ.

કડી ૭. ચરણ ૧ દૈવી દેહ–દિવ્ય દેહવાળી કોક સ્ત્રી.

કડી ૮. ચરણ ૩ તરુવૃન્દમાં સપ્તમીનો પ્રત્યય 'એ' લુપ્ત.

ચરણ ૪. ગતિ મન્દ–મન્દ ગતિયે (ચાલતી).

નૂતન વિધવા એક પોતાની ન્હાની પુત્રીને લઈ, જનસમાજની રૂઢિથી ત્રાસ પામીને, જગતનો ત્યાગ કરી ત્ય્હાંથી દૂર રૂ્હેવાને, ૨ ત્રેઅજવાળી મધ્યરાત્રે–જંગલમાં થઈને એક નદીકિનારે આવીને ઊભી છે, અને ત્ય્હાં પછી બેશીને વિલાપ કરેછે. આમ આ ચિત્રની પશ્ચાદ્ભૂમિ ચોપાઈવાળા પૂર્વ ભાગમાં મૂકીછે.

ગરબી—

કડી ૧. ચરણ ૧. વિપરીત–પોતાના પ્હેલાં પતિ મરણ પામ્યો માટે વિપરીત દુઃખ.

કડી ૨. ચરણ ૩. મોતે હરી લીધાં તે માણસો સાથે.

તેશું=તે સાથે.

કડી ૩. ચરણ ૧. ચંદા-ચન્દ્ર.

કડી ૫. ચરણ ૧. કેશશું–કેશ સાથે.

કડી ૭. ચરણ ૩. આટલો–આટલો પણ; જરાક પણ.

કડી ૯. ચરણ ૧. ચંદા–ચન્દ્ર.

કડી ૧૦.—વળી પાછી પુત્રી તરફ ફરીને આ કડીનાં તથા કડી ૧૧ મી નાં વાક્ય બોલેછે.

કડી ૧૨. આ કડીમાંનાં વાક્ય પોતાના મન સાથે જ વાત કરી ક્હેછે. તાજા વૈધવ્યના અસહ્ય દુઃખમાં ઉત્પન્ન થયેલી ઉન્મત્ત દશામાં, સંપૂર્ણ સુખ–લગ્નનું સુખ અને વૈધવ્ય દુઃખનો અભાવ, એ બે–ની સોત્કણ્ઠ આશામાં અશક્ય વસ્તુની ઉત્કણ્ઠા રાખીને એટલું જ

નહિં પણ ત્હેને સર્વથા શક્ય માનીને, પોતાની પુત્રી માટે અમર વર શોધી કાઢવાનો નિશ્ચય આ ઠેકાણે જણાવ્યોછે.

**નદનદીસંગમ.—પૃષ્ઠ ૪૩.**

એકલા પુરુષનું, કઠણ પ્રસંગોથી ભરેલું, જીવન તે આ કાવ્યમાંનો નદ છે; અને તેમ જ સ્ત્રીનું સરળ આનન્દમય જીવન તે નદી છે. એ બંને જીવન લગ્નમાં મળી નદનદીસંગમ થઇ, પુરુષનું કઠણ સંસ્કારયુક્ત જીવન કાંઇ કોમળ રૂપ પકડેછે અને સ્ત્રીનું મૃદુ જીવન કાંઇ સબળ રૂપ પકડેછે (કડી ૭ નું ઉત્તરાર્ધ જુવો). તે જીવન એકત્ર થઈ, એ સંગમનો પ્રવાહ આગળ કહ્યા ચાલ્યો તે જણાયું નહિં (કડી ૮ પૂર્વાર્ધ); મતલબ કે ભવિષ્યની સ્થિતિ ન જ જણાય તે ન જણાઈ. પરંતુ દૂર દૂરની ભાવિસ્થિતિ તો જણાઈ;—ઘણે દૂર પડેલો સિન્ધુ—પરકાળમાં અનન્તદશાનો સિન્ધુ—તે જણાયો, અને ત્હેમાં એ નદનદીસંગમ ભળ્યો, છતાં વ્યક્તસ્વરૂપે જુદે પ્રવાહે વ્હેતો રહ્યો. (પરકાળમાં અનન્તત્વમાં રહી આત્માઓની વ્યક્ત સ્થિતિ આ રીતે સૂચવાયછે.)

પ્રથમ ત્રણ કડીમાં પુરુષના કઠણ પ્રસંગોને અનુરૂપ નદપ્રવાહનાં અંગ કહ્યાં છે; તેમ પછીની ત્રણ કડીમાં સ્ત્રીના કોમળ જીવનનાં અંગને અનુરૂપ નદીપ્રવાહનાં અંગ કહ્યાં છે.

**કર્તવ્ય અને વિલાસ.—પૃષ્ઠ ૪૫.**

કડી ૧. ચરણ ૨.

બે—કાન્તિ અને નયન, એ બે વાનાં; ચરણ ૩ માં 'રાખે' એ ક્રિયાપદનો કર્તા.

ચરણ ૪. મૃદુ—કોમળ અંગને લીધે, સબળ—માંદ્યિથી છૂટકું કઠણ તેથી.

કડી ૨. ચરણ ૧. જગપતિ—(તૃતીયાનો પ્રત્યય લુપ્ત) જગપતિયે.

ચરણ ૪ આજ્ઞા-કર્તવ્યની.

કડી ૩. ચરણ ૨. અહિં થકી-આ પાર્થિવ જીવન પછી

ચરણ ૩. ત્યહાં-એ પરકાળની સ્થિતિમાં.

કડી ૪. સન્ધ્યાશિખર-પશ્ચિમમાં સન્ધ્યાના દેખાવની ટોચ.

કડી ૫. ચરણ ૬. કનકગિરિ-સન્ધ્યાકાળનાં સૂર્યકિરણથી ઝગકતાં વાદળાંનો પર્વત.

ચરણ ૪. ઝાંખે-( કર્તા 'ભૂમિ');—ઝાંખી આછી જણાય.

કડી ૪ તથા ૫ માં સન્ધ્યામેઘ પાછળ રહેલી ભૂમિ કહીછે તે વસ્તુતઃ પરભૂમિ નહિં; પરંતુ એ સમયનો અદ્‌ભૂત દેખાવ પોતાના સૂચક સ્વરૂપે પરભૂમિનું ભાન કરાવેછે તેથી જાણે તે પાછળ જ એ ભૂમિ છે એમ કલ્પના કરીછે. માટે જ કડી ૬ ના પૂર્વાર્ધમાં સંશયવાદીના મતનો ઉલ્લેખ એ વચનદ્વારા કર્યો છે. " સ્વપ્નાં સકળ તુજ એ તો કવિપણાં " જેવા પ્રકારનું સત્ય જોનાર તથા દેખાડનાર કવિત્વને ભ્રમાત્મક માનનારને મતે " કવિપણાં " = ભ્રાન્તિ એમ આ ઠેકાણે છે ' તૃષાથી પીડાયલાં હરણાં સૂકા અરણ્યમાં મીઠું જળ દેખેછે, ( ઝાંઝવાનાં જળ, મૃગતૃષ્ણા, દેખેછે, ) તેમ મનુષ્ય પણ પૂર્ણ સુખની તૃષ્ણાથી ખારા સંસારમાં સુખ ન મેળવી કલ્પિત પરકાળના સુખનાં સ્વરૂપ ભ્રાન્તિની કલમે આલેખે છે; એમ સંશયવાદની તકરાર આ ઠેકાણે ( રદ કરવા માટે જ) ઉલ્લેખી છે.

## વિપદમાં ધારણ કરનાર બળ—પૃષ્ઠ ૪૭.

સૃષ્ટિની અચેતન અને નિરાધાર જણાતી વસ્તુઓને સંકટમાં આધાર કોણ છે ? ઈશ્વર. તો તે દૃષ્ટાન્ત લઈ મનુષ્યે વિપત્તિમાં પોતાને નિરાધાર ન માનતાં શાન્ત આનન્દયુક્ત રહેવું, આ તાત્પર્ય આ કાવ્યનું છે.

**મિશ્ર થયેલી બે છાયા.**—પૃષ્ઠ ૪૮.

આ જીવનનું તથા આ જીવનમાંના મનુષ્યસંયોગનું અસ્થાયિપણું ચાંદનીમાં એકઠી થયેલી છાયાથી સૂચવેલું આ કાવ્યમાં છે.

**સંસ્કારોદ્બોધન.**—પૃષ્ઠ ૪૮.

પૂર્વકાળમાં થયેલા અનુભવની મન ઉપર પડેલી છાપ (= સંસ્કાર) ત્હેનું ઉદ્બોધન. જાગૃત થવું;–કોઈ તે અનુભવની સાથે જોડાયલી વસ્તુનું ફરી પ્રત્યક્ષ થવાથી પૂર્વ વાતનું સ્મરણ થવું તે

કડી ૨. પૃ ૪૯.

ચરણ ૧. કરંતી સ્નાન –' રાત્રિ '—નું વિશેષણ છે.

કડી ૩ જાતિન્યાય—પોતાની (ભૂતડાંની) જાતિનો ન્યાય (ધારો રિવાજ); અન્ધકારની બ્હાર્ય ન જવું તે રિવાજ.

નિષિદ્ધસ્થળ—જાતિન્યાયે નિષેધ (મના) કરેલા સ્થળમાં–પ્રકાશવાળા (ચાંદનીવાળા) સ્થળમાં.

કડી ૫. પ્રત્યેક મહિને ચન્દ્ર પોતાનું બિમ્બ ક્ષયવૃદ્ધિથી પ્રકાશથી ખાલી કરેછે ને ભરેછે, તેથી બિમ્બ તે ચન્દ્રનો કુમ્ભ ગણી કલ્પના કરીછે. તાત્પર્ય કે બાર માસ વીત્યાછે.

કડી ૮. પૃ ૫૦. લાહી—પામી.

કડી ૯. ચરણ ૪. છાતું સુખ થવાનું કારણ નીચે કડી ૧૦ તથા ૧૧ માં બતાવ્યું છે.

**લગ્નસમયે એક કુસુમપાત્રની ભેટ મોકલતાં.**—પૃષ્ઠ ૫૧.

કુસુમપાત્ર=Flower-Vase; ફૂલ અથવા ફૂલના ગુચ્છા મૂકવાનો પ્યાલો.

કડી ૧. મનુજરચિત બન્ધુ—મિત્ર, વગેરે.

**અભિનન્દનાષ્ટક.**—પૃષ્ઠ ૫૩.

બેસતા વર્ષના પ્રસંગે અભિનન્દન ( મુબારકબાદી ) આપતાં લખેલું.

કડી ૨. સુખવાડીમાં ફૂલ વીણતાં ફરતાં કદી કંટક હાથ પગમાં વાગે,—મતલબ કે—સંસારમાં સુખસંપાદન કરવાના માર્ગમાં કદી અડચણો, પીડાઓ, વગેરે આવી પડે,

તો—અસ્વસ્થ ન થતાં—રૂડા વૈદ્યનો ઉપચાર કરજો; એટલે ધર્મબોધ કરે હેવા પુરુષ અથવા પુસ્તકનો આશ્રય લેજો કે જેથી વ્રણ ( ઘા—કાંટાથી થયેલા )—સંસારમાંની પીડા, શમી જાય.

કડી ૪. હર્ષના ભેગો શોક થવાનું કારણ નીચે કડી ૫ માં બતાવ્યુંછે.

કડી ૫. પૃ. ૫૪. તે ધર્મની મૂર્તિ—પિતા.

કડી ૬. ચરણ ૩. આ રચના—આ કાવ્યની રચના ( પૂરી નથી કરી એટલામાં. )

ચરણ ૪. ઘટના-ઇન્દ્રધનુષ્યની રચના ( બધી લુપ્ત થઈ ગઈ ). આ ઉપરથી જ જગતનાં સર્વ સુખની નશ્વરતા સૂચવાયછે, તો પછી ( કડી ૭. ચરણ ૧. ) મનમાં શોક શું કામ ધરવો ?

## પ્રેમી જનનો મંડપ.—પૃષ્ઠ ૫૫.

મુંબાઈમાં વિક્ટોરિયા ગાર્ડન્સમાં એક મંડપમાં એકમેક સાથે મળીઓ ગૂંથીને ઉગેલાં ઝાડ છે; હેને Lovers' Bower એમ નામ આપ્યું હતું તે જોઇને આ કાવ્ય પ્રેરાયલુંછે.

## વસન્તની એક સાંઝ.—પૃષ્ઠ ૫૭.

કડી ૨. પવન પોતાની પાંખ ઉપર, કોઈ પણ ન સાંભળે હેવું ઝીણું ગાન વહીને મ્હારા અંતરમાં ભરેછે. આ સમયે હૃદયમાં અલૌકિક શાન્ત આનન્દલ્હેર પવન સીંચેછે તે જ આ ગાન. એ સુખ તે જ ગાન.

કડી ૩. ચરણ ૧. પવન મ્હારા હૃદયમાં અનેક રમ્ય છબિયો ચીતરેછે.—એ સુખદ પવનથી હૃદયમાં અનેક રમ્ય વિચાર આવેછે.

ઉત્તરાર્ધ—અહિંની આ વખતની શાન્તિ તે ત્હારૂં જ સ્વરૂપ હોય એમ લાગેછે.

**ગાનસરિત.—પૃષ્ઠ ૫૮.**

કડી ૨. પૃ. ૫૯

ચરણ ૩. પવનની લ્હેર તરુને ચૂમે.

કડી ૫. ચરણ ૪. બીજી સરિત,—કેઈ તે નીચે કડી ૬ માં બતાવ્યુંછે.

**ત્હારી છબિ નથી.—પૃષ્ઠ ૬૦.**

કડી ૪. પૃ. ૬૧.

ચરણ ૩. સ્મિતસખી–સ્મિતની સખી. સ્મિત થાય તે વખતે ગાલે ખાડા પડે તેથી ગોળ લહરી–ગોળ ખાડો ( લહરી-પ્રવાહમાં થતી તરંગની લ્હેર, ત્હેના જેવો ખાડો માટે ). રમે–લીલાથી થાય અને જાય.

**હુનાળાના એક ંહેરોડનું સ્મરણ.—પૃષ્ઠ ૬૨.**

કડી ૧. ચરણ ૪. ઉષા—પ્રભાતનો સમય ( તે સમયનું પૂર્વાકાશ) રૂપક આપી વેદસમયમાંથી ઉષા દેવીરૂપે મનાયલીછે. ઉષા પણ જાગતી સૂતી હતી=પ્રભાત પણ પૂરું ઝળકવા ન્હોતું માંડયું.

કડી ૩. ઉત્તરાર્ધ—રૂપાના આકાશ તરફ જોતાં જોતાં ત્હેનું સૌન્દર્ય તે હાસરૂપ જ જણાઈ જાણે પ્રતિહાસ ના હોય એમ કલ્પના કરીછે.

તેમ જ—

( કડી ૫. ચરણ ૪. અહિં પણ )—તારા ઉપર નજર જતાં, તારાએ જાણે નજર નાંખી હોય એમ કલ્પ્યુંછે.

**શિયાળાનું એક સ્હવાર.**—પૃષ્ઠ ૬૩.

કડી ૨. ઉત્તરાર્ધ.—રવિના તેજમાં પંખી ઊડતાં તે પ્રકાશના સાગરમાં ન્હાતાં હોય એમ જણાતાં.

કડી ૫. પૃ. ૬૪.

ઝાડના જથામાં સૂર્યનો પ્રકાશ તથા ઝાડનો છાંયડો મળી ચિત્ર જેવું થયેલું; તે ચિત્રરચના ઉપર તરુવૃન્દ ઊભેલું પણ ગણાય.

કડી ૧૦. પૃ ૬૫.

ભૂતભાવિખેલ–ભૂતકાળના તથા ભવિષ્યકાળના ખેલ,–કાળની રમત; તે કાળમાં થયેલા તથા થનાર વૃત્તાન્ત.

કડી ૧૧. ચરણ ૨. પ્યારી—ચુમ્બતોનું કર્મ ચરણ ૩ સુખમૂળ–આ શુકયુગ્મનું સુખ આપનારું ઉદાહરણ. ચરણ ૪. તે–અનુકૂળ=ત્હેને અનુકૂળ, ત્હેના જેવું.

**કોયલનો ટહુકો.**—પૃષ્ઠ ૬૫.

બીજો ટહુકો—કોયલનો ટહુકો સાંભળી હૃદયમાં થતો આનન્દનો પ્રતિધ્વનિ, આનન્દની ઊર્મિ.

શીળી ચાંદની ઇત્યાદિ—જ્હાં–જે સિન્ધુમાં.

આનન્દસિન્ધુનું સ્વરૂપ પ્રથમ પંક્તિમાં જણાવ્યુંછે

આનન્દસિન્ધુ ઝાંખવો—એટલે આનન્દ પ્રાપ્ત કરવો. આનન્દ એ વસ્તુ તો શાશ્વત છે, પણ માણસ ત્હેને કોઈ કોઈ વાર ઝાંખેછે ત્ય્હારે આનન્દનું ભાન થાયછે, એમ કલ્પના કરીછે.

**મધ્યરાત્રિયે કોયલ.**—પૃષ્ઠ ૬૬.

વિષમહરિગીત–માપમાટે 'આનન્દઓવારા' (પૃ. ૩૧) ની ટીકા (પૃ. ૧૦૮) જુઓ.

કડી ૧. ચરણ ૩. વહે—નો કર્તા 'સમીર', કર્મ 'રવ'.

કડી ૩. ચરણ ૩ ત્હેણે-પૂર્વાર્ધમાં કહેલી વાદળી ને ચાંદનીની સ્થિતિયે

મતલબ કે આ સુન્દર રચનાથી ત્હારા કંઠમાંથી મીઠું ગાન સહજ નીકળી આવેછે, આનન્દમય વૃત્તિને લીધે.

ચરણ ૪. આ શાન્તિ અધિક વધારતું;—જેમ ગાઢ અન્ધકારમાં પ્રકાશ જરાક ચમકી જતો રહેવાથી અન્ધકાર સવિશેષ પ્રબળ લાગેછે, તેમ સંપૂર્ણ શાન્તિમાં ક્ષણવાર ટહુકો આવીને શાન્તિનું જોર વધારે ( પડછાએ કરીને ) દેખાડી આપેછે.

કડી ૯. ચરણ ૩. રખે ને અહિં પસરેલી શાન્તિ બધી જતી રહે ( પળે-ન્હાસે ) એમ ધારીને ( જ જાણે ) પવન મન્દ પગલાં ભરેછે, ધીમે ધીમે ચાલેછે.

કડી ૫. ચરણ ૩ સીંચે-નો કર્તા ' ગાન ', કર્મ ' મોહની '.

આ કાવ્યમાંના સૃષ્ટિ દર્શનને જ ઉપાદાન રૂપે લઇને પૃ. ૧૨ પે ' દિવ્ય ટહુકો, ' છે તે રચાયું છે. આ કાવ્યમાં માત્ર તે દર્શનથી થતો ઉલ્લાસ છે; ત્યારે પેલામાં તે ઉપરથી ઉપજાવેલું તત્ત્વચિન્તન છે.

**રાત્રિયે કોયલ.**—પૃષ્ઠ ૬૭.

કડી ૩. પૃ. ૬૮.

ચરણ ૨. લાવ્યો—નો કર્તા ' રવ, ' કર્મ ' અમીરસ '.

કડી ૪ ચન્દ્રમાં ગાનનદી વ્હેતી,-એમ ચન્દ્રનું લાવણ્ય અને ગાનનું માધુર્ય એ બંને સુંદરતાદ્વારાએ સજાતીય જ ગણીને કલ્પનાબળે માનેલુંછે.

આ કાવ્ય પણ તરત પાછળ ગયેલા ' મધ્ય રાત્રિયે કોયલ ' એ કાવ્યમાંના બનાવ ઉપરથી જ રચાયલું છે.

**વસન્તમાં એક સ્હવારનો સમય.**—પૃષ્ઠ ૬૮.

પ્રાચીનતમ સમયમાં—વેદકાળમાં— ઉષા, મરુત્, પર્જન્ય,

ઇત્યાદિકને દેવતારૂપે વર્ણેલાંછે તે કવિત્વની દૃષ્ટિયે તે તે સૃષ્ટિસ્વરૂપને પ્રત્યક્ષવત્ જોઈને જ; અથવા શ્રદ્ધાથી હોય તો પણ, સૃષ્ટિનાં સ્વરૂપો જોઈને હૃદય ઉપર કાંઈ પણ અસર ન થવા કરતાં, આમ સહૃદયતા અને કવિત્વની વૃત્તિ ઉત્પન્ન કરનારી પ્રાચીન આર્યશ્રદ્ધા વધારે કીમતી છે આ ભાવ આ કાવ્યનો છે. તેથી જ " ઊડીને ગયા દિવસ પ્હેલાંના લાગે " ઇત્યાદિ કહ્યુંછે.

કડી ૩. ઉત્તરાર્ધ ઋગ્વેદ ૭-૭૫-૬. જુઓ.

કડી ૪ પૂર્વાર્ધ. ઋગ્વેદ ૧-૬૪-૮ જુઓ.

ઉત્તરાર્ધ. ઋગ્વેદ ૫-૮૩-૭. જુઓ.

**હૃદયપ્રતિબિમ્બ.**—પૃ૪ ૬૯.

આ કાવ્ય તથા ઉપર તરત ગયેલું કાવ્ય એ બંને એક જ દેખાવથી હૃદયમાં પ્રેરિત થયેલાંછે.

કડી ૧. ઉત્તરાર્ધ—આમ તેમ દોડતી વાદળિયો તે જાણે સંદેશા લઈ જતી હોય એમ સંભાવના કરીછે.

કડી ૨. ચરણ ૨. ઊભો—હું.

કડી ૩. ચરણ ૧. તરતાં તરંતાં—તરવાની ક્રિયા કરનાર-હું.

કડી ૪. પૃ ૭૦.

ચરણ ૧. પાછું—આંખ્યો મીંચેલી છતાં, ફરી ( બ્હારચનું આકાશ વગેરે રચનાથી ભિન્ન ) મનની નજર આગળ એ જ રચના દેખાઈ.

ચરણ ૪. પ્હેલી મૂર્તિ—બ્હારચની રચના. આ—મનની અંદર ઊભી થયેલી રચના.

કડી ૫. ચરણ ૨. ફૂંકો વહો અનિલ—જળપટમાંનું પ્રતિબિમ્બ પવન વહાથી ભૂસાઈ જાયછે તેમ, આ હૃદયમાં પડેલી છબિ, વિરુદ્ધ વિચાર ઉત્પન્ન થઈ, જતી રહી.

## એક નદી ઉપર અજવાળી મધ્યરાત્ર.—પૃષ્ઠ ૭૧.

કડી ૧. ચરણ ૧. ચંદશું—ચંદ સાથે. ચરણ ૨. તેહ-ઉછંગ—સરિતને ઉછંગે. એક ન્હાનો વ્હેળો નદીને મળતો તે આ ઠેકાણે વર્ણવ્યોછે.

કડી ૨. રજતકૂર્ચ—રૂપાનો કૂચડો.

કડી ૬. 'મધ્યરાત્રિયે કોયલ' ( પૃ. ૬૬ ) ની કડી ૩ ચરણ ૪ ઉપર ટીકા ( પૃ. ૧૧૯ ) જુઓ.

કડી ૮. ચરણ ૧. યુગનાદ—સરિતા તથા વ્હેળિયાના (બેના) નાદ. ચરણ ૨. રવઘટના—એ બે રવ ( નાદ ) નું મિશ્રણ.

કડી ૯. પૃ. ૭૨.

ચરણ ૨. સત્ત્વ—તે સ્થાનનો જીવાનુભૂત આત્મા. Spirit ( of the scene ).

કડી ૧૧. ચરણ ૨.—એટલે—એ પ્રતિબિમ્બનું શબ્દમાં શી રીતે વર્ણન થાય ?

## ટેકરિયોમાં એક સાંઝનો સમય.—પૃષ્ઠ ૭૨.

કડી ૨. ચરણ ૧. ઉચ્ચભૂમિ—' ઘેરી ' નું કર્મ.

પૃ. ૭૩. કડી ૪. ' ધારે '—નું કર્મ 'શાન્તિશૂન્યતાપૂર'. 'સીંચ્યું'—ભૂતકૃદન્ત, ' પૂર 'નું વિશેષણ.

' વૃક્ષ '—' ધારે ' ( અધ્યાહૃત ) નો કર્તા.

કડી ૮. શકે—જાણે ( ઉત્પ્રેક્ષાવાચક ). 'નિરખે' નું કર્મ 'શાન્તિ'.

કડી ૧૨-૧૩. ' મધ્યરાત્રિયે કોયલ ' (પૃ, ૬૬) ની કડી ૩, ચરણ ૪. ઉપર ટીકા ( પૃ. ૧૧૯ ) જુઓ.

કડી ૧૪. મધ્યરજનિ— ( સપ્તમી ) મધ્યરાત્રે.

## કોયલ—પૃષ્ઠ ૭૪.

આ ન્હાના કાવ્યમાં,—મનુષ્યભિન્ન ઈતર સૃષ્ટિ, મનુષ્યની પ્રશંસા કે નિન્દાથી નિરપેક્ષ, પોતાની રુચિને અનુસરીને જ, સર્વ વ્યવહાર કરેછે,–તે ભાવ છે.

કડી ૨. ચરણ ૨. એહશું—વનવેલી સાથે.

પ્રત્યેક કડીના ચોથા ચરણમાં—તહમનેં=મનુષ્યને.

**રાત્રિ.**—પૃષ્ઠ ૭૫.

આ કાવ્યમાં પણ ઉપર ગયેલા કાવ્યની પેઠે જ પ્રકૃતિનાં સ્વરૂપોનો મનુષ્યની રુચિનિરપેક્ષ વ્યવહાર દર્શાવ્યોછે; પરંતુ એટલો વિશેષ છે કે જો સહૃદય થઈ મનુષ્ય પ્રકૃતિનાં તે તે સ્વરૂપના સત્વ જોડે યોગ રાખે તો ત્હેને આનન્દ મોહ ઇત્યાદિ ઉપજાવેછે તેટલે અંશે મનુષ્યના ચિત્તને મોહ પમાડવા—"કવિજન-ચિત ચોરવા" (કડી ૧૦ ઉત્તરાર્ધ)—પ્રકૃતિ વ્યવહાર કરેછે.

પ્રકૃતિના સત્વ સાથે સહૃદયતાથી યોગ રાખનાર તે જ 'કવિજન.'

કડી ૫. 'હોડે'—નું કર્મ 'શાલ'.

કડી ૭. સૂર્ય અને ઉષાનો સંયોગ થાયછે એટલે (પ્રભાત મટી સૂર્યોદય થતાં) રાત્રિ જતી જ રૂહેછે, એ ઉધાડું જ છે.

કડી ૯–૧૦ માં રાત્રિયે આપેલો (કલ્પિત જ) ઉત્તર છે

**સૂર્યોદય.**—પૃષ્ઠ ૭૭.

કડી ૧. ચરણ ૨ આંસુડાં ઢાળતી–ઝાકળ પડતાં તે.

ચરણ ૩. પ્રિયા–કુમુદિની.

ચરણ ૪. અસ્ત પામતે પામતે જાણે ધીમો જતો જણાય છે.

કડી ૨. ચરણ ૧. બિમ્બ–સૂર્યનું.

ચરણ ૨. ઉદયશિખર–(સપ્તમી); મસ્તકમણિશું–જેવું

ચરણ ૩–૪. કેસર તે જ હાસ, અને ગુંજાર તે જ ગાન.

આ સંસારમાં એક જ વખતે એક ઠેકાણે આનન્દોત્સવ તો બીજે ઠેકાણે શોકવિલાપ-એ ધ્વનિ આ ચન્દ્રકુમુદિનીવિયોગ અને રવિ-કમલિનીસંયોગની એકકાલીનતાથી થાયછે.

**સન્ધ્યા.**—પૃષ્ઠ ૭૮.

કડી ૧. જ્વાળા–સૂર્યાસ્તના પ્રકાશની.

કડી ૯. ઠુંજ–ચંદાની.

કડી ૧૧. જોતી–નો કર્તા ' ભૂમિ ' ( કડી ૧૦ ).

કડી ૧૨ રંચી–પર્વતમાળ રચી.

ભ્રમ દેતી–પર્વતમાળ તે મેઘની ભ્રાન્તિ દેતી.

કડી ૧૯. પૃ. ૮૦. બિમ્બ–પ્રતિબિમ્બ.

**મેઘાડમ્બર.**—પૃષ્ઠ ૮૦.

કડી ૧. જળતેજ—' મેઘવૃષ્ટિવાળી એક સાંઝ ' ( પૃ. ૧૫ ), કડી ૧ ની ટીકા ( પૃ. ૧૦૩ ) જુઓ.

નભમંડળ–( સપ્તમીનો પ્રત્યય લુપ્ત )–નભમંડળમાં.

કડી ૬. (પૃ. ૮૧.)

ઉત્તરાર્ધ—ગર્જનરવ સાંભળીને તરત હૃદયમાં રહેલા જ ગમ્ભીર ભાવના ધ્વનિ ઊઠે તે જ ' હઇડે બીજું રવનૃત્ય વિરાજે. '

કડી ૭, ' આલિંગી લે '–નો કર્તા–' ઘનઘટા, ' કર્મ–'ભૂમિગોળ '

## **લાગટ હેલી ઊઘડતી વખતની રચના.**—પૃષ્ઠ ૮૨.

કડી ૧. દ્યૌદેવી=આકાશ.

કડી ૨. પાદ=કિરણ; અને ચરણ, પગ.

કડી ૫. ( પૃ. ૮૩. )

' પવનતુરંગ પલાણીને'—આ રૂપક બુદ્ધિપ્રકાશ ૧૮૮૩ ના સપ્ટેમ્બર માસમાં ' વર્ષાવર્ણન ' માં–' પવન અશ્વ પલાણી આવ્યા '—એ લીટી ઉપરથી લીધા જેવું જણાશે. પણ તે વાંચ્યાનો સંસ્કાર

રહીને અજાણતાં જ આમ લખાયું હોય તો કોણ જાણે-બાકી આ રૂપક એકાએક જ સૂઝતાં પુર્વના રૂપકનો વિચાર પણ મનમાં ન્હોતો.

કડી ૮, ૯, ૧૦ માં ' નાગો વરસાદ ' ચાંદનીમાં પડતો વર્ણવ્યો છે.

કડી ૧૭. (પૃ. ૮૪) ઉત્તરાર્ધ-

તેઉછંગે—ત્હેને (ધીદેવીને) ઉછંગે.

કડી ૨૦. તૃણતૃણ—તૃણે તૃણે.

ધારી—નો કર્તા-'ભૂમિ'. કર્મ-'વર્ષાબિન્દુ.' મરકતથાળ-લીલા પાનાની બનાવેલી થાળ; લીલાં તરણાંવાળી ભૂમિ તે જ પાનાની થાળ.

મોતીડાં—વર્ષાબિન્દુ તે જ.

કડી ૨૨. હૃદયમાં આનન્દનો ભાવ રમી રહેલો તે જ હૈયડાનો ગુંજાર.

**મેઘગર્જન.**—પૃષ્ઠ ૮૫.

કડી ૨. સમીરો-( બહુવચન ) ' આવી ' અને ' દે ' નો કર્તા.

કડી ૪. (પૃ. ૮૬.)

સુણી મન ઊઠે પ્રતિનાદ શો—કેકા તથા મેઘનાદ સાંભળીને મનમાં ગમ્ભીર આનન્દની ઊર્મિ ઉત્પન્ન થાય તે જ પ્રતિનાદ.

**પ્રભાત.**—પૃષ્ઠ ૮૬.

કડી ૨. કિરણો તે ગાય, અને ચન્દ્રનું બિમ્બ તે વાડો-એમ કલ્પના છે. ચન્દ્રનાં કિરણ તે હેની ગાયો એમ કલ્પના છે ત્હેનું મૂળ કાંઇક નીચેની ઋગ્વેદની ઋચાના સંસ્કારમાં છેઃ—

वदपप्तन्नरुणाः भानवो वृथा स्वायुजो अरुषीर्गा अयुक्षत । अक्रन्नुषासो वयुनानि पूर्वथा रुशन्तं भानुमरुषीराशिश्रयुः ।

(ઋગ્વેદ સંહિતા ૧-૯૨-૨.)

**અર્થ**:—' અરુણવર્ણ કિરણો આપોઆપ પ્રગટી નીકળ્યાંછે; હેમણે પોતાની મેળે જોડાનારી રાતી ગાયોને જોડીછે. ઉષાઓએ

પૂર્વની પેઠે હમારામાં જાગૃતિ આણીછે; રાતી ગાયોએ દીપ્તિવાળો પ્રકાશ ધારણ કર્યોછે.'

पशून् न चित्रा सुभगा प्रथाना सिन्धुर्न क्षोद उर्विया व्यश्वैत् ।

( ઋગ્વેદ સંહિતા ૧-૯૨-૧૨ )

**અર્થ**:—જુદી જુદી દિશામાં પશુઓને હાંકતી ના હોય,-અથવા કોઈ સિન્ધુ ( નદી ) પોતાના ઓઘ વહી જતી ના હોય,-તેમ એ તેજસ્વી સુભગ દેવતા (ઉષા)એ પોતાનાં કિરણો વિસ્તારથી ફેલાવ્યાંછે.

આ ઋચાઓમાં ઉષાનાં કિરણોને ગાયો અથવા પશુનું રૂપક છે; અને અહિં ચન્દ્રનાં કિરણોને ગાયો કહીછે.

કડી ૩. ચરણ ૧, ૨. તારકાહરણગોળું ન્હાસતું-એ કલ્પના અંગ્રેજી કવિ શેલીના Dawn નામના ન્હાનાસરખા કાવ્યમાંના એક રૂપક ઉપરથી આણીછે; અને વસ્તુતઃ એ બીજમાંથીજ આ ' પ્રભાત ' કાવ્યનો વિકાસ છે.

તે કાવ્ય નીચે પ્રમાણે છે:—

" The pale stars are gone !
For the sun, their swift shepherd,
To their folds them compelling,
In the depths of the dawn,
Hastes, in meteor-eclipsing array, and they flee
Beyond his blue dwelling,
As fawns flee the leopard."

( *Prometheus Unbound* )

અહિં તારાઓ અને સૂર્ય વચ્ચે ઘેટાં (અથવા ગાયો ) અને ભરવાડના સંબન્ધની પ્રથમ કલ્પના કરી, પછી સૂર્ય તે દીપડો અને તારા

તે હરણાં એમ કલ્પનાં આંખવામાં રૂપકાનો જરાક સંકર થઈ ગયોછે. પરંતુ ચન્દ્રનાં કિરણ તે ગાયો અને ચન્દ્ર તે ભરવાડ-એ રૂપકનું મૂળ આ કાવ્યના સંસ્કારમાં પણ કાંઇક હશે.

**મેઘ.**—પૃષ્ઠ ૮૭.

વાદળું (મેઘ) પોતે બોલેછે એમ કલ્પનાથી આ કાવ્યનો આરમ્ભ છે.

કડી ૨. ચરણ ૧.

માત ધરતી-પૃથ્વી તે કળિયોની માતા

કડી ૪. ચરણ ૨.

બરફ દેવદારનાં ઝાડ ઉપર પડે તેથી અવાજ થાય તે જ દેવદારુનું આરડવું.

કડી ૫. ( પૃ. ૮૮ ) ચરણ ૩.

ગુહા—ખુરજ નીચેની ગુફા.

કડી ૨૦. ( પૃ. ૯૧. ) ચરણ ૧.

ગોળ—સૂર્ય.

પૂર્વાર્ધ--સૂર્યના કિરણથી ઇન્દ્રધનુ થાયછે તેથી આમ કહ્યુંછે.

કડી ૨૨. ચરણ ૩.

પ્રભાઘંટ રચંત--તેજનો ઘંટ જેવો આકાર રચનારાં રવિકિરણો. રવિકિરણોનો સમુદાય સૂર્યમાંથી નીકળી ગોળ આકાશમાં ફેલાઈ પૃથ્વી ઉપર આવતાં એક મ્હોટો જાણે ઘંટ બનાવેછે,—અંતર્ગોળ આકાર બનાવીને.

પવનથી વાદળાં ઘસડાઈજાય તથા સૂર્યકિરણથી તથા વાતાવરણથી આકાશનો ભૂરો રંગ જણાય (વિજ્ઞાનશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે)-તેથી તે બન્ને મળીને આકાશનો ભૂરો ઘુમટ ઊભો કર્યો કહ્યોછે. વિજ્ઞાનની આ શોધ—આકાશના ભૂરા રંગના કારણની—શેલીના વખત પછીની જણાયાછે.

કડી ૨૩. ચરણ ૧.

દે'યડી—સંન્યાસી કે હેવો કોઈ દાઢ્યો હોય તે. ઉપર ચન્દ્રહાસ. મેઘ મરી નથી ગયો છતાં જાણે મરી ગયો ના હોય એમ હેના શબવિનાની દે'યડી—આકાશનો ઘુમટ—રચાયછે.

**ચંદા.—પૃ૪ ૯૧.**

આ કાવ્યમાં ચંદા બોલતી કલ્પીછે. '**મેઘ**' એ અંગ્રેજી ઉપરથી ભાષાન્તર જ છે. '**ચંદા**' એ હ્હેની નકલ છે.

કડી ૧. ચરણ ૪. ( પૃ. ૯૨. )

કર=૧. કિરણ ૨. હાથ.

કડી ૩. ચરણ ૪.

રૂપાનાં ફૂલડાં—તારા.

કડી ૫. ચરણ ૨.

રૂપા અને હીરાની ગેંદો—તારા આ કડીમાં ચંદ્રાનું તારામાં થઈને સંક્રમણ બતાવ્યુંછે.

કડી ૭. ( પૃ. ૯૩ ) ચરણ ૧.

નાવડું—અર્ધચન્દ્ર.

કડી ૧૫. ( પૃ. ૯૪. ) ચરણ ૧.

એક પર્વતરાજ—હિમાલય.

કડી ૧૯. ચરણ ૪.

દર્પણો—બરફનાં શિખરો તે જ.

કડી ૨૧. ચરણ ૧.

ત્ય્હાં વ્યોમ પૃથ્વી ચુમ્બતાં—ક્ષિતિજમાં.

કડી ૨૨. ( પૃ ૯૬ ) ચરણ ૨.

આ વ્હાલસોઇ દીકરી—હું ( ચંદા ).

કડી ૨૩. ચરણ ૪.

મુકુર-ચાટલાં, દર્પણ;-સરોવર, નદી, વગેરે જલાશય તે જ.

કડી ૨૬. ( પૃ. ૯૭. ) ચરણ ૩.

તારલો—શુક્રનો તારો તે જ તારો (મ્હોટો).

**અવસાન.**—પૃષ્ઠ ૯૭.

અવસાન—અન્ત; સમાપ્તિ.

Golden Treasury નામના અંગ્રેજી કાવ્યસંગ્રહના ચોથા ભાગના અન્તિમ કાવ્યનો જ ભાવાર્થ બહુધા આ કાવ્યમાં છે; માત્ર પ્રથમ કડીનો ભાવ અપૂર્વ છે.

કડી ૧. ( પૃ. ૯૭—૯૮. )

ચાંદની જેમ રસમય મીઠી પસરે છે તેમ પસરતું ગાન તે સાગરના ઉર્મને પણ ઝરણાંની પેઠે શાન્ત પાડતું કલ્પ્યું છે.

કડી ૩. ( પૃ. ૯૮. ) ચરણ ૩.

કાવ્યપ્રદર્શિત—આ 'કુસુમમાળા' માંનાં કાવ્યમાં પ્રદર્શિત કરેલા.

ચરણ ૪. હૃદયે—વાંચનાર સાંભળનારને હૃદયે.

32,039

કુસુમમાળાની ટીકા સમાપ્ત.